بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ


બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليه બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمة الله عليه



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

## બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧/ડિસેમ્બર/૨૦૧૬**

સફરુલ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ
હિજરી સન : ૧૪૩૮

વર્ષ : ૧૩, અંક : ૧૨, સળંગ અંક : ૧૫૬

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**
**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


### ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


01 મદ્રસાના ફારિગો સાથે કેટલીક વાતો ! 02
02 અહીં નોટબંધીના એલાનથી તો હોશ ઉડી ગયા ! પણ..... 03
03 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન 09
04 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 11
05 અસ્માઉલ હુસ્ના 13
06 હદાઈકે બખ્શિશ 17
07 કાનૂને શરીઅત 19
08 સીરતે રસૂલે મુખ્તાર صلى الله عليه وسلم 21
09 ઈસ્લામનું તલાક વિશે બંધારણ કુર્આન હદીષની રોશનીમાં 24
10 હઝરત દાતા ગંજબખ્શ ફયઝે આલમ رحمة الله عليه 28
11 હઝરત સૈયદશાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી رحمة الله عليه 33
12 મદ્રસાના ફારિગોમાં દઅવતી વિચારધારા તથા... 38
13 બાલ મુબારક પર વાંધો દર્શાવનારને જવાબ 43
14 બરકાતે ખ્વાજાની ટપાલ 48


## જશ્ને મીલાદ હમ મનાએંગે

જશ્ને મીલાદ હમ મનાએંગે રબસે સદકા નબીકા પાએંગે
દૂર દિલકી સિયાહી કરનેકો મેહફિલે નઅત હમ સજાએંગે
આજકી શબ હૈ રહમતોંકી શબ રબકી રહમતમેં હમ નહાએંગે
માંગના હૈ તો મદીના માંગો સદકએ મીલાદ વો બુલાએંગે
દેખકર કબ્રમેં હુઝૂરકો હમ નઅતે સલ્લિઅલા સુનાએંગે
મુઝકો ઝાલિમ ન સમઝના બેબસ મેરે આકા મુઝે બચાએંગે
અપની આંખોંકી હિફાઝત કરના અપના જલ્વા તુમ્હેં દિખાએંગે
અપને કાનોંકી હિફાઝત કરના મુઝદહ્ બખ્શિશકા વો સુનાએંગે
અપને હાથોંકી હિફાઝત કરના જામ કૌષરકે વો પિલાએંગે
કાશ ! ફર્મા દે હશરમેં આકા આ જા **'શાકિર'** તુઝે નિભાએંગે

# મદ્રસાના ફારિગો સાથે કેટલીક વાતો !

**પયગામે નૂરી**

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

અલ્હમ્દુલિલ્લાહ ! આજે જમાઅતે અહલે સુન્નતમાં બાસલાહિયત ઉલમાએ ઝી એહતેરામ (કાબેલ માનપાત્ર આલિમો)ની કમી નથી. આપણા ઈદારાઓથી દર વર્ષે હજારોની સંખ્યામાં તલબા ફારિગ થાય છે અને મદરસાઓ તથા મસ્જિદોમાં પોતપોતાની જિમ્મેદારીઓને સરઅંજામ આપતા જોવા મળે છે. પરંતું એક વાત ખાસ કરીને તેમની સોચ તથા તેમના દર્દ તથા અકળામણ પરથી જે મને સમજમાં આવે છે તે એ છે કે બદઅક઼ીદગી તથા બેઅમલીના તોફાનને સમાજમાં વધવાથી રોકવું ખૂબ જ મુશ્કેલ થઈ રહ્યું છે, નવયુવાનો તથા આમ લોકો ઉલમાએ કિરામથી તથા મસ્જિદોથી નજીક નથી થતા. અમે એમને કેવી રીતે નજીક કરીએ અને તેમને ઈસ્લામ પર અમલ કરવાના માટે કેવી રીતે તૈયાર કરીએ ?! દેશના વિવિધ વિસ્તારોના દૌરાઓ પછી નવયુવાન ઉલમામાં આ અજંપાની હાલત જોવા મળી, જેથી મેં વિચાર્યુ કે મારા અનુભવોની રોશનીમાં કેટલીક લાભદાયી વાતો રજૂ કરું, કદાચ એના પર અમલ કરવો આપણા માટે પણ અને પૂરી મુસ્લિમ ઉમ્મત માટે પણ લાભદાયી સાબિત થાય. જો નિખાલસતાપૂર્વક નચે જણાવેલ વાતો પર અમલની કોશિશ કરવામાં આવશે તો ઈન્શાઅલ્લાહ ! સારાં પરિણામો પ્રાપ્ત થશે.

**(૧)** આપણને અલ્લાહ ﷻએ ઈલ્મ અતા ફર્માવ્યો છે જેથી આપણે આપણા વજૂદ (સ્વજાત)ને અમલી સાંચામાં ઢાળવાની કોશિશ કરીએ, બાજમાઅત નમાઝ તથા સુન્નતોની પાબંદીની સાથે તિલાવતે કુર્આનની આદત પણ અપનાવીએ, કે કુર્આન મુક઼દ્દસમાં બે અમલોના બદલામાં મુસ્લેહીન (સુધારકો)ની કામયાબી તથા અજ્ર (બદલા)નો વાયદો ફર્માવવામાં આપ્યો છે :–

**وَالَّذِيْنَ يُمَسِّكُوْنَ بِالْكِتٰبِ وَاَقَامُوا الصَّلٰوةَ ۔ اِنَّا لَا نُضِيْعُ اَجْرَ الْمُصْلِحِيْنَ**

"અને તેઓ જેઓ કિતાબને મજબૂતીથી થામે છે, અને તેમણે નમાઝ ક઼ાયમ રાખી, અમે નેકોનું ફળ નથી વેડફતા. *(સૂ. અઅ્રાફ, આ. ૧૭૦)*

**(૨)** આપણાથી કોઈ પ્રભાવિત થઈને જો આપણી પાસે આવે તો સૌ પ્રથમ તેની ઈલ્મી તથા અમલી કમજોરી દૂર કરવાની કોશિશ કરીએ, ભલે એક જણ પણ કેમ ન હોય, અને ચાહે તેને તશહહૂદ (અત્તહિય્યાત) જ કેમ ન યાદ કરાવવું પડે. તેને ગુસ્લ તથા વુઝૂ અને નમાઝનો સંપૂર્ણ તરીક઼ો દુઆ વગેરે સહિત શીખવાડીએ.

**(૩)** બેકાર તથા નિરર્થક વાતોથી પરહેઝ કરીએ, ખાસ કરીને સમયનો વ્યય કરવાથી બચીએ. નજીક થનારાઓને આપણી વાણી તથા વર્તન થકી ઈલ્મી તથા અમલી શોખ અપાવીએ.

**(૪)** તેમની વૈચારિક સુધારણા પણ કરીએ, તેમની સાથે સદવર્તન સાથે વર્તીએ, અને કદી પણ આપણા આલિમ અને તેના જાહિલ હોવાનો ખયાલ ન કરીએ, બલ્કે હુઝૂર ﷺની સહનશક્તિ, માફી તથા દર ગુઝર, પ્યાર મહોબ્બત જેવી સુન્નતોને અપનાવીએ. રબ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો છે :

**فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ ۔ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَانْفَضُّوْا مِنْ حَوْلِكَ**

"તો કેવીક અલ્લાહની મહેરબાની છે કે હે મહબૂબ ! તમે એમના માટે નરમ દિલ થયા. અને જો તુંડમિજાઝ સખ્ત દિલ હોત તો તેઓ જરૂર તમારી પાસેથી વિખેરાય જાત." *(આલે ઈમરાન–૧૫૯)*

**(૫)** ઈખ્લાસ તથા લિલ્લાહિયતની સાથે પોતાની મસ્જિદમાં આસાન વધુ પેજ નં. ૨૩ પર

# અહીં નોટબંધીના એલાનથી તો હોશ ઉડી ગયા ! પણ.....

તંત્રી લેખ

તા. ૮–૧૧–૨૦૧૬ મંગળવારે રાતે આઠ વાગ્યે હિંદના વડાપ્રધાને ૫૦૦ તથા ૧૦૦૦ની નોટો કે જે લગભગ ૮૫% પબ્લિકના વહેવારમાં વપરાશમાં ચાલી રહી હતી તેની બંધીનું એલાન કરી આપ્યું જેના પછી હિંદુસ્તાનના લગભગ દરેક નાગરીકને તેમજ વિદેશી સહેલાણીઓને, તેમજ વતનથી દૂર કામકાજ અર્થે ગયેલા મુસાફરોને તેમજ ગામડા તથા શહેરની ગરીબ તથા મધ્યમ વર્ગની પ્રજાને કે જેમની પાસે ઘર વપરાશની ૫૦૦–૧૦૦૦ની નોટો હતી તેમની જે હાલત થઈ છે, તેને તો કોણે જોઈ છે ?! લોકો કામધંધા છોડી, બીમારો દવા લેવાને બદલે નોટો બદલવાના ટેન્શનમાં બેંકો બહાર લાંબી લાઈનોમાં ત્રાહિમામ પોકારતા, રડતા કકડતા તથા એકબીજા સાથે બાખડતા આથડતા પણ જોવા મળ્યા. આખા હિંદમાં અર્થ વ્યવસ્થા સાથે જીવન વ્યવહાર ખોરવાઈ પડયો. ઘર વપરાશની ચીજો ખરીદવા નોટો બદલવા માટે ચાલી પણ ન શક્તા કે ઉભા ન રહી શક્તા વૃધ્ધોને પણ નોટો ચેન્જ કરવાની કે જમા કરવાની લાઈનોમાં દોરાવું પડયું અને તેમાંય બેંકો નાણા વટાવનારાઓને પહોંચી શકી નથી બલ્કે લોકો રાતભર લાઈનોમાં રહેવા બેંકો પાસે રહ્યા એવા પણ સંજોગો ઉભા થયા અને એ ક્રમ આજની તારીખ ૧૭ નવે.ના પણ ચાલી રહ્યો છે. દિવસભર લાઈનમાં રહેવા છતાં નાણા નથી મળતાં ! બે દિવસ સુધી લાઈનમાં રહેવા છતાં નાણા ચેન્જ ન થતાં આપઘાત કરવાના, હાર્ટ ફેઈલ થવાના વગેરે બનાવો થકી આજરોજ ૧૮ નવે. સુધીમાં ૪૦ લોકોનાં મૃત્યુ થયાં ! આવું કદી નથી થયું ! આનો જવાબદાર કોણ ?! પરદેશથી આવેલા કે વતનથી દૂર મુસાફરોને જે મુસીબતો પડી તે તો તેઓ જ જાણે કે પૈસા હોવા છતાં ફકીરની જેમ લાચારી વેઠવી પડી અને ક્યાંક લંગરમાં ફકીરો જેમ જમવું પડયું ! છત્તે પૈસે ભીખારી બન્યા ! જેમ કે અજમેર શરીફમાં મુજાવરો થકી તથા અન્ય ઠેકાણે સેવાકીય સંસ્થાઓ થકી ખાવા પીવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તથા અન્ય રીતે સફરમાં જે તકલીફો પડી રહી હશે તે તો વેઠનારા જાણે ! ખૈર ! "નોટબંધીની કહાની" જે હશે અને જે થશે તે હજી સમય દર્શાવશે અને એમાં કોને ફાયદો કોને નુકસાન થયું કે થશે ? એ પણ આપણો વિષય નથી. એની ચર્ચા તો મીડિયામાં આપ જોતા સાંભળતા હશો અને હજી દિવસો સુધી સાંભળતા રહેશો.

## ચિંતન માટેની આ એક મહત્વની પળ !

અત્રે અમો દેશમાં થયેલ નોટબંધીના એલાનથી જે આઘાત પ્રત્યાઘાત પડયા તથા પડી રહ્યા છે, લોકો એલાન સાંભળતાં જ પોતાની પાસે રાખેલ રકમ કામકાજ અર્થેની કે સંગ્રહ કરેલી જે હશે તે, તેના એક રીતે નકામા થઈ જવાથી ગભરાટ અનુભવીને ત્વરીતપણે તેને ચેન્જ કરવાની કે બેંકમાં

જમા કરી દેવાની ફિકરમાં હોશ હવાસ ગુમાવી બેઠા. **એવું નથી કે કાળુ નાણુ જમા કરનારાઓ જ ગભરાય ઉઠયા બલ્કે મહેનતની કમાણીની જે રકમ જેમની પાસે હશે તેઓ પણ અને રોજની શાક રોટી તથા ઘરવખરી લાવવા માટે પણ લોકોને ફાંફાં પડી ગયાં. વળી મહા મુસીબતે ૫૦૦-૧૦૦૦ની નોટ બેંકમાંથી બદલી તો લાવ્યા પણ બે હજારની નોટના પણ છૂટા મળવા મુશ્કેલ પડી રહ્યું છે, એ પણ જોવા મળ્યું !** પચાસ સો બસો પાંચસોનું કાંઈ ખરીદો પણ ૨૦૦૦ના છૂટા કોણ આપે ? એની તકલીફ પણ વેઠનારાઓએ વેઠી.

ખૈર ! આ દુનિયા તો અમલો (કર્મો)નું ઘર છે, મુસલમાનનું તો ઈમાન છે કે કબર તથા કયામતની તથા આખેરતની હમેશાની જિંદગીની સરખામણીમાં આ જીવન ક્ષણિક ક્ષણભંગુર છે. મૃત્યુ બાદ કયામત સુધી કબરની (બરઝખની) જિંદગી છે જે કેટલી હશે સેંકડો વરસ કે કેટલાં તે રબ જાણે ! ત્યારબાદ કયામતનો એક દિવસ અહીંના ૫૦ હજાર વરસ જેટલો હશે ! અડધો દિવસ વહી ગયા પછી કેટલા જતન બાદ અમલોનો હિસાબ કિતાબ શરૂ થશે. અને છેવટમાં જન્નતનો ફેંસલો થાય કે જહન્નમનો, અંતિમ ફેંસલા બાદ જહન્નમ અને જન્નત વચ્ચે મૌતને લાવીને ઝબહ કરી દેવામાં આવશે, હવે જે જહન્નમમાં હશે તેમાં હમેશાં માટે સળગશે અને જે જન્નતમાં હશે તે હમેશાં માટે રબની નેઅમતોની મજા માણશે. આ બધું એક મુસલમાન જાણવા છતાં આખેરતને સમારવાના ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના કુર્આન હદીષનાં એલાનો પ્રતિ એટલો ગંભીર નથી જેટલો આ નોટબંધીના એલાનથી ગભરાઈને ગંભીર થઈ ગયો છે ! ઈલ્લા માશા અલ્લાહ ! જો દુનિયાની મુસીબતોથી જ મુંઝાઈને ગંભીર થઈ જવાનું હોય, અને કુર્આન હદીષમાં આખેરતને સંવારવા બાબતના ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશો એલાનોની કોઈ જ દરકાર ન લેવાની હોય, અને સર્વ સાંભળવા છતાં નચિંતપણે ગુનાહિત જિંદગી જીવતા રહેવાનું હોય તો પછી વિચારો કે "ઈમાન" તમો કઈ ચીજને કહો છો ?

*ઝબાંસે કહ દિયા "લા ઈલાહ" તો ક્યા હાસિલ–દિલો ઝબાં મુસલમાં નહીં તો કુછ ભી નહીં !*

વિચારો ! વિચારો ! **દેશમાં એક એલાન થઈ જાય કે તમારા પાસે જે રૂપિયા છે તે રદ છે, હવેથી નહીં ચાલે ! તો તમે પરેશાન પરેશાન ! પણ રબ જો ફર્માવી આપે હિસાબના દિવસે કે તમારી પાસે જે નેકીઓ છે તે રિજેક્ટ કરવામાં આવે છે ! તમારા અમલો બર્બાદ છે! તમને તો જહન્નમમાં ફેંકવામાં આવશે ! તો શું અંજામ થશે ?! વિચારો ! વિચારો ! અને આખેરત સમારવા સાવધાન થઈ જાવ !** અને રબનાં આ એલાનો એડવાન્સમાં થઈ ચૂક્યાં છે ! કેવા કેવા લોકો માટે એ એલાનો છે ?! સાંભળો !

## સૌ પ્રથમ અકીદાની દુરુસ્તી વિશે વાત કરીએ !

મુસલમાનના અમલો કેવી રીતે બર્બાદ થઈ જાય છે તેને દર્શાવતું આ કુર્આની દ્રષ્ટાંત જોઈ લો ! નબી પાક ﷺની શાનમાં કુર્આને પાકમાં છે :–

**يَآ يُّهَاالَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَلَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَاَنْتُمْ لَا تَشْعُرُوْنَ**

**તર્જુમો** : "હે ઈમાનવાળાઓ ! નબીના અવાજ પર તમારા અવાજોને ઊંચા ન કરો અને જોરથી વાતચીત ન કરો, નહીં તો તમારા અમલ બર્બાદ થઈ જશે ! અને તમને ખબર પણ નહીં પડે." *(સૂરએ હુજુરાત, આ. : ૨)*

આ આયતની તફસીરમાં "શિફા શરીફ" કાઝી અયાઝમાં લખ્યું છે કે **અમલને કુફ્ર સિવાય કોઈ ચીજ નષ્ટ નથી કરતી,** જેથી સ્પષ્ટ જાહેર થાય છે કે રસૂલુલ્લાહ ﷺની શાનમાં રજમાત્ર ગુસ્તાખી પણ અમલને બર્બાદ કરવા માટે તથા કુફ્ર થવા માટે પૂરતી છે ! અને એ પણ સાબિત થયું કે **જે અલ્લાહ તેના મહબૂબ ﷺની બારગાહમાં કેવળ ઊંચા અવાજે બોલવાને એટલુ નાપસંદ કરે છે કે તેના જીવનભરના નેક અમલો બર્બાદ કરી નાખે છે !** તો પછી નબી ﷺની શાનમાં ઉધ્ધતાઈભર્યા ગુસ્તાખીના શબ્દો કે :–

★ એમનામાં કોઈ ઈખ્તિયાર નથી ★ એ તો પોતાના અંજામથી પણ બેખબર છે ★ પોતાનાં ઘરવાળાંની પણ મદદ નથી કરી શક્તા તો અન્યની શું કરી શકે ?! ★ રસૂલના ચાહવાથી કાંઈ નથી થતું ★ એ તો મરીને માટી થઈ ગયા ★ રસૂલને દિવાલ પાછળની ખબર નથી... વગેરે. *(દેવબંદી વહાબી કિતાબો)* તો આવા હલકા શબ્દો હુઝૂર ﷺની શાન ઘટાડવા માટે બોલનારાઓના અમલો તથા ઈમાન ક્યાંથી સલામત રહી શકે ?! આવા જ લોકો માટે રબે ફર્માવ્યું : **عَامِلَةٌ نَّاصِبَةٌ ـ تَصْلٰى نَارًا حَامِيَةً ـ** "અમલ કરે, તકલીફો ઉઠાવે, (છતાં) જાય ભભુકતી આગમાં !" *(સૂરએ ગ઼ાશિયહ, આ. ૩–૪, પારા–૩૦)* જેથી પાયાની ચીજ ઈમાનને સાચવો અને આ ફિર્ક઼ાવાળાઓથી સાવધાન રહો, દૂર રહો, જો તમારી આખેરતને સમારવી હોય અને જહન્નમથી બચવું હોય તો ! *(આવી અનેક આયતો નબી ﷺની તા'ઝીમની તાક઼ીદ કરે છે, એના માટે વાંચો "રહનુમાએ હક્ક઼" કિતાબ "દયાદરા" મળે છે. –તંત્રી)*

## ક઼યામતમાં સૌ પ્રથમ જહન્નમનો ફેંસલો કોનો થશે ?!

ક઼યામતમાં જહન્નમનો ફેંસલો સૌ પ્રથમ તેનો થશે જેના પાસે મહાન મહાન અમલો હશે, પણ તે સૌ રદ થઈ જશે ! સાંભળો ! અહીં અમલો શાથી રદ થઈ જશે ?! હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ક઼યામતના દિવસે લોકોમાં સૌથી પ્રથમ જેનો ફેંસલો કરવામાં આવશે તે ખુદાની રાહમાં "શહીદ" થનાર છે. તેને સામે લાવવામાં આવશે. અલ્લાહ તઆલા તેને પોતાની નેઅમતો યાદ અપાવશે તો તે ઓળખી લેશે. ત્યાર બાદ રબ તઆલા તે (શહીદ)ને પૂછશે, તેં એના અનુસંધાનમાં શો અમલ કર્યો ? તો તે કહેશે કે મેં તારી રાહમાં જેહાદ કર્યો, ત્યાં સુધી કે શહાદત હાંસલ કરી. રબ તઆલા ફર્માવશે, "તેં ગલત કહ્યું ! તેં જંગ એટલા માટે કરી હતી કે તું બહાદુર કહેવાય, અને તને એ જ કહેવામાં આવ્યું." પછી એના બારામાં ફેંસલો થશે અને તેને મોંઢાભેર ઘસેડીને જહન્નમમાં નાખી દેવામાં આવશે.

એક અન્ય શખ્સ જેણે ઈલ્મ હાંસલ કર્યો અને અન્યોને શીખવાડયો, કુર્આન પઢ્યું. એને પણ લાવવામાં આવશે. તેને પણ અલ્લાહની નેઅમતો યાદ અપાવવામાં આવશે જેનો તે સ્વીકાર કરશે.

રબ તઆલા તેને ફર્માવશે, તેં શો અમલ કર્યો ? તે કહેશે, મેં ઈલ્મ શીખ્યો તથા લોકોને શીખવાડયો, અને તને રાજી કરવાના માટે કુર્આન પઢયું. રબ તઆલા ફર્માવશે, "તેં ગલત કહ્યું ! તેં ઈલ્મ એટલા માટે શીખ્યો હતો કે તને આલિમ તથા ક઼ારી કહેવામાં આવે, અને લોકોએ તને એ કહ્યું." પછી એના બાદ એના બારામાં હુકમ થશે, અને તેને મોંઢાભેર ઘસેડીને જહન્નમમાં નાખી દેવામાં આવે.

એમના ઉપરાંત એક શખ્સ તે છે કે અલ્લાહે તેને દોલતથી નવાઝયો, વિવિધ જાતના માલો આપ્યા. તેને લાવવામાં આવશે. તેની સામે પણ નેઅમતોનો ઉલ્લેખ કરવામાં આવશે, અને તે એ સૌનો સ્વીકાર કરશે. તેને રબ્બે કરીમ ફર્માવશે, તેં એ માલ વડે શું કર્યું છે ? તે અર્ઝ કરશે, મૌલા ! મેં કોઈ રસ્તો નથી મૂક્યો, અને જ્યાં જ્યાં તારી રઝાની પ્રાપ્તિ માટે માલ ખર્ચ કરી શક્તો હતો ત્યાં ત્યાં કર્યો. રબ ફર્માવશે, "તું ગલત કહે છે ! તેં મારી રઝાના માટે નહીં બલ્કે માલ એટલે ખર્ચ કર્યો કે તને સખી કહેવામાં આવે, અને કહેવામાં આવ્યો." પછી તેના માટે એ જ હુકમ થશે જે એના માટે નિશ્ચિત થયેલો હતો, અને એને મોંઢાભેર ઘસેડીને જહન્નમમાં નાખી દેવામાં આવશે. *(મુસ્લિમ, બહવાલા મિશ્કાત શરીફ, હદીષ નં.૧૯૪/૮, પેજ નં. ૬૪, કિતાબુલ ઈલ્મ)*

હદીષમાં એ પણ છે કે ક઼યામતમાં એક શખ્સ પહાડો જેટલી નેકીઓ સાથે આવશે. પણ તેણે લોકોના હક્ક઼ માર્યા હશે તે સર્વ લોકોને તેમના હક્ક઼ના બદલામાં આ નેકીઓ આપવી પડશે. તેની નેકીઓ ખત્મ થઈ જશે તો હક્ક઼દારોના ગુનાહ તેના માથે નંખાશે અને તેને છેવટે જહન્નમમાં ફેંકાશે.

જોયું તમે ! આ એડવાન્સમાં ચેતવણી છે કે રિયાકારીના અમલોનો આ અંજામ છે. અમલો જો દેખાડવાના માટે રિયાક઼ારીથી થશે તો પણ અને કોઈનો હક્ક઼ મારશો તો પણ રદ થઈ જશે ! તો શું તમે તેના માટે દિલને સમાર્યું ?! આ ક્ષણભંગુર જિંદગીમાં નોટો રદ થવાથી એટલા ભાગદોડમાં પડયા છો કે કોઈકે તદ્દન સાચુ કહ્યું કે, **"સવારમાં બેંક હજી બંધ હતી છતાં બહાર લાઈનો લાગી હતી, અને સવારમાં મસ્જિદ રોજ જેમ ખુલ્લી હતી પણ અંદર સન્નાટો હતો !"** વાહ રે મુસલમાન ! ક્યાં છે તારું ઈમાન ?! ક્યાં છે ખુદાનો ડર ! ક્યાં છે જહન્નમનો ડર કે જન્નતનો શોખ ?! આવો ! એક આખરી દષ્ટાંત પણ જોઈ લો ! *શાયદ કે ઉતર જાએ કિસીકે દિલમેં મેરી બાત !*

## ૬૦ વરસ નમાઝ પઢતો રહે, પણ ક઼યામતમાં આમાલનામુ ખાલી હશે !

હે લોકો ! ક઼યામતમાં સૌ પ્રથમ જેના વિશે પૂછવામાં આવશે તે નમાઝ વિશે જાણી લો ! કે તમો જેને બેધડક છોડો છો !

હઝરત સૈયદોના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે સરકારે મદીના ﷺએ ફર્માવ્યું કે : ઈન્સાન સાઈઠ (૬૦) વરસ સુધી (આખી જિંદગી) નમાઝ પઢતો રહે છે પરંતુ તેની કોઈ નમાઝ બારગાહે ઈલાહીમાં કબૂલ નથી થતી કેમ કે તે શખ્સ રુકૂઅ તથા સિજદા પૂરા તરીકાથી અદા નથી કરતો.

હઝરત હસન رضی اللہ عنہ કહે છે કે નબીએ કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે શું હું તમને બદતરીન ચોર બતાવું ? સહાબાએ કિરામ رضی اللہ عنہمએ અર્ઝ કરી કે હુઝૂર ﷺ તે કોણ છે ?

આપે ﷺએ ફરમાવ્યું, તે **નમાઝ ચોરવાવાળા** છે. અર્ઝ કરવામાં આવી કે **નમાઝમાં ચોરી કોને કહે છે?** આપે ﷺ ફરમાવ્યું, **તે રૂકૂઅ અને સિજદા બરાબર રીતે કરશે નહીં.** *(અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની–૧/૧૨૧, બહવાલા : મુકાશફતુલ કુલૂબ)*

હું એવું કહું તો અતિશયોક્તિ નહીં ગણાય કે મુસલમાનોમાં સરેરાશ ૫% લોકો બાજમાઅત પંજગાના નમાઝ પઢતા હશે, તેમાંય ફજરની ટકાવારી તો કદાચ ઘટી પણ જાય ! (અસ્તગફિરૂલ્લાહ !) અને પઢનારાઓમાં પણ નમાઝની સહી મસ્અલા મસાઈલની જાણકારી સાથે અને સંપૂર્ણ કાનૂનની કાળજી રાખીને નમાઝ પઢનારા શાયદ, જરા છૂટ રાખીને પણ કહીએ તો કદાચ ૧૦% હશે. (ગલતી હોય તો માફી ચાહુ છું !) નમાઝ તે કે, "જેના વિશે કયામતમાં સૌ પ્રથમ સવાલ થશે, જેણે જાણી જોઈને નમાઝ છોડી તેનું ઘર, કુટુંબ સર્વનાશ થયો ! જેણે જાણી જોઈને નમાઝ ત્યજી તેનું નામ જહન્નમના દરવાજા પર લખી દેવામાં આવે છે જ્યાંથી તે એમાં દાખલ થશે !" એવું કોણે કહ્યું ?! અલ્લાહના મહબૂબ રસૂલ ﷺએ કહ્યું ! છતાં એના છૂટી જવા પર રંજ કરનારા, ગમ કરનારા કેટલા ?! એના મસ્અલા શીખવાની ફિકર કરનારા કેટલા ?! અને આ બાબતે આપણી બહેનોની સ્થિતિ તો શરમજનક છે ! કદાચ કોઈ નમાઝ પઢતી હશે ! બાકી અમારા અનુભવમાં તો આ જ છે કે લગભગ સ્ત્રીઓ અને નવયુવતીઓ નમાઝ પઢતી જ નથી, ન તેનો તેમને રંજ છે ! સૌ પોતાની મસ્તીમાં જીવે છે અને આખેરતના જીવનમાં જહન્નમના ફેંસલાની કોઈ દરકાર તેણીઓને નથી. ઈલ્લા માશાઅલ્લાહ !

સારાંશ કે દુનિયવી માલ કે લાભ ખાતર, જેમ કે નોટો રદ થવાનું સાંભળતાં બેબાકળા બની જનારા ભાઈઓ ! બહેનો ! આ નોટો કે દુનિયવી માલ તો આજે આવે ને કાલે જાય, એની કમીમાં પણ જેમ તેમ આ ટૂંકીટચ જિંદગી વહી જશે, એ નક્કી છે, મૌત આવશે તો વાત પૂરી થઈ જશે, પણ આખેરતમાં **ઈમાન** તથા **નેકીઓ**, નેક અમલોની ઉણપ થઈ તો જહન્નમનો અઝાબ નિશ્ચિત છે, અને ઈમાન સલામત હશે તો ગુનાહોના બદલામાં હજારો વરસો પણ જહન્નમમાં સળગવું પડશે, અને જો **ઈમાન** જ નહીં હોય તો હમેશાં હમેશાંની જહન્નમમાં આગના તથા વિવિધ ભયાનક અઝાબો વેઠવા પડશે, જેથી એ બાબતે પણ ગંભીર બની વિચારો. અમે એવું નથી કહેતા કે તમારા હલાલની કમાઈના માલને વેડફાઈ જવાથી ન બચાવો, જરૂરથી એના બચાવ માટે વ્યવસ્થા કરો, પણ એનાથી પણ મહત્વની ચીજો ઈમાન તથા અમલ જે હમેશાંની જિંદગીને ખુશીઓ ભરી કરવા માટે અનિવાર્ય છે તેના માટે એના કરતાં અનેક ઘણી ચિંતા રાખીને તેને સલામત રાખવા સતત કાર્યરત તથા ચિંતિત રહો. રિયાકારીથી બચી નેક અમલો રબની રઝા માટે કરો, લોકોના હક્કો મારવાથી બચો ! અલ્લાહ મને, તમને સૌને નેક તૌફીક આપે. (આમીન)

## રબ તો એવો કરીમ છે કે તમારા ગુનાહોને નેકીઓમાં ફેરવી દે !

તો હે પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! હાલના સંજોગોના આ તથા જગતભરના બનાવો અને લોકોની પરેશાનીભરી હાલત પરથી સબક હાંસલ કરો અને રબ તઆલાની બારગાહમાં પાછલી

ભૂલોની સાચા દિલથી તૌબા કરી સીધા માર્ગે ચાલતા થઈ જાવ અને દીને ઈસ્લામની, શરીઅતની પાબંદીથી જીવવા લાગો. કેમ કે રબ તો તે છે જે કરમ કરવા પર આવે તો તમારા ગુનાહોને નેકીઓમાં તબદીલ કરી આપે ! વિશ્વાસ નથી બેસતો ! જુઓ, કુર્આનમાં રબ્બે કદીરનું ફર્માન :–

اِلَّا مَنۡ تَابَ وَاٰمَنَ وَعَمِلَ صَالِحاً فَاُولٰٓئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمۡ حَسَنٰتٍ وَّ كَانَ اللّٰهُ غَفُوراً رَّحِيماً

''પણ જેમણે તૌબા કરી અને ઈમાન લાવ્યા અને સારાં કામો કરે તો એવાઓની બુરાઈઓને અલ્લાહ તઆલા ભલાઈઓ (નેકીઓ)થી બદલી નાખશે. અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે.'' *(સૂરએ ફુર્કાન, આ. : ૭૦, પારા : ૧૯)*

તો આ ક્ષણિક જિંદગી રંગીલી, એશઆરામવાળી બનાવીને જીવવા કરતાં થોડીક તકલીફો વેઠી સબ્ર સાથે દીન ઈમાન પર જીવી જાશું તો એમાં આપણી જ ભલાઈ અને હમેશાં માટેની ભલાઈ સમાયેલી છે. હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہથી રિવાયત છે કે બંદો જયારે અલ્લાહ તઆલાની હુઝૂરમાં તૌબા કરે છે, અને પોતાના ગુનાહોથી શરમ અનુભવે છે, તો એના શરમિંદા થતા પહેલાં એના સર્વ ગુનાહો માફ કરી આપે છે. *(નુઝહતુલ મજાલિસ–૨૨૮, બહવાલા બરકાતે શરીઅત)* અને એ પણ યાદ રાખશો કે જેને નસીહતની અસર ન થાય તેણે પોતાના ઈમાનની તપાસ કરવી જોઈએ કે ઈમાન તેની પાસે રહ્યું છે કે નહીં ?!

રબ્બે કરીમ મને તમને સૌને ગુનાહોથી તૌબાની, ગુનાહોથી બચવાની તથા ઈમાનની પુખ્તગી સાથે નેક અમલો કરવાની, નેકીઓનો સંગ્રહ કરવાની તૌફીક આપે. દુનિયા કરતાં દીનની અધિક ચિંતા કરવાની અને નોટો કરતાં દીન ઈમાન માટે તથા નેકીઓ માટે અધિક મહેનતની તથા રિયાકારીથી બચીને નેક ઈસ્લામી જીવન જીવવાની તૌફીક આપે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ


(કિતાબ) **ઈલ્મનો ખઝાનો** (પેજીસ–૩૬૪)
સંપાદક : વહોરા અબ્દુલ કૈયૂમ અબ્દુર્રહમાન–નરસંડા
પ્રકાશક : **સુન્ની મુસ્લિમ કમિટી,** ઈમામ અહમદ રઝા મંઝિલ, વેરી દરવાજા, ગોંડલ–૩૬૦૩૧૧, જિ. રાજકોટ. ફોન : ૦૨૮૨૫–૨૨૪૭૮૬
કિતાબમાં કુર્આન શરીફ, વહી, લોહો કલમ, અંબિયા વિશે તેમજ મસ્જિદો વિશે, ફરિશ્તાઓ વિશે, નમરૂદ–ફિરઔન–શદ્દાદ, અસ્માઉલ હુસ્ના....વગેરેના ઈલ્મથી ભરપૂર ખજાનો ભરેલો છે. જરૂરથી મંગાવી વાંચવી જોઈએ. સંપાદક, પ્રકાશકને મુબારકબાદ !

(કિતાબ) **ઈલ્મ ગૈબ** (પેજીસ–૩૨)
ઈલ્મે ગયબે મુસ્તફા ﷺ પર લાજવાબ કિતાબ જે વાંચનારના ઈમાનને તાજગી બખ્શે છે.
અઝ : શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની
**પ્રકાશક** : મોહદિસે આ'ઝમ મિશન (ગુજરાત પ્રદેશ)
મિર્ઝાપુર બ્રાન્ચ, ૧૫– પેરેડાઈઝ કોમ્પલેક્ષ મિર્ઝાપુર–અમદાવાદ–૩૮૦૦૦૧
મો. ૯૭૧૨૧૯૮૪૪૧, ૮૭૩૫૯૪૨૩૪૬

(કિતાબ) **રોશન સિતારા** (પેજીસ ૮૦) (વિવિધ માસિકોનો લેખ સંગ્રહ)
**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી, **C/o.** ઉસ્માનભાઈ પીપરવાડિયા ગઢની રાંગ, સિપાઈ શેરી, માતમ ચોક, મોરબી–૩૬૩૬૪૧ **નોધ** : રૂા. ૧૦/– ટપાલ ટિકિટ મોકલીને મંગાવો.

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન


કાર્યાલય

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

## સૂરએ બક઼રહની તફસીર

ٱللَّهُ لَآ إِلَٰهَ إِلَّا
هُوَ ٱلۡحَيُّ ٱلۡقَيُّومُۚ لَا تَأۡخُذُهُۥ سِنَةٞ وَلَا نَوۡمٞۚ
لَّهُۥ مَا فِي ٱلسَّمَٰوَٰتِ وَمَا فِي ٱلۡأَرۡضِۗ مَن ذَا ٱلَّذِي
يَشۡفَعُ عِندَهُۥٓ إِلَّا بِإِذۡنِهِۦۚ يَعۡلَمُ مَا بَيۡنَ
أَيۡدِيهِمۡ وَمَا خَلۡفَهُمۡۖ وَلَا يُحِيطُونَ بِشَيۡءٖ مِّنۡ
عِلۡمِهِۦٓ إِلَّا بِمَا شَآءَۚ وَسِعَ كُرۡسِيُّهُ ٱلسَّمَٰوَٰتِ
وَٱلۡأَرۡضَۖ وَلَا يَـُٔودُهُۥ حِفۡظُهُمَاۚ وَهُوَ ٱلۡعَلِيُّ
ٱلۡعَظِيمُ ﴿٢٥٥﴾ لَآ إِكۡرَاهَ فِي ٱلدِّينِۖ قَد تَّبَيَّنَ ٱلرُّشۡدُ
مِنَ ٱلۡغَيِّۚ فَمَن يَكۡفُرۡ بِٱلطَّٰغُوتِ وَيُؤۡمِنۢ بِٱللَّهِ
فَقَدِ ٱسۡتَمۡسَكَ بِٱلۡعُرۡوَةِ ٱلۡوُثۡقَىٰ لَا ٱنفِصَامَ لَهَاۗ
وَٱللَّهُ سَمِيعٌ عَلِيمٌ ﴿٢٥٦﴾ ٱللَّهُ وَلِيُّ ٱلَّذِينَ ءَامَنُواْ
يُخۡرِجُهُم مِّنَ ٱلظُّلُمَٰتِ إِلَى ٱلنُّورِۖ وَٱلَّذِينَ كَفَرُوٓاْ
أَوۡلِيَآؤُهُمُ ٱلطَّٰغُوتُ يُخۡرِجُونَهُم مِّنَ ٱلنُّورِ
إِلَى ٱلظُّلُمَٰتِۗ أُوْلَٰٓئِكَ أَصۡحَٰبُ ٱلنَّارِۖ هُمۡ فِيهَا
خَٰلِدُونَ ﴿٢٥٧﴾

અલ્લાહ છે જેના સિવાય કોઈ મઅબૂદ નથી,[૧૧] તે પોતે જીવંત અને બીજાઓનું અસ્તિત્વ ટકાવી રાખનાર છે,[૧૨] તેને ન ઘેન ચડે ન ઊંઘ આવે[૧૩] જે કંઈ આસમાનો અને જમીનમાં છે તે તેનું જ છે[૧૪] એવો કોણ છે જે તેના દરબારમાં તેના હુકમ વગર ભલામણ કરે[૧૫] જે કંઈ તેઓની આગળ અને જે કંઈ પાછળ છે તેને તે જાણે છે[૧૬] અને તે (લોકો) તેના ઈલ્મમાંથી નથી પામતા પરંતુ જેટલુ તે ઈચ્છે. (તેટલું પામે છે)[૧૭] તેની કુરસીમાં સમાએલા છે આસમાન અને જમીન[૧૮] અને તેને એમની (આસમાન જમીનની) સાચવણી ભારે નથી (લાગતી) અને તે જ છે બુલંદ, મોટાઈવાળો[૧૯] (૨૫૫) દીનમાં કંઈ બળજબરી નથી[૨૦] નિઃશંક ! નેક માર્ગ ગુમરાહીથી ખૂબ જુદો થઈ ગયો છે, તો જે શયતાનને ન માને ને અલ્લાહ પર ઈમાન લાવે[૨૧] તેણે ઘણી મજબૂત ગાંઠ પકડી (લીધી), જેને કદી ખુલવાનું નથી, અને અલ્લાહ સાંભળે, જાણે છે, (૨૫૬) અલ્લાહ મુસલમાનોનો વાલી છે, તેઓને અંધારામાંથી[૨૨] નૂર (પ્રકાશ) તરફ કાઢે છે, અને કાફિરોના તરફદાર શયતાનો છે, તેઓ એમને નૂરથી અંધારાઓ તરફ કાઢે છે, આ લોકો જ દોઝખવાળાઓ છે, તેઓને હમેશાં એમાં રહેવાનું (છે). (૨૫૭)

**સમજૂતી :** **૧૧.** આમાં અલ્લાહ મઅબૂદ હોવાનું અને તે એક હોવાનું બયાન છે. આ આયતને "આયતુલ કુરસી" કહે છે, હદીષમાં એની ઘણી ફઝીલતો આવી છે.

**૧૨.** એટલે કે વાજિબુલ વજૂદ અને જગતનો સર્જનહાર છે.

**૧૩.** કારણ કે એક જાતની ખાંપણ છે અને તે ખાંપણ અને ઐબથી પવિત્ર છે.

**૧૪.** આમાં તેના માલિકી હક઼, હુકમ ચલાવવાની સત્તા અને અધિકારનું બયાન છે. અને ઘણી જ સારી પદ્ધતિથી શિર્કનું રદ કરવામાં આવ્યું છે, કે જ્યારે આખું જગત તેની મિલ્કત છે ત્યારે તેનો ભાગીદાર કોણ હોઈ શકવાનો છે ?! મુશ્રિકો ક્યાં તો ચંદ્ર, સૂર્ય કે તારાઓને પૂજે છે જે આસમાનમાં છે અથવા તો નદી, દરિયા, પહાડ, પથ્થર, ઝાડ વિ. ને પૂજે છે, જે જમીનમાં છે. જ્યારે આસમાન અને જમીનની દરેક વસ્તુ અલ્લાહની મિલ્કત છે ! તો પછી પૂજવાને પાત્ર કેવી રીતે બની શકે ?

**૧૫.** આમાં મુશ્રિકોને રદિયો આપ્યો છે, જેઓ સમજતા હતા કે મૂર્તિઓ એમની ભલામણ કરશે. તેઓને બતાવી દેવામાં આવ્યું કે કાફિરો માટે શફાઅત નથી, જેઓને અધિકાર મળ્યો હશે તેમના સિવાય અલ્લાહના દરબારમાં કોઈ પણ શફાઅત નહીં કરી શકે, અને જેઓને અધિકાર મળ્યો છે તે અંબિયા, ફરિશ્તાઓ અને મુઅમિનીન (અવલિયા) છે.

**૧૬.** એટલે કે આગળ પાછળની હાલત અથવા દુનિયા અને આખિરત.

**૧૭.** અને જેમને તે આપે છે, તે જાણે છે, તેઓ અંબિયા, રસૂલ છે, જેઓને **ગૈબથી માહિતગાર બનાવવા એ તેઓની નુબુવ્વતની દલીલ** છે, ફર્માવ્યું :–

لَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖ اَحَدًا اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ

"અલ્લાહ દરેકને પોતાના ગૈબથી માહિતગાર કરતો નથી, પણ રસૂલોમાંથી જેને ચૂંટી કાઢે છે. તેને (માહિતગાર કરે છે.)" *(ખાઝિન)*

**૧૮.** આમાં તેની અઝમત અને શાન બયાન કરવામાં આવી છે, અને કુરસીથી ક્યાં તો ઈલ્મ અને કુદરત મુરાદ છે, અથવા તો અર્શ અથવા તે જે અર્શની નીચે અને સાતેય આસમાનની ઉપર છે. અને શક્ય છે કે આ તે જ વસ્તુ હોય જેને ફલકુલ બુરૂજ કહેવામાં આવે છે.

**૧૯.** આ આયતમાં ખુદાને લગતા જ્ઞાનના શ્રેષ્ઠ મસાઈલ (પ્રશ્નો)નું બયાન છે, અને એનાથી સાબિત થાય છે કે અલ્લાહનું અસ્તિત્વ છે, એક જ છે, જીવંત છે, કદી ફના થનાર નથી, પોતાના સિવાય દરેક વસ્તુનો સર્જનહાર છે, બીજાના શરીરોમાં પ્રવેશવાથી તેમજ પોતાની હાલતમાં ફેરફાર કરવાથી પવિત્ર છે. ન કોઈને એની સાથે મળતાપણુ, ન મખ્લૂક઼ની બાબતની તેના સુધી પહોંચ, બ્રહ્માંડનો માલિક, મૂળ વસ્તુઓ તેમજ તેના ફાંટાઓને કોઈ પણ જાતના નમૂના કે મદદ વગર બનાવનાર, સખ્ત પકડ કરનાર, જેના દરબારમાં અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય કોઈ ભલામણ માટે હોઠ હલાવી શકે નહીં, તમામ વસ્તુઓનું જ્ઞાન ધરાવનાર, જાહેર વસ્તુનું અને છુપાએલી વસ્તુનું પણ, સામૂહિક બાબતનું પણ અને તેના એકમનું પણ, વિશાળ રાજ્ય અને સત્તાવાળો, સમજ શક્તિ, બલ્કે વહેમ ગુમાનથી પણ ઘણો ઉચ્ચ છે.

**૨૦.** અલ્લ્લાહના ગુણોના બયાન પછી દીનમાં બળજબરી નથી એવું ફરમાવવામાં એ વાત પ્રતિ ઈશારો છે કે હવે આકિ઼લ (બુધ્ધિવાળા) માટે હક઼ના સ્વીકારમાં કોઈ બાબત બાધરૂપ રહી નથી.

**૨૧.** આમાં એ બાબત તરફ ઈશારો છે કે કાફિર માટે પ્રથમ પોતાના કુફ્રથી તવબહ અને અળગાપણુ જાહેર કરવું જરૂરી છે, ત્યાર બાદ ઈમાન લાવે તો તે ખરૂ કહેવાશે.

**૨૨.** કુફ્ર અન ગુમરાહીના અંધારાઓમાંથી ઈમાન અને હિદાયતના નૂર તરફ લાવે છે.

Web.: www.barkatekhwaja.net

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**હદીષ :** *હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે જે મૈયતને ગુસ્લ આપે તે પોતે પણ ગુસ્લ કરે[૧]. (ઈબ્ને માજહ) અહમદ તથા તિર્મિઝીએ એટલુ વધાર્યું કે જે મૈયતને ઉઠાવે તે વુઝૂ કરે[૨].*

*હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم ચાર ચીજોથી ગુસ્લ કરતા હતા : જનાબત (નાપાકી)થી, અને જુમ્આના દિવસે, અને સીંગી (હિજામા) લગાડવાથી, અને મૈયતને નવડાવવાથી[3]. (અબૂ દાઊદ) કૈસ ઈબ્ને આસિમથી[૪] રિવાયત છે કે તે મુસલમાન થયા તો તેમને નબી صلی اللہ علیہ وسلم એ હુકમ આપ્યો કે પાણી તથા બોરડી વડે ગુસ્લ કરે[૫]. (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ)*

***(ત્રીજો વિભાગ)*** *: હઝરત ઈકરમાથી રિવાયત છે. ફર્માવે છે[૬] કે કેટલાક ઈરાકી[૭] લોકો આવ્યા અને બોલ્યા કે, હે ઈબ્ને અબ્બાસ ! શું આપ જુમ્આના દિવસે ગુસ્લ વાજિબ સમજો છો ? ફર્માવ્યું, નહીં ! પરંતુ ઘણી જ પાકી છે અને ગુસ્લ કરવાવાળાના માટે સારુ છે, અને જે ગુસ્લ ન કરે એના માટે જરૂરી નથી[૮]. હું તમને જણાવું છું કે ગુસ્લ શરૂ કેવી રીતે થયું ? લોકો તકલીફમાં હતા કે ઉન પહેરતા અને પોતાની પીઠ પર મજૂરીઓ કરતા હતા. તેમની મસ્જિદ સાંકડી હતી જેમાં છત નીચી હતી જે કેવળ ઘાસફુસ હતી[૯]. હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم એક ગરમ દિવસે તશરીફ લાવ્યા અને લોકો એ જ ઉનમાં પરસેવે એવા રેબઝેબ હતા કે એનાથી ગંધ ફેલાતી હતી, જેના કારણે અમુકે અમુકથી તકલીફ પામી. તો જ્યારે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ ગંધ મહેસૂસ કરી[૧૦] તો ફર્માવ્યું, હે લોકો ! જ્યારે આ દિવસ (જુમ્આ) આવ્યા કરે તો નાહી લીધા કરો, અને જોઈએ કે દરેક પોતાનું બેહતરીન તેલ તથા ખુશ્બુ ઘસી લીધા કરે[૧૧]. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે પછી અલ્લાહે માલ આપ્યો[૧૨] અને લોકોએ ઉનના ઉપરાંત સારા લિબાસ પહેર્યા અને કામકાજ (કાળી મજૂરી)થી છૂટકારો મળી ગયો[૧૩] તેમની મસ્જિદ વિશાળ થઈ ગઈ[૧૪] અને પરસેવાથી જે અમુકને અમુકથી તકલીફ પહોંચતી હતી તે જતી રહી. (અબૂ દાઉદ)*

**સમજૂતી :** **૧.** આમ (લગભગ સર્વ) ઉલમાની નજીક આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબના સ્થાને) છે. મૈયતને નવડાવીને ગુસ્લ કરી લેવું બેહતર છે, કેમ કે મૈયતના ગુસ્લના ધોવણના છાંટા શરીર પર પડવાની સંભાવના છે. જામેઅ ઉસૂલમાં છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ ના પત્ની અસ્મા બિન્તે અમીસ رضی اللہ عنہا એ સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની વફાત બાદ ગુસ્લ આપ્યું, પછી સહાબાથી બોલ્યાં કે હું રોઝદાર છું અને ઠંડી ખૂબ જ છે તો શું મારે ગુસ્લ કરવું જરૂરી છે ? સૌએ કહ્યું, નહીં.

**૨.** ઉઠાવવાના કારણે નહીં, બલ્કે નમાઝે જનાઝાના માટે મૈયતના જનાઝાગાહમાં પહોંચતાં જ જનાઝાની નમાઝમાં શરીક થઈ શકે.

**૩.** અહીં ગુસ્લથી મુરાદ ગુસ્લનો હુકમ આપવું છે, એટલે કે એ ચારેવ મોકાઓ પર ગુસ્લનો હુકમ આપતા હતા, કેમ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ કદી કોઈ

મૈયતને ગુસ્લ નથી આપ્યું. જેમ કે હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺએ હઝરત માઈઝને રજૂમ કર્યા એટલે કે રજૂમનો હુકમ આપ્યો. (મિર્કાત વગેરે) પણ એ હુકમોમાં જનાબતના ગુસ્લનો હુકમ વાજિબ હોવાના અર્થમાં છે, અને બાકીના હુકમો સુન્નતના રૂપે છે. કેમ કે સેંગીમાં લોહીના છાંટા શરીર પર પડી જાય છે અને લોહી નીકળવાથી ગરમી તથા કમજોરી પેદા થઈ જાય છે, જેથી એના બાદ ગુસ્લ કરી લેવું બેહતર છે.

**૪.** આપ સહાબી છે. બની તમીમના પ્રતિનિધિમંડળમાં હુઝૂર ﷺની પાસે હાજર થયા. સ.હિ. ૯માં ઈમાન લાવ્યા. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે એ જંગલ નિવાસીઓના સરદાર છે. ખૂબ જ હકીમ, આક઼િલ તથા આબિદ હતા. બસરામાં ક઼યામ રહ્યો.

**૫.** આ પરથી જાણવા મળ્યું કે ઈસ્લામ લાવતી વખતે કલ્મો પઢતાં પહેલાં ગુસ્લ કરવું બેહતર છે, કે અમુક ઉલમાની નજીક જો કાફિર કુફ્રના સમયમાં જુનુબી થયો પછી ઈસ્લામ લાવ્યો તો એના પર જનાબતના કારણે ગુસ્લ ફર્ઝ છે. અમુક રિવાયતોમાં આવ્યું છે કે નબી علیہ الصلوۃ والسلامએ તેમને માથુ મૂડાવવાનો હુકમ પણ આપ્યો હતો. એટલા માટે ઈસ્લામ લાવતી વખતે માથુ મૂડાવવું પણ સુન્નત છે.

**૬.** આપ બરબરી છે. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના ગુલામ છે. તાબઈનમાંથી છે અને મક્કા મુકર્રમાના ફક઼ીહોમાંથી છે. પોતાના સમયના મહાન આલિમ હતા. ૮૨ વરસની વયે હિ.સ. ૧૦૭માં વફાત પામ્યા.

**૭.** ઈરાક઼ અરબ દેશોનો પાંચમો પ્રાંત છે. લંબાઈમાં અબાવાનથી મૌસૂલ સુધી અને પહોળાઈમાં ક઼ાદસિયાથી હલવાન સુધી ફેલાયેલ છે. તેનું પાટનગર બગદાદ છે અને કૂફા તથા બસરા ત્યાંનાં મશહૂર શહેરો છે. કર્બલા તથા નજફ પણ ઈરાકની જ આબાદીઓ છે.

**૮.** લગભગ સર્વ સહાબીઓનો આ જ મઝહબ છે, અને જમહૂર (બહુમતિ) ઉલમા પણ આ ગુસ્લને સુન્નત જ માને છે.

**૯.** તે પણ એવું કે લાકડીઓના થાંભલા ખડા કરીને ખજૂરની ડાળીઓ તથા પાંદડાંઓની છત નાખી દેવામાં આવી હતી. વરસાદમાં પાણી ગળતુ હતું અને આમ દિવસોમાં તડકો લાગતો, પણ એ મસ્જિદનો દરજો અર્શે મુઅલ્લાથી અફઝલ હતો, કેમ કે અહીંના ઈમામ ઈમામુલ અંબિયા (ﷺ) હતા. જાણવા મળ્યું કે મસ્જિદનો કમાલ ઈમારતથી નહીં બલ્કે ઈમામથી છે.

**૧૦.** આ પરથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે સહાબાએ એની શિકાયત ન કરી, કેમ કે સાબિરોના સરદાર હતા. બીજુ એ કે હુઝૂર ﷺને પોતાની ઉમ્મતના દુ:ખ દર્દનો ઘણો જ ખયાલ હતો. અને કેમ ન હોય ! કે આપ ઉમ્મતના રખેવાળ છે, કોઈ પોતાનું દર્દ વર્ણન કરે કે ન કરે પણ સૌનો ખયાલ છે. હુઝૂર ﷺની આ ખબરગીરી ક઼યામત સુધી છે. રબ તઆલા ફર્માવે છે : عَزِيزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ

**૧૧.** તેલ માથા તથા શરીરમાં અને ખુશ્બુ કપડાંમાં. એનાથી જાણવા મળ્યું કે મુસલમાનોના મજમાઓમાં સારાં કપડાં પહેરીને જવું જોઈએ. શાદી, ઉર્સ, તબ્લીગના જલસામાં સારાં કપડાં પહેરીને જવું જોઈએ. મજલિસોમાં હાર ફૂલ નાખવાની અસ્લ (દલીલ) આ હદીષ છે.

**૧૨.** એ માલ ઈસ્લામના ઝહૂર તથા મુસલમાનોના ગલ્બા (પ્રભાવ)ની નિશાની હતી એટલા માટે એને ખૈર દર્શાવ્યું, નહીં તો મોટાભાગે ફક઼ીરી માલદારી કરતાં અને સબ્ર, શુક્ર કરતાં અફઝલ છે.

**૧૩.** કેમ કે જેહાદોમાં ખૂબ જ ગનીમત હાથ આવી અને મુસલમાન લોંડી, ગુલામોના માલિક બન્યા.

**૧૪.** મિર્કાતે ફર્માવ્યું કે નબી કરીમ علیہ الصلوۃ والسلامએ વફાતની નજીક ખુદ મસ્જિદ વિસ્તારી. "અશ્અહ"માં છે કે પછી સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ મસ્જિદનું વિસ્તરણ કર્યું, પછી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ પોતાની ખિલાફતના જમાનામાં ખૂબ જ શાનદાર તથા વિશાળ મસ્જિદ બનાવી. મેહરાબે ઉષ્માને ગની આજ સુધી આપની યાદગારરૂપે મૌજૂદ છે. સાર એ છે કે ઈસ્લામમાં પહેલાં વર્ણવેલ કારણોસર જુમ્આનું ગુસ્લ ફર્ઝ હતું, પછી ફર્ઝિયત મન્સૂખ થઈ ગઈ અને સુન્નત રહી ગયું.

અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના


લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**


## ઈસ્મે આ'ઝમ

અલ્લાહ ﷻના નવ્વાણુ અસ્માઉલ હુસ્ના (મુબારક નામો)નો ઝિક્ર કરવાથી દિલ તથા રૂહ અને ઈમાનને એક નવી તાજગી (શક્તિ) મળે છે. હવે ટૂંકાણમાં અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાના ઈસ્મે આ'ઝમના બારામાં અમુક અક઼વાલ (કથનો) રજૂ કરવામાં આવે છે. એ અસ્માએ હુસ્નામાં તે ક્યું નામ છે જેને ''ઈસ્મે આ'ઝમ'' કહેવામાં આવે છે ? એના અનુસંધાનમાં ઉમ્મતના ઉલમાની રાયો વિવિધ છે.

ઈમામ સિયૂતીએ الد المنظوم (અર્દુરુલ્ મન્ઝૂમ)માં ''ઈસ્મે આ'ઝમ''ના નિશ્ચિત કરવા સંબંધે વીસથી વધુ કથનો લખ્યાં છે, એમાંથી અમુક આ પ્રમાણે છે :–

૦૧. અસ્માએ હુસ્નાનું દરેક મુક઼દસ નામ ''ઈસ્મે આ'ઝમ'' છે. (અબુલ હસન અશ્અરી, અબૂ જઅફર તિબરી તથા ઈમામ માલિક વગેરે)

૦૨. એનો ઈલ્મ કેવળ અલ્લાહને જ છે, હા ! તેની અતાથી અંબિયા عَلَيْهِمُ السَّلَام તથા અન્ય તેની બારગાહના મહબૂબ બંદાઓને પણ હોય છે.

૦૩. هُوَ (હુવ) ''ઈસ્મે આ'ઝમ'' છે. (આ ક઼ૌલ ઈમામ રાઝી رَضِيَ اللهُ عَنْهُએ અમુક કશ્ફવાળાઓ થકી નક઼લ કર્યો છે.)

૦૪. ઈસ્મે આ'ઝમ الله ''અલ્લાહ'' છે. એટલા માટે કે એનો ઈત્લાક઼ ગૈરુલ્લાહ પર નથી થતો. (ગૈરુલ્લાહ માટે એ નથી બોલાતુ)

૦૫. ઈસ્મે આ'ઝમ :–

اللّٰهُ الرَّحْمٰنُ الرَّحِيْمُ

''અલ્લાહુર્રહ઼માનુર્રહ઼ીમ'' છે.

૦૬. ઈસ્મે આ'ઝમ :–

الرَّحْمٰنُ الرَّحِيْمُ الحَىُّ القَيُّومُ

''અર્રહમાનુર્રહીમુલ્ હ઼ૈયુલ્ ક઼ૈયૂમ'' છે.

૦૭. ઈસ્મે આ'ઝમ الحَىُّ القَيُّومُ ''અલ્હ઼ૈયૂલ ક઼ૈયૂમ'' છે.

૦૮. ઈસ્મે આ'ઝમ :–

الحَنَّانُ المَنَّانُ بَدِيعُ السَّمٰوَاتِ وَالْأَرْضِ ذُو الجَلَالِ وَالإِكْرَامِ

''અલ્ હન્નાનુલ મન્નનાનુ બદીઉસ્સમાવાતિ વલ્અર્દ઼િ ઝુલ જલાલિ વલ્ઈકરામ'' છે.

૦૯. ઈસ્મે આ'ઝમ :–

بَدِيعُ السَّمٰوَاتِ وَالْأَرْضِ ذُو الجَلَالِ وَالإِكْرَامِ

''બદીઉસ્સમાવાતિ વલ્અર્દ઼િ ઝુલ્જલાલિ વલ્ઈકરામ'' છે.

૧૦. ذُو الجَلَالِ وَالإِكْرَامِ ''ઝુલ જલાલિ વલ્ઈકરામ'' એ ઈસ્મે આ'ઝમ છે.

૧૧. اللّٰهُ لَا إِلٰهَ إِلَّا هُوَ الأَحَدُ الصَّمَدُ الَّذِى لَم يَلِدْ وَلَمْ يُولَدْ وَلَمْ يَكُنْ لَّهُ كُفُواً أَحد

"અલ્લાહુ લાઈલાહ ઈલ્લા હુવલ્ અહદુસ્સમદુલ્લઝી લમ્યીલદ વલમ્ યૂલદ વલમ્ યકુલ્લહુ કુફૂવન્ અહદ" આ ઈસ્મે આ'ઝમ છે.

આ કૌલને હાફિઝ ઈબ્ને હજર અસ્કલાનીએ અગ્રતા આપી છે. એમની દલીલ એ છે કે એના બારામાં જેટલી હદીષો આવી છે તેમનામાં જે સૌથી મજબૂત હદીષ સનદના લેહાઝથી છે તો આ જ છે.

૧૨. هُوَ اللّٰهُ الَّذِی لَا إِلٰهَ إِلَّا هُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيمِ "હુવલ્લાહુલ્લઝી લાઈલાહ ઈલ્લા હુવ રબ્બુલ્ અર્શિલ અઝીમ"

ઈમામ ફખ્રુદીન રાઝી رحمۃ اللہ علیہ એ હઝરત ઝયનુલ આબિદીન رضی اللہ عنہ થી રિવાયત કરી છે. હઝરત ઝયનુલ આબેદીન رضی اللہ عنہ એ રબ તઆલાથી અર્ઝ કરી કે મને ઈસ્મે આ'ઝમની તા'લીમ અતા ફર્માવ. તો એમણે ખ્વાબમાં જોયું : هُوَ اللّٰهُ الَّذِی لَا إِلٰهَ إِلَّا هُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيمِ એટલે કે આ કલેમા ઈસ્મે આ'ઝમ છે.

૧૩. ઈસ્મે આ'ઝમ અસ્માએ હુસ્નામાં છુપુ રાખવામાં આવેલ છે.

૧૪. اَللّٰهُمَّ "અલ્લાહુમ્મ" ઈસ્મે આ'ઝમ છે.

૧૫. مَالِكُ الْمُلْكِ "માલિકુલ મુલ્ક" ઈસ્મે આ'ઝમ છે.

એના સિવાય અન્ય પણ ઘણા કથનો છે. કયુ કથન અધિક સહીહ તથા પસંદીદા છે, એના બારામાં પણ વિવિધ રિવાયતો છે.

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺ એ ફર્માવ્યું : અલ્લાહ ﷻ ના ઈસ્મે આ'ઝમની ખાસિયત એ છે કે જ્યારે એના થકી દુઆ કરવામાં આવે છે તો કૃબૂલ થાય છે, અને જ્યારે એના વસીલાથી માગવામાં આવે છે તો મળે છે. આ ઈસ્મે આ'ઝમ ત્રણ સૂરતોમાં જોવા મળે છે : સૂરએ બકરહ, સૂરએ આલે ઈમરાન અને સૂરએ તાહામાં.

અબૂ જઅફર દમિશ્કી ફર્માવે છે : મેં એ સૂરતોમાં વિચારણા ચિંતન કર્યુ તો એ પરિણામે પહોંચ્યો કે આ ત્રણ સૂરતોમાં આ ત્રણ સ્થાનો તે છે જેમાં અલ્લાહ ﷻ નું ઈસ્મે આ'ઝમ છે.

૦૧. આયતુલ કુર્સીનો આ હિસ્સો :– اللّٰهُ لَا إِلٰهَ إِلَّا هُوَ الْحَیُّ الْقَيُّومُ "અલ્લાહુ લાઈલાહ ઈલ્લા હુવલ્ હૈયૂલ કૈયૂમ." *(સૂરએ બકરહ, આ. ૨૫૫)*

૦૨. આલેઈમરાનમાં الٓمٓ ۚ اللّٰهُ لَا إِلٰهَ إِلَّا هُوَ الْحَیُّ الْقَيُّومُ "અલિફ–લામ–મીમ. અલ્લાહુ લાઈલાહ હુવલ હૈયૂલ કૈયૂમ." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧)*

૦૩. સૂરએ તાહામાં وَعَنَتِ الْوُجُوهُ لِلْحَیِّ الْقَيُّومِ "વઅનતિલ્ વુજૂહુ લિલ્હૈયુલ કૈયૂમ." *(સૂરએ તાહા : આ. ૧૧૧)*

આ ત્રણેવ સ્થળે الْحَیُّ الْقَيُّومُ "અલ્હૈયૂલ કૈયૂમ" જોવા મળે છે, એ જ ઈસ્મે આ'ઝમ છે. પણ અબૂ જઅફર દમિશ્કીની રાય એનાથી અલગ છે, તે ફર્માવે છે : મારી નજીક સહીહ એ છે કે ઈસ્મે આ'ઝમ اللّٰه "અલ્લાહ" છે. *(સઆદતુદારૈન, પેજ : ૫૩૬)*

ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ થી મરવી છે કે આપે ફર્માવ્યું, ઈસ્મે આ'ઝમ اللّٰه "અલ્લાહ" છે. શું તમે નથી જોતા કે الرَّحْمٰن "અર્રહ્માન" રહ્મતથી બનેલ છે અને رَبّ "રબ" રબૂબિયતથી બન્યું છે, અને اللّٰه "અલ્લાહ" કોઈનાથી નથી બન્યો. *(સઆદતુદારૈન, પેજ : ૫૩૬)*

હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે, નબી ﷺ એ ફર્માવ્યું : આસિફ બિન બર્ખિયાએ જે ઈસ્મે આ'ઝમના વસીલાથી દુઆ કરી હતી તે يَا حَیُّ يَا قَيُّومُ "યા હૈયૂ યા કૈયૂમ" છે. *(સઆદતુદારૈન, પેજ : ૫૩૪)*

Web : www.barkatekhwaja.net

અબૂ જઅફર તહાવીએ (મુશ્કિલુલ્ આષર)માં ફર્માવ્યું : ઈસ્મે આ'ઝમ الله "અલ્લાહ" છે. અને અસ્મા બિન્તે યઝીદ رضی اللہ عنہની હદીષથી દલીલ પેશ કરી. તે હદીષ આ છે : હઝરત અસ્મા વર્ણવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા છે કે ઈસ્મે આ'ઝમ આ બે આયતોમાં છે :–

૧. وَاِلٰهُكُمْ اِلٰهٌ وَاحِدٌ لَا اِلٰهَ اِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ
–(સૂરએ બકરહ, આ. ૧૬૩)

૨. اَللّٰهُ لَا اِلٰهَ اِلَّا هُوَ الْحَیُّ الْقَيُّوْمُ (સૂરએ બકરહ, આ. ૨૫૫)

આ બંનેવ આયતોમાં اَلْحَیُّ یَا قَيُّوْمُ (અલ્હૈયુલ કૈયૂમ) કેવળ એક આયતમાં છે, જેનો તકાઝો એ છે કે ઈસ્મે આ'ઝમ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ هُوَ "લા ઈલાહ ઈલ્લા હુવ" હોય.

ઈમામ માલિકે પોતાની મોઅત્તામાં એ હદીષ રિવાયત કરી કે નબી علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, સૌથી અફઝલ જે મેં તથા મારાથી પહેલાં અંબિયાએ કહ્યું તે لَا اِلٰهَ اِلَّا اللّٰهُ "લાઈલાહ ઈલ્લલ્લાહ" છે.

સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ અગ્રતા આપી છે કે ઈસ્મે આ'ઝમ الله "અલ્લાહ" છે. (સઆદતુદ્દારૈન, આ. ૫૪૨)

હઝરત આઈશા સિદ્દીકા رحمۃ اللہ علیہથી મરવી છે, તે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે આપ ફર્માવતા હતા :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ بِاسْمِكَ الطَّاهِرِ الْمُبَارَكِ الْاَحَبِّ اِلَيْكَ الَّذِیْ اِذَا دُعِيْتَ بِهٖ اَجَبْتَ وَاِذَا سُئِلْتَ بِهٖ اَعْطَيْتَ وَاِذَا اسْتُرْحِمْتَ بِهٖ رَحِمْتَ وَاِذَا اسْتُفْرِجْتَ بِهٖ فَرَّجْتَ

"હે અલ્લાહ ! હું તારા આ પાક મુબારક અને તારા સૌથી પ્રિય નામના વાસ્તાથી સવાલ કરું છું. તે નામ જેના વસીલાથી જ્યારે દુઆ કરવામાં આવે છે તો તું કબૂલ ફર્માવે છે અને જ્યારે સવાલ કરવામાં આવે છે તો અતા ફર્માવે છે, જ્યારે એના વાસ્તાથી રહમ માગવામાં આવે છે તો રહમ ફર્માવે છે, અને જ્યારે એના વસીલાથી પરેશાની તથા મુસીબત ટાળવાની દુઆ કરવામાં આવે છે તો મુસીબત તથા પરેશાની દૂર ફર્માવી આપે છે."

હઝરત આઈશા رضی اللہ عنہا આગળ ફર્માવે છે કે એક દિવસ હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, હે આઈશા ! શું તમને ખબર છે કે અલ્લાહ તઆલાએ મને એ ઈસ્મે આ'ઝમનો ઈલ્મ અતા કરી આપ્યો છે જેના વસીલાથી દુઆ કબૂલ થાય છે ?! ફર્માવે છે : મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારાં મા બાપ આપ પર કુર્બાન ! આપ મને પણ ઈસ્મે આ'ઝમ શીખવાડી દો! હુઝૂરે ફર્માવ્યું, હે આઈશા ! તારા માટે એ મુનાસિબ નથી. હું દૂર હટી ગઈ અને થોડીવાર બેસી રહી, પછી ઉઠીને હુઝૂરની પાસે આવી અને આપના સર મુબારકનો બોસો લીધો પછી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને પણ ઈસ્મે આ'ઝમ અતા ફર્માવી દો. હુઝૂરે ફર્માવ્યું, હે આઈશા ! તમારા માટે મુનાસિબ નથી. તમારા માટે એ મુનાસિબ નથી કે ઈસ્મે આ'ઝમ થકી ક્યાંક તમે કોઈ દુનિયાની ચીજ માગી બેસો.

સીરતુન્નબી ﷺનો અભ્યાસ કરનાર દરેક શખ્સ જાણે છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી આપણા નબી علیہ الصلوٰۃ والسلامની મહોબ્બત અન્ય અઝવાજે મુતહ્હરાત ઉમ્મહાતુલ મો'મિનીન કરતાં ખૂબ જ અધિક હતી તેમ છતાં સરકાર ﷺએ તેમને ઈસ્મે આ'ઝમ ન બતાવ્યું, જેનાથી ઉમ્મતે મુહમ્મદિયહ્ને એ દર્સ મળે છે કે ઈસ્મે આ'ઝમને સેગાએ રાઝમાં રાખવું જ બેહતર છે કે ક્યાંક કોઈ એનો અસ્થાને ઉપયોગ ન કરી બેસે. બીજી હિકમત

Web.: www.barkatekhwaja.net

اَللّٰهُمَّ نَوِّرْ دُنْيَانَا وَبَرْزَخَنَا وَآخِرَ تَنَا بِأَسْمَائِكَ الْحُسْنىٰ وَصِفَاتِكَ الْعُلىٰ وَبِحَبِيبِكَ الْمُصْطَفىٰ صلى الله تعالىٰ عليه وسلم وَبِجَمِيعِ أَنْبِيَائِكَ الْأَحِبَّاءِ عَلَيْهِمُ السَّلام وَصَلِّ وَسَلِّمْ وَبَارِكْ عَلَيْهِمِ وَعَلىٰ ذَوِيهِمْ وَعَلىٰ آلِهِمْ أَجْمَعِيْن، آمين

**–ઈફ્તેખાર અહમદ ક઼ાદરી**

૨૬ જમાદિઉલ આખર હિ.સ. ૧૪૩૧

એ છે કે કોઈ એક જ નામ મુબારક પર આધાર તથા સીમા ન કરી લેવામાં આવે બલ્કે સર્વ અસ્માઉલ હુસ્નાથી લગાવ રાખવામાં આવે, કેમ કે સર્વ મુબારક નામો બરકતોનું ઉગમ સ્થાન તથા ફયઝોનું ઉદ્‌ભવ સ્થાન છે.

રબ તઆલા પોતાના અસ્માએ હુસ્નાની નૂરાનિયતથી આપણી દુનિયા, આપણી બરઝખ તથા આપણી આખેરતને મુનવ્વર ફર્માવે.

## ૧ જાન્યુ. ૨૦૧૭થી લવાજમમાં વધારો !

**જેવી રીતે મોંઘવારી અન્ય દુનિયાવી પ્રોડક્ટ કરવાવાળાને નડે છે તથા દુનિયવી કામો કરનારા કર્મચારીઓને પગારો ન વધતાં ખેંચ ઉભી થાય છે તેમ દીની વિષયોની કિતાબો, માસિક અંકો વગેરે પ્રસિધ્ધ કરનારા તથા ઈમામો, હુફ્ફાઝ, આલિમોને પણ મોંઘવારી નડતી હોય છે ! જેથી તેમને પણ રાહત થાય તેવો પગારોમાં વધારો કરવો જોઈએ એ સ્વભાવિક વાત છે.**

**આપણુ માસિક "બરકાતે ખ્વાજા" પણ મોંઘવારીનો સામનો કરી રહ્યું છે, કારણ કે મલ્ટિ કલર સુંદર ટાઈટલ તથા ઉમદા કાગળો પર ઉમદા પ્રિન્ટિંગ.... વગેરે સુંદર કામગીરી માટે ઘણો ખર્ચ સહન કરવો પડે છે જેથી નાછૂટકે તા. <u>૧ જાન્યુઆરી ૨૦૧૭થી</u> વાર્ષિક લવાજમમાં કેવળ <u>વીસ રૂપિયા (રૂા. ૨૦)</u>નો મામૂલી વધારો કરવામાં આવ્યો છે જેની વિગત નીચે કોઠામાં દર્શાવી છે. <u>૩૧ ડિસેમ્બર ૨૦૧૬</u> સુધી જૂના દરો રહેશે અને <u>૧ જાન્યુઆરી–૨૦૧૭</u>થી લવાજમ વધી જશે જેથી આટલા સમયમાં પણ જેમણે જૂના દરોનો લાભ લેવો હોય તેઓ જલ્દીથી લવાજમો મોકલાવી આપે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

| | | | |
|---|---|---|---|
| છુટક નકલ | રૂા. ૨૦/– | વાર્ષિક લવાજમ | રૂા. ૨૦૦/– |
| પેટ્રન ગ્રાહક ફી (૧૧ વર્ષ માટે) | રૂા. ૨૨૦૦/– | આજીવન ગ્રાહક | રૂા. ૫૦૦૦/– |

**દયાદરા :** ખાતે મોટા ચકલા પર ૧૪ મુહર્રમની રાત્રે ઈશા બાદ જશ્ને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ મનાવાયો. જેમાં આપનો તક઼્વો, શરીઅત પર અડગતા તેમજ આપની વિલાયતની શાન જાહેર કરતું શાનદાર બયાન મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ કર્યું હતું. શરૂમાં ક઼િરાઅત, નઅત તથા મન્ક઼બત અને છેવટમાં સલાતો સલામ ક઼ારી મક઼સૂદ સાહબે પેશ કરી હતી.

**દયાદરા :** ખાતે ૧૮–સફરના ઉર્સે મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہના નિમિત્તે રવિવારે અસ્રબાદ સુન્ની દા'વતે ઈસ્લામીના હપ્તાવારી ઈજતેમામાં આપની મહાન શાન દર્શાવતું બયાન મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ કર્યું હતું અને આપની કરામતોથી આપના હાથ પર હજારો લોકો ઈમાન લાવ્યા હતા તે દર્શાવી હાજરજનોના ઈમાનમાં તાજગી બખ્શી હતી.

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)

:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**આતા હે દરેવાલા યૂં ઝૌક઼ે તવાફ આના**
**દિલ જાનસે સદક઼ે હો સરગર્દ ફિરે દિલ સે**

**અર્થાત :** બારગાહે રિસાલત મઆબ ﷺની હાજરીમાં ખુલૂસ પેદા કરીને તવાફની લિજ્જત હાંસલ કરવાનો નુસ્ખો બતાવવામાં આવી રહ્યો છે કે જ્યારે આપનો દરેવાલા (રસૂલે પાક علیہ الصلوٰۃ والسلامના રોઝા પાકની ચૌખટ) સામે આવે તો દિલો જાનથી કુર્બાન થવાના માટે તારું દિલ એ જાને કાઈનાત પર કુર્બાન થઈ જાય અને તારુ માથુ એ દિલ (મહબૂબ ﷺ)ની આસપાસ ફેરા લગાડીને તવાફનો ઝૌક઼ હાંસલ કરી લે.

*ખમ જિસકી ફઝીલતપે દો આલમ કી ઝબીં હૈ–સજદાગહે કોનૈન વો તયબહ કી ઝમીં હૈ*

*દુન્યા કા અક઼ીદા ભી હૈ અપના ભી યક઼ીં હૈ–જો શય હૈ મદીનેમેં કહીં ઔર નહીં હૈ*

*ઈત્ના કોઈ અલ્લાહ કા મહબૂબ નહીં હૈ–સૂરત ભી હસીં આપકી સીરત ભી હસીં હૈ*

*–(ચંદ્ર પ્રકાશ ગૈર મુસ્લિમ)*

**અય અબ્રે કરમ ફર્યાદ ફર્યાદ જલા ડાલા**
**ઈસ સોઝિશે ગમ કો હૈ ઝિદ મેરે હરે દિલસે**

**અર્થાત :** હે કરમના વાદળ ! (હબીબે કિબ્રિયા ﷺ) આપની દુહાઈ છે, મારી મદદ કરો ! મારા દિલની ખુશીની સાથે તો ગમની જલનને જાણે અદાવત થઈ ગઈ છે, જરા ખુશી નસીબ થાય તો તુરત જ કોઈ ન કોઈ ગમનો પહાડ આવીને પડે છે ! યા રસૂલલ્લાહ ! علیہ الصلوٰۃ والسلام દુહાઈ આપની !

**દરયા હૈ ચળ્હા તેરા, કિતની હી ઉળાએં ખાક**
**ઉતરેંગે કહાં મુજરિમ અય અફ્વ તેરે દિલ સે**

**અર્થાત :** હે સરાપા અફવો કરમ ! રહ઼મતે આલમ ﷺ ! આપની બખ્શિશનો દરિયો તો એટલો મોજાં મારતો અને તુફાનમય છે કે કોઈ લાખ ધૂળ ઉડાડતો ફરે, અને નિષ્ફળ કોશિશ કરીને ચાહે કે મુજરિમ આપના દિલથી ઉતરી જાય, અને આપ એમનો સહારો ન બનો, તો પણ તે કામયાબ થશે નહીં, અને આપની શફાઅત ગુનેહગારોને જરૂર બખ્શાવશે. જ્યારે પાણીની મામૂલી તરી પર ધૂળ નથી ઉડી શકતી તો જ્યાં રહ઼મતનો દરિયો વહી રહ્યો હોય, ભલા ત્યાં કોઈ ગમે તેટલી કોશિશ કરે છતાં ધૂળ માટી કઈ રીતે ઉડાડી શકે છે.

**ક્યા જાને યમે ગમમેં દિલ ડૂબ ગયા કૈસા**
**કિસ તહ કો ગએ અરમાં અબ તક ન તેરે દિલસે**

*(યમે ગમ = ગમનો દરિયો)*

**અર્થાત** : કોઈને શું ખબર કે ગમના સમંદરમાં દિલ કેવી રીતે ડૂબી ચૂક્યું છે, અને તમન્નાઓ કેવી રીતે તળીયે જઈ બેઠી છે, પણ આપના પર કુર્બાન ! હે મારા આક઼ા ! કે આપે હમેશાં પોતાની ઉમ્મતને યાદ રાખી છે, અને એમના સર્વ અરમાન આપની બરકતથી ઈન્શાઅલ્લાહ ! પૂર્ણ થશે.

**કરતા તો હૈ યાદ ઉનકી ગફલત કો ઝરા રોકે**
**લિલ્લાહ ! 'રઝા' દિલસે, હાં દિલસે, અરે દિલ સે**

**અર્થાત** : હે અહમદ રઝા ! તું તારા આક઼ાને યાદ તો કરે છે, પણ ક્યારેક ગાફેલ પણ થઈ જાય છે, ખુદારા ! આ ગફલતને દૂર કરી આપ, અને દિલથી ! હા ! હા ! દિલથી એમને યાદ કર્યા કર, કેમ કે એ જ તો છે કે : *ઉનકી મહકને દિલ કે ગુન્ચે ખિલા દિયે હૈં–જિસ રાહ ચલ દિયે હૈં કૂચે બસા દિયે હૈં* ❖❖❖

## હઝરત અબૂબક્ર રબીઅ رحمۃ اللہ علیہ

રજૂકર્તા : **અન્વારુલ હક્ક઼ બુખારી–મુન્દરા (કચ્છ)**

હઝરત અબૂબક્ર રબીઅ બિન સબીહ સઅદી બસરી رحمۃ اللہ علیہ ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કિનારે ઉત્તર ભરૂચ શહેરથી આશરે ૧૧ માઈલના અંતરે પશ્ચિમે આવેલ "ભાડભૂત" ગામે આજથી આશરે ૧૧૩૪ વર્ષ પૂર્વે હિ.સ. ૧૬૦માં અવસાન પામેલા એક મશહૂર "તાબેઈ"નો મઝાર છે. આપ હઝરતનું નામ "રબીઅ" પિતાનું નામ "સબીહ" અને પિતૃગત નામ "અબૂહફસ" હતું. આપ તમીમ ક઼બીલાના આઝાદ કરેલા ગુલામ હોવાથી "સાઅદી" કહેવાયા અને આપનું વતન બસરા હતું.

આપ હઝરત ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہનાં શિષ્ય હતા. ઈતિહાસકાર અબુલ હસન બલાઝરી (હિ. ૨૭૯) ફુતુહુલ બલદાન મિસરમાં છપાયેલ પુસ્તક પેજ નં. ૩૬૨ ઉપર લખે છે કે આપે આબાદાનનો કિલ્લો બંધાવી ત્યાંનાં લોકોને રક્ષણ આપ્યુ. આપ આબિદ, માહિર ફક઼ીહ, મુજાહિદ, મુસન્નિફ, આલિમ, પરહેઝગાર હતા. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ આપ વિશે કહે છે કે આપ મુસલમાનોના પેશ્વા હતા. અને બસરાના આબિદ અને ઝાહિદોમાંથી એક હતા. રાતમાં આપનું ઘર તહજ્જુદની નમાઝ અને તિલાવતના ગણગણાટથી મધપૂડાની માખીઓના ઘર જેવું લાગતું.

આપના વિશે ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ લખે છે કે આપથી હદીષો બયાન કરવામાં કોઈ ફર્ક નથી. આપ મોટા ઈબાદતગુઝાર, મર્દે મુજાહિદ હતા.


ભાડભૂતની જીત વિશે "તારીખે ઈસ્લામ"માં લખેલુ છે : સન હિજરી ૧૪૦માં હિશામ અને ઉમર આવવાનાં થોડી મુદત પછી ખલીફા મહેદીએ અબ્દુલ મલિક બિન શેહાબને હિ. ૧૫૯માં એક મોટી જમાઅતને હિંદુસ્તાન રવાના કરી, જેમાં હઝરત અબૂબક્ર રબીઅ ઈબ્ને સબીહ સઅદી બસરી رحمۃ اللہ علیہ પણ હતા, જેમનો દરજો "તાબઈન"નો હતો.

ભાડભૂત પહોંચી એક દિવસ આરામ કર્યા બાદ જેહાદના કાનૂન મુજબ ફૈંસલો ન થતાં, લડાઈ થઈ અને તેઓની જીત થઈ. પાછા ફરતી વખતે દરિયો તોફાની હતો, અને મુસાફરી કઠિન હતી એટલે આપ લોકો દરિયો શાંત થવાની રાહ જોવા થોભ્યા, તે દરમિયાન મોસમની ખરાબીનાં કારણે "હમા પારકર" નામી બીમારી ફાટી નીકળી, અને હવામાં અચાનક બગાડ પેદા થયો, જેના કારણે આપની જમાઅતના અંદાજે એક હજાર માણસો વફાત પામ્યા, જેમાં આપ હઝરત રબીઅ ઈબ્ને સબીહ رحمۃ اللہ علیہ આજ બીમારીમાં વફાત પામ્યા અને ગુજરાતની ધરતી ઉપર દફન થયા. *(મુખ્તસર તારીખે હિન્દી)*

મહાન ઈતિહાસકાર ફાઝિલ ચિલ્લીએ પોતાની કિતાબ "કશ્ફૂઝ–ઝુનુન"માં આપ માટે લખ્યું છે : મુસલમાનોમાં તે પહેલો માણસ છે જેણે કિતાબ લખી. *(તારીખે સિંધ (ઉર્દૂ) ભાગ–૧, અકાબેરીને–ગુજરાત, ભાગ–૧)*

Web: www.barkatekhwaja.net

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## દૂધના રિશ્તાનું બયાન

**મસ્અલા** : બાળકને બે વરસ સુધી દૂધ પીવડાવવામાં આવે. એનાથી વધારે (સમયની) ઈજાઝત નથી. દૂધ પીનાર બાળક છોકરો હોય કે છોકરી બન્ને માટે એક સરખો હુકમ છે (બન્ને બરાબર છે). આ હુકમ દૂધ પીવડાવવા માટે છે પરંતુ નિકાહ હરામ હોવા માટે અઢી વરસનો સમય છે. એટલે કે બે વરસ પછી જો કે દૂધ પીવડાવવું હરામ છે પણ અઢી વરસની અંદર જો દૂધ પીવડાવી દેશે તો નિકાહ હરામ હોવું સાબિત થઈ જશે. જો અઢી વરસની ઉંમર પછી પીધું તો નિકાહ હરામ થશે નહીં, જો કે પીવડાવવું જાઈઝ નથી તો પણ. *(બહાર વગેરે)* **મસ્અલા** : બે વરસની મુદ્દત પૂરી થવા પછી ઈલાજના કારણે પણ દૂધ પીવું અથવા પીવડાવવું જાઈઝ નથી.

**મસ્અલા** : રઝાઅ એટલે કે દૂધનો રિશ્તો ઓરતનું દૂધ પીવાથી સાબિત થાય છે. મર્દ અથવા જાનવરનું દૂધ પીવાથી સાબિત થશે નહીં. દૂધ પીવાનો અર્થ એ રીતનો નથી બલ્કે જો ગળા અથવા નાકમાં દૂધ ટપકાવવામાં આવ્યું તો પણ એ જ હુકમ છે. **થોડું પીધું કે વધારે પીધું હર હાલતમાં હુરમત સાબિત થઈ જશે. જો અંદર દૂધ પહોંચવાનું માલમ પડે.** જો છાતીને મોંમાં લીધી પરંતુ દૂધ પેટમાં ઉતર્યું નથી (દૂધ પીધું નથી) એવું માલમ પડે તો હુરમત સાબિત થશે નહીં. *(હિદાયા, જોહરા, બહાર વગેરે)*

**મસ્અલા** : જો ઓરતના દૂધને નળી મારફત દાખલ કરવામાં આવ્યું અથવા કાનમાં ટપકાવવામાં આવ્યું અથવા પેશાબના રસ્તે દાખલ કર્યું અથવા પેટ કે મગજમાં ઝખ્મ (ઘા) હતો તેના પર લગાડવામાં આવ્યું, જેનાથી અંદર દાખલ થઈ ગયું તો આવી હાલતમાં રઝાઅ એટલે કે દૂધનો રિશ્તો સાબિત થશે નહીં. *(જૌહરા, બહાર)*

**મસ્અલા** : ઔરતોએ જરૂરત વગર દરેક બાળકને દૂધ ન પીવડાવવું જોઈએ અને જો કદાચ પીવડાવે તો પોતે યાદ રાખે અને લોકોને પણ એ વાતથી વાકેફ કરી આપે. પોતાના ધણીની રજા વગર ઓરતે બીજા કોઈ બાળકને દૂધ ન પીવડાવવું જોઈએ કે એ મકરૂહ છે. અલબત્ત જો તે બાળક હલાક (મરી જવાનો) ભય હોય તો મકરૂહ નથી, પરંતુ નિશ્ચિત સમયની અંદર હર હાલતમાં દૂધનો રિશ્તો સાબિત થશે. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : બાળકે ઓરતનું દૂધ પીધું તો એની માતા ગણાશે અને એનો પતિ જેનું એ દૂધ છે એટલે કે (અર્થાત) એના સંભોગથી બાળક પેદા થયું જેનાથી ઔરતને દૂધ ઉતર્યું તે દૂધ પીનાર બાળકનો બાપ ગણાશે અને તે ઓરતની તમામ ઓલાદ તે બાળકના ભાઈ, બહેન બની જશે (ગણાશે). ભલે પછી તે તમામ એ ધણીથી (પેદા થયાં) હોય કે બીજા ધણીથી પેદા થયાં હોય. એ બાળકના દૂધ પીતા પહેલાંની ઔલાદ હોય અથવા પછીની ઔલાદ કે એક સાથેની ઔલાદ હોય તે તમામ હર હાલતમાં ભાઈ, બહેન ગણાશે અને તે ધણીના ભાઈ તે બાળકના કાકા ગણાશે અને તે પતિની બહેનો તે બાળકની ફોઈઓ કહેવાશે. એ જ રીતે એ ધણીના મા બાપ તે બાળકના દાદા દાદી અને ઓરતનાં મા બાપ, નાના નાની ગણાશે. *(હિંદિયા, બહાર)*

Web : www.barkatekhwaja.net

**મસ્અલા** : નસબમાં જે હરામ છે તે રઝાઈ (દૂધના સંબંધ)માં પણ હરામ છે, પરંતુ એ ભાઈ કે બહેનની માતા નસબમાં હરામ છે, કારણ કે તેણી ક્યાં તો એની મા હશે કે પછી બાપની સંભોગ પામેલ, અને બન્ને હરામ છે અને રઝાઈમાં હુરમતનું કોઈ કારણ નથી પરિણામે હરામ નથી. અને એની ત્રણ સ્થિતિઓ છે : **(૧)** રઝાઈ ભાઈની રઝાઈ માં અથવા **(૨)** રઝાઈ ભાઈની હકીકી (સગી મા) અથવા **(૩)** સગા ભાઈની રઝાઈ મા. એ જ રીતે પુત્ર કે પુત્રીની બહેન અથવા દાદી, કે નસબમાં પહેલી સ્થિતિમાં બેટી હશે (ગણાશે) અથવા રબીબા (મત્રાઈ બેટી) હશે. અને બીજી સ્થિતિમાં માતા હશે કે પછી બાપની સાથે સંભોગ પામેલી હશે. એ જ પ્રમાણે કાકા કે ફોઈની મા કે મામા કે માસીની મા ના નસબમાં દાદી, નાની હશે અને રઝાઈ મા (દૂધના રિશતામાં) હરામ નથી. એમાં પણ તે જ ત્રણ (હાલત) પ્રકાર છે. *(દુર્રે મુખ્તાર, હિંદિયા, બહાર)*

**મસ્અલા** : સગા ભાઈની રઝાઈ બહેન અથવા રઝાઈ ભાઈની સગી બહેન અથવા રઝાઈ ભાઈની રઝાઈ બહેન સાથે નિકાહ જાઈઝ છે તેમજ ભાઈની બહેન સાથે નસબમાં પણ એક સૂરત **જવાઝ** માટેની છે. એટલે કે મત્રાઈ ભાઈની બહેન જે બીજા બાપથી પેદા થઈ હોય. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : બે બાળકોએ એક ઓરતનું દૂધ પીધું. જેમાં એક છોકરો છે અને બીજી છોકરી તો એ બન્ને ભાઈ બહેન થયાં. તેમનો નિકાહ હરામ છે. ભલે બન્નેએ એક સાથે દૂધ પીધું ન હોય બલ્કે બન્નેના દૂધ પીવા વચ્ચે વર્ષોનું અંતર હોય તેમજ ભલે એક વખતમાં એક પતિનું દૂધ હતું અને બીજા વખતે બીજા પતિનું હતું. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : દૂધ પીનાર છોકરીના નિકાહ દૂધ પાનાર (ઓરત)ના છોકરા–પૌત્રાઓ સાથે થઈ શકશે નહીં. કેમ કે તે એની બહેન અથવા ફોઈ છે. અર્થાત દૂધ પીનાર છોકરી દૂધ પાનાર ઓરતના છોકરાઓની બહેન અને પૌત્રાઓની ફોઈ થઈ. *(દુર્રે મુખ્તાર)* **મસ્અલા** : જે ઔરત સાથે ઝિના કર્યો અને બાળક પેદા થયું એ ઓરતનું દૂધ જે છોકરીએ પીધું તે છોકરી ઝિનાખોર પર

**મસ્અલા** : પાણી અથવા દવામાં ઓરતનું દૂધ મેળવીને પીવડાવવામાં આવ્યું. તેમાં દૂધનું પ્રમાણ વધારે અથવા બરાબરનું હોય તો દૂધ પીવડાવવું સાબિત થશે અને જો દૂધનું પ્રમાણ ઓછું હશે તો દૂધ પીવડાવ્યું સાબિત થશે નહીં.

એ જ રીતે બકરી વગેરે કોઈ જાનવરના દૂધમાં ઓરતનું દૂધ મેળવીને દીધું તો જો જાનવરનું દૂધ અધિક હશે તો દૂધ પીવડાવવું સાબિત થશે નહીં. ઓછું અથવા બરાબરનું હશે તો દૂધ પીવડાવ્યાનું સાબિત થશે. અને જો બે ઓરતોનું દૂધ ભેગું કરી પીવડાવવામાં આવ્યું તો જે ઓરતનું દૂધ વધારે હશે એનું દૂધ પીવડાવ્યાનું સાબિત થશે અને જો બન્ને ઓરતોનું દૂધ સરખા પ્રમાણમાં પીવડાવ્યું હશે તો બન્ને ઔરતોનું દૂધ પીવડાવવું ગણાશે. એક રિવાયતમાં આ પ્રમાણે છે કે ગમે તેમ પણ બન્નેએ દૂધ પીવડાવ્યું સાબિત થશે. *(જૌહરા, બહાર)*

**મસ્અલા** : ખાવામાં ઓરતનું દૂધ મેળવી આપ્યું, જો તે પ્રવાહી, પાતળું, પીવા લાયક હશે જેમાં દૂધનું પ્રમાણ વધારે અથવા બરાબર જણાશે તો દૂધ પીવડાવ્યું ગણાશે. નહીં તો દૂધ પીવડાવ્યું સાબિત થશે નહીં. અને જો પાતળી પ્રવાહી ચીજ નહીં હોય તો બિલ્કુલ સાબિત નહીં થાય. *(રદ્દુલ્ મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : દૂધના રિશ્તાની સાબિતી માટે બે મર્દ અથવા એક મર્દ અને બે ઓરતોની ગવાહી હોવી જોઈએ. ભલે તે ઓરત પોતે દૂધ પીવડાવનારી હોય. ફકત (એકલી) ઓરતોની ગવાહીથી સાબિત થશે નહીં. પરંતુ બેહતર એ છે કે ઓરતોના કહેવાથી પણ જુદાઈ કરી લેવામાં આવે. *(જૌહરા, બહાર)*

**મસ્અલા** : મર્દે પોતાની ઓરતની છાતી ચૂસી તો એનાથી નિકાહમાં કોઈ ખરાબી નહીં આવે ભલે દૂધ મોંમાં આવ્યું હોય કે ગળામાં ઊતરી ગયું હોય તો પણ નિકાહ તૂટશે નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર)*




હપ્તો 3

❑ લેખક ❑

**મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી**

❑ અનુવાદક ❑

**હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી**

*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**(પ્રકરણ : ૪)**

## અસ્હાબે ફીલ

અબ્દુલ મુત્તલિબના જમાનામાં યમનના ઈસાઈ બાદશાહ ''અબરહા''એ યમનના પાટનગર ''સન્આ''માં એક શાનદાર ગિરજા ઘર (ચર્ચ) બનાવડાવ્યું અને એની કોશિશ કરવા લાગ્યો કે અરબના લોકો ખાનએ કા'બાના બદલે યમનમાં આવી આ ગિરજા ઘરનો તવાફ કરે. જ્યારે તેની એ ખ્વાહિશ પૂરી ન થઈ તો તેણે ગુસ્સામાં આવી કા'બાને તોડી નાખવા માટે હાથીઓની ફોજ સાથે મક્કા રવાના થયો. અબરહાના લશ્કરીઓએ કુરૈશનાં ઊંટ અને જાનવરો લઈ લીધાં, જેમાં બસો અથવા ચારસો ઊંટ અબ્દુલ મુત્તલિબનાં પણ હતાં. અબ્દુલ મુત્તલિબ અબરહા પાસે પહોંચ્યા અને કહ્યું કે, તમારા સિપાહીઓ અમારા ઊંટ હાંકી લાવ્યા છે તેને તમે પરત કરી દો ! અબરહાએ કહ્યું, હે મક્કાના સરદાર ! આપે મારાથી થોડાક ઊંટોનો સવાલ કર્યો, પરંતુ કા'બાના વિશે કોઈ વાત ન કરી જેને હું તોડવા આવ્યો છું !

અબ્દુલ મુત્તલિબે કહ્યું, મને તો મારા ઊંટોથી મતલબ છે, કા'બા ખુદાનું ઘર છે, તે પોતે તેની રક્ષા કરી લેશે.

આ સાંભળી અબરહાએ કા'બા પર ચઢાઈ કરવાની પૂરેપૂરી તૈયારી કરી લીધી. પેલી બાજુ અબ્દુલ મુત્તલિબ પોતાના ઊંટ લઈ પાછા ફર્યા અને કુટુંબના થોડા માણસોને લઈ કા'બાના દરવાજા પર આવી ખુદાવંદે કરીમથી તેની સુરક્ષાની દુઆ માગી. ત્યાર બાદ બધાને લઈ પહાડ પર ચઢી ગયા અને મક્કા ખાલી કરી દીધુ. અલ્લાહ તબારક વ તઆલાએ આપની દુઆ કબૂલ ફર્માવી. અબરહાએ જેવો મક્કામાં દાખલ થવાનો ઈરાદો કર્યો અચાનક સમુદ્રની તરફથી ''અબાબીલ'' નામના પક્ષીઓ આસમાનમાં છવાઈ ગયાં, જેમની ચાંચ અને પંજાઓમાં નાની નાની કાંકરીઓ હતી. તે પક્ષીઓએ અબરહાની ફોજ પર તે કાંકરીઓની વર્ષા શરૂ કરી દીધી. જેના માથામાં આ કાંકરી વાગતી તેના શરીરને છેદી હાથીના શરીરની આરપાર થઈ જતી. પરિણામ એ થયું કે અબરહાની ફોજનો એક વ્યક્તિ પણ જીવતો ન રહ્યો. અને તે એ રીતે તબાહ થયા કે તેમના શરીરની બોટીઓ ટુકડે ટુકડા થઈ વિખેરાઈ ગઈ. કુર્આન મજીદમાં આ બનાવ આ રીતે વર્ણન થયેલ છે :–

**તર્જુમો** : ''હે મહબૂબ ! શું તમે ન જોયું કે તમારા રબે હાથીવાળાઓનો શો હાલ કર્યો ? શું તેમનો દાવ તબાહીમાં ન નાખ્યો. અને તેમના પર પક્ષીઓની ટુકડીઓ મોકલી કે તેમને કાંકરીના પથ્થરોથી મારતા તો તેમને કરી નાખ્યા જેમ કે ચવાઈ ગયેલી ખેતીનાં પાંદડાં.''

*–(સૂરએ ફિલ, પારા : ૩૦, કન્ઝુલ ઈમાન)*

અબ્દુલ મુત્તલિબે જ્યારે તેમની આ હાલત

જોઈ તો ખુશી ખુશી પહાડથી ઉતરી ખુદાનો શુક્ર અદા કર્યો. આ બનાવ પછી અબ્દુલ મુત્તલિબનું માન પહેલાથીય વધી ગયું. અરબના લોકો તે વર્ષને "આમુલ્ ફિલ" કહે છે. એટલે કે હાથીઓનું વર્ષ. અસ્હાબે ફિલનો મતલબ થાય છે હાથીવાળા.

*(પ્રકરણ : ૫)*

## જન્મ અને પરવરિશ

તમે અસ્હાબે ફીલનો બનાવ વાંચી લીધો. આ બનાવના પંચાવન દિવસ બાદ આપણા નબી ﷺ ૧૨ રબીઉલ અવ્વલ, ઈ.સ. પ્રમાણે ૨૦ એપ્રિલ ઈ.સ. ૫૭૧ના રોજ ફજરના સમયે સોમવારના દિવસે મક્કા શરીફમાં હઝરત અબ્દુલ્લાહના ઘરે પેદા થયા. બાપ તો પહેલાં જ મૃત્યુ પામી ગયા હતા તે કઈ રીતે પોતાના બાળકને જોઈ ખુશ થતા. દાદા અબ્દુલ મુત્તલિબ બોલાવવામાં આવ્યા. તે વખતે તે કા'બા શરીફનો તવાફ કરી રહ્યા હતા. ખુશખબરી મળતાં ઘરે પહોંચ્યા અને મહોબ્બતમાં પૌત્રને ગળે લગાડી લીધો. ત્યારબાદ ખાનએ કા'બામાં લઈ ગયા અને ખૈર તથા બરકતની દુઆ કરી અને મુહમ્મદ નામ રાખ્યું. આ નામ બહુ વહાલુ હતુ. આ પહેલાં અરબમાં આ નામ નથી રાખવામાં આવ્યું.

સૌ પ્રથમ હુઝૂર ﷺએ અબૂ લહબની લોંડી "સૂવયૂબહ"નું દૂધ પીધું, પછી પોતાની માતાના દૂધથી સૈરાબ થયા. ત્યારબાદ હલીમા સઅદિયહ્ આપ ﷺને પોતાની સાથે લઈ ગયાં અને દૂધ પીવાડતાં રહ્યાં અને તેમની જ પાસે આપે દૂધ પીવાનો સમય વિતાવ્યો.

અરબના માલદાર અને શરીફ ઘરોમાં એ રિવાજ હતો કે તેઓ પોતાના બાળકોને દૂધ પીવડાવવામા માટે ગામડાઓમાં મોકલી આપતા જેથી ગામડાની સાફ સુથરી અને તાજી આબોહવાથી બાળકો પર તેનો સારો અસર પડે, અને તેમના અખ્લાક્ પણ સારા થઈ જાય. અને એક જબરદસ્ત ફાયદો એ થતો કે બાળકો સારી ભાષા શીખી લેતા. કેમ કે તે દિવસોમાં સારી અને શુદ્ધ અરબી ભાષા તે લોકો બોલતા જે શહેરથી દૂર ગામડાઓમાં રહેતા. વધુ પડતા શહેરોની ભાષા બહારના વ્યક્તિઓ સાથે મેળમેળાપથી શુદ્ધ અરબી ન રહેતી.

રિવાજ પ્રમાણે ગામડાઓની ગરીબ સ્ત્રીઓ મક્કામાં આવી બાળકોને દૂધ પીવડાવવા લઈ જતી. જે વર્ષે આપણા નબી ﷺ પેદા થયા તે વર્ષે પણ સ્ત્રીઓ આવી. તેઓએ માલદારોના બાળકોને લઈ લીધાં જેથી વધુ બદલો અને ઈનામ મળે. રસૂલે અકરમ ﷺ યતીમ પેદા થયા હતા એટલા માટે કોઈ સ્ત્રી આપના તરફ ધ્યાન ન આપતી.

તે સ્ત્રીઓમાં "બની સઅદ બિન બિક્ર"ની એક સ્ત્રી હલીમા સઅ્દિયા પણ હતાં. તેમને કોઈ બાળક ન મળ્યુ હતું, તેમણે પોતાના પતિ હારિષને કહ્યું કે ખાલી હાથે જવું યોગ્ય નથી, જો તમે પરવાનગી આપે તો આ યતીમ બાળકને લઈ જઈએ. હારિષે પરવાનગી આપી દીધી. ત્યાર બાદ હલીમા સઅ્દિયાએ નબી કરીમને પોતાના ખોળામાં લીધા. હવે શું ? હલીમાનું ઘર રહ્મતો અને બરકતોથી ભરપૂર થઈ ગયું. બંનેએ એકી સાથે કહ્યું, અમારા ઘરમાં જે રોનક નજર આવી રહી છે તે આ દુર્રે યતીમ (યતીમ બાળક)ની જ દેન છે. ખુદાની મરજી કે જે યતીમને તે લેવા ઈચ્છતાં ન હતાં અને એ સ્ત્રીઓએ પણ યતીમીની લીધે છોડી દીધા હતા તે જ યતીમની બરકતથી હલીમા સઅ્દીયાનું નામ એવું રોશન થયું કે કયામત સુધી બાકી રહેશે.

રિવાજ પ્રમાણે બે વર્ષ દૂધ પીવડાવ્યા બાદ હલીમા સઅ્દિયા હઝરત મુહમ્મદ ﷺને તેમની



Web. www.barkatekhwaja.net

પેજ નં. ૦૨ નું ચાલુ...

માતાના હવાલા કરવા મક્કા લાવ્યાં પરંતુ તે દિવસમાં મક્કામાં એક જાતનો વ્યાપક રોગચાળો ફેલાયેલો હતો. જેના કારણે તે તેમને લઈ ફરી પોતાના ઘરે પરત આવી ગયાં. આ રીતે લગભગ છ વર્ષ સુધી આપ ﷺ હલીમા સઅ્દીયાની સારસંભાળ (પરવરિશ)માં રહ્યા.

નાનાપણમાં બાળકોને રમવા કૂદવાનો ઘણો શોખ હોય છે, પરંતુ આપ નાની વયે પણ ખેલકૂદ અને લડાઈ ઝઘડાથી બહુ દૂર રહેતા હતા. હા ! કામ કરવામાં બહુ આગળ હતા. બીબી હલીમાના નાનાં મોટાં કામ કરી આપતા અને જંગલમાં પોતાની રઝાઈ (દૂધના સંબંધી) ભાઈઓ સાથે બકરીઓ ચરાવવા પણ જતા.

છટ્ઠા વર્ષે હલીમા સઅ્દિયાએ નબી કરીમ ﷺને તેમની માતાના હવાલે કરી દીધા. થોડાક દિવસો પછી હઝરતે આમેના આપને લઈ આપના દાદાના મોસાળ "બનૂ અદી બિન નજ્જાર"માં રિશ્તેદારોની મુલાકાત અથવા પોતાના શોહરની કૃબ્રની ઝિયારત માટે મદીના તશરીફ લઈ ગયાં. સાથે હઝરત અબ્દુલ્લાહની બાંદી "ઉમ્મે અયમન" પણ હતાં. મદીનાથી પાછા ફરતી વખતે "અબ્વા" ગામમાં આપની માતાનું મૃત્યુ થયું અને ત્યાં જ દફન થયાં. હઝરત ઉમ્મે અયમન આપને લઈ મક્કા આવ્યાં અને હુઝૂરને આપના દાદા અબ્દુલ મુત્તલિબના સુપરત કરી દીધા. આપના દાદા બહુ પ્યાર અને મહોબ્બત સાથે આપની પરવરિશ કરતા રહ્યા. જ્યારે આપ ﷺની ઉમર આઠ વર્ષની થઈ તો દાદાનો સાથ પણ માથા પરથી ઉઠી ગયો. ત્યાર બાદ આપના કાકા અબૂ તાલિબે આપની સારસંભાળ કરી. હુઝૂર ﷺની નેક આદતો અને પ્યારી પ્યારી અદાઓએ અબૂ તાલિબને એવા આકર્ષી લીધા હતા કે તેઓ ક્યારેય હુઝૂર ﷺને પોતાની નજરોથી ગાયબ થવા ન દેતા અને આપની બહુ સંભાળ રાખતા.

બોલીમાં દર્સની વ્યવસ્થા કરો. બલ્કે બેહતર થશે કે શનિ કે રવિવારે અકીદાઓનો કોર્સ, નમાઝનો કોર્સ, હદીષનો કોર્સ વગેરે નામોથી દર્સ શરૂ કરો. આ દર્સ ફક્ત એક કલાક માટે હોય અથવા એનાથી પણ ઓછો, અને તદ્દન સરળ ભાષામાં હોય.

**(૬)** અભ્યાસ (વાંચન)માં ખૂબ જ મહેનત કરીએ, અને જરૂરત વિના વોટ્સ એપ, ફેસબુક તથા અન્ય સાઈટોના ઉપયોગથી પરહેઝ કરીએ કે એમાં ઘણો સમય વેડફાઈ જાય છે, વિચારશો તો મેહસૂસ થશે કે એ સમયોમાં તિલાવત તથા કિતાબોનો અભ્યાસ કેટલો બધો થઈ શકતો હતો !

**(૭)** પૂર્વજ બુઝુર્ગ (અસ્લાફ)ની જિંદગી વિશે વાંચન કરીએ, તેમની કૃનાઆત (જે હોય તેમાં રાજી)થી ભરેલી જિંદગીથી સબક હાંસલ કરીને એમના નક્શે કૃદમ પર ચાલીએ, અને પબ્લિકથી કાંઈ આશા રાખવાને બદલે પરવરદિગાર ﷻથી ઉમ્મીદ રાખીએ ઈન્શાઅલ્લાહ ! એનાથી ઘણી હદે ફાયદો થશે, અને આપના દર્દ તથા અજંપાને સુકૂન નસીબ થશે, અને અલ્લાહ ﷻ ગયબથી મદદ ફર્માવશે. આપની નઝર કેવળ અને કેવળ મકીંને ગુંબદે ખદ્રા ﷺ અને તેમના નક્શે કૃદમ પર ચાલનારાઓ પર જ હોય.

**(૮)** જુમ્આ તથા જલ્સાના ખુત્બાઓ (તક્રીરો)માં પબ્લિકની પસંદ નહીં, બલ્કે પબ્લિકની જરૂરતનો ખયાલ રાખીએ, અને અકીદા તથા અમલોની સુધારણાના હેતુથી બયાન કુર્આન તથા હદીષની રોશનીમાં કરીએ, અને બયાનની તૈયારી ખૂબ જ મહેનતપૂર્વક પહેલેથી જ કરી લઈએ, ઈન્શાઅલ્લાહ ! ખૂબ જ ફાયદો થશે. અહીં પણ રબ તઆલાની રઝા જોઈ (રાજીપણા)નો હેતુ હોય. અલ્લાહ ﷻ આકાએ કરીમ ﷺના સદકા તથા તુફૈલ આપણને સૌને ઉપરોક્ત વાતો પર અમલની તૌફીક બખ્શે. (આમીન)

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ડિસે.૨૦૧૬)*

અતિશય હિકમતપૂર્ણ, પ્રાકૃતિક તથા ભલાઈથી ભરપૂર.....

# ઈસ્લામનું તલાક઼ વિશે બંધારણ

## કુર્આન હદીષની રોશનીમાં


**અઝ : મુહક્કિ઼કે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન રઝવી**

*(સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*


**نحمده ونصلی علی رسوله الکریم اما بعد۔ قال رسول اللّٰه صلی اللّٰه تعالٰی علیه وسلم : أن خیر ال حدیث کتاب اللّٰه وخیر الهدیِ هَدُیُ محمدٍ و خیر الهُدیٰ هُدیٰ محمدٍ ﷺ۔ رواه امام مسلم فی صحیحه۔**

હાજરજનો તથા શ્રોતાજનો ! જેમ કે આપે સાંભળ્યું કે મારા બયાનનો વિષય છે : ઈસ્લામનું તલાક઼ વિશે બંધારણ કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલની રોશનીમાં. નિકાહ પતિ તથા પત્નીના દરમિયાન એક ખાસ પ્રકારનો ક઼રાર છે. આ ક઼રાર થતાં જ પતિના માથે પત્નીના ચાર પાંચ પાયાના હક્કો લાઝિમ થઈ જાય છે. પત્નીના રહેઠાણનો હક્ક઼ કે તેણીના માટે ઘરની વ્યવસ્થા કરે. તેણીના માટે ખાવા પીવાનો હક્ક઼, તેણીના માટે લિબાસ તથા પોશાકનો હક્ક઼, અને ચોથો હક્ક઼ પત્નીને સમયાંતરે સહવાશ આપવાનો હક્ક઼, અને પાંચમો હક્ક઼ એ કે અક઼ીદા તથા અમલની ઈસ્લાહમાં એ રીતે તેણીની દેખભાળ કરવી કે તે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની મરજીનું કામ કરે. એનાથી કોઈ એવુ કાર્ય ન અંજામ પામે જે તેને જહન્નમમાં લઈ જનારુ હોય. આ પાંચ હક્કો પાયાની રીતે કિતાબ તથા સુન્નતની રોશનીમાં નિકાહ થતાં જ પતિના માથે લાગુ થઈ જાય છે. આ ઘણો જ પવિત્ર સંબંધ નિકાહનો હોય છે કે જેના કારણે બે અજનબી જિંદગીઓ બે શરીર એક પ્રાણ બની જાય છે. એ જ સંબંધની બરકત છે કે આજે માનવ જગતના સર્વ રિશ્તાઓ (સગાઈ સંબંધો) અસ્તિત્વમાં આવેલા છે. આ સંબધને વચ્ચેથી હટાવી દેવામાં આવે તો પછી દુનિયામાં કોઈ સગાઈ બાકી રહેશે નહીં. એના પરથી અંદાઝો લગાડી શકાય છે કે આ સબંધ કેટલો મહત્વનો કેટલો બરકતવંત અને કેટલો જરૂરી છે. એટલા માટે ઈસ્લામે યુવાનોને નિકાહ કરવાનો હુકમ આપ્યો અને રસૂલે ગિરામી વક઼ાર ﷺએ પોતાના ઈર્શાદો થકી વારંવાર લોકોને નિકાહ કરવા આકર્ષ્યા કર્યા અને એના માટે પ્રોત્સાહિત કર્યા.

આ સર્વ મહત્વતાઓ છતાં કદી કદી આ રિશ્તા (સગાઈ સંબંધ)ની ઈમારતમાં ગડબડ ઉભી થઈ જાય છે, તિરાડો પડી જાય છે, અને પતિ પત્નીની વચ્ચે એવી નાઈત્તેફાકી (વિવાદ) તથા કડવાશ પેદા થઈ જાય છે કે સમજાવવા પટાવવા છતાં તે બંનેવ એક સાથે જિંદગી ગુજારવાના માટે રાજી નથી થઈ શકતાં. આ સંજોગોમાં ઈસ્લામ એ ઈજાઝત આપે છે કે પતિના માથે પત્નીના જે પાંચેવ હક્કો ક઼રારના સબબે જે લાઝિમ થઈ ગયા હતા એ પાંચેવ હક્કોથી મુક્ત થઈ જાય. એ જ મુક્ત થવાનુ નામ બીજા શબ્દોમાં

"તલાક઼" છે. ઈસ્લામ એ નથી ચાહતો કે પત્ની પતિની સાથે રહેવા નથી ચાહતી, પતિ પત્ની સાથે નથી રહેવા માગતો, તો એકને બીજા પર સવાર કરી રાખે અને મજબૂર કરવામાં આવે કે પતિ, પત્નીને રાખે અને પત્ની, પતિની સાથે જ રહે ! જો એકને બીજા પર સવાર કરી રાખવામાં આવે અને સાથે રહેવા મજબૂર કરવામાં આવે તો ક્યાં તો બંનેવની જિંદગી ગુંગળામણમાં પસાર થશે, અથવા તો પછી તેઓ એકબીજાથી છૂટકારો પામવાના માટે કોઈ ઘણો જ અયોગ્ય તરીકો પણ અપનાવી શકે છે ! જેમ કે અન્ય બીજી ક઼ૌમોમાં આવા અયોગ્ય તરીક઼ા અપનાવવાના સમાચારો વર્તમાનપત્રોમાં, ટી.વી. પર ખૂબ જોવા મળે છે જે ક઼ૌમોમાં તલાક઼નું કોઈ સ્થાન જ નથી.

ઈસ્લામ દીને ફ઼િતરત (પ્રાકૃતિક ધર્મ) છે, એણે ઈન્સાનોના ફ઼િતરી તક઼ાઝાઓ (પ્રાકૃતિક અપેક્ષાઓ)નું ભરપૂર સન્માન કર્યું છે (તેનો લેહાઝ કર્યો છે.) ઈસ્લામ ફ઼િતરી તક઼ાઝાઓને કચડતો નથી, બલ્કે ફ઼િતરતને (પ્રાકૃતિક ડિમાન્ડો)ને સાચી દિશા અને સહી વળાંક અર્પણ કરે છે. અને આ પતિ પત્નીનો સંબધ એ કાંઈ વંશિક નથી કે જે ન ખુદ તૂટે કે ન તોડવાથી તૂટી, બલ્કે આ સંબધ સબબી છે જે નિકાહના કારણે વજૂદમાં આવે છે. નિકાહ એક ક઼રાર છે, જેમ કે બે પક્ષો વચ્ચે ક઼રાર થાય છે. તો કોઈને પણ અધિકાર હોય છે કે નાપસંદીદા સંજોગોમાં તેનાથી રાજીનામુ આપીને અલગ થઈ જાય.

કોઈ શખ્સ દુબઈમાં હોય અને આપણી પાર્લામેન્ટનો મેમ્બર હોય તે ત્યાંથી રાજીનામુ આપી દે કે મને એ મંઝૂર નથી કે હું પાર્લામેન્ટનો મેમ્બર (એમ.પી.) રહું. તો તેનું રાજીનામુ મંઝૂર કરી લેવામાં આવે છે અને તેનું પાર્લામેન્ટનું સભ્યપદ રદ કરી દેવામાં આવે છે. કોઈ વ્યક્તિ કોઈ પાર્ટીનો સભ્ય હોય, તેણે ક઼રાર કર્યો કે પાર્ટીમાં રહીને પાર્ટીનું કામ કરીશ, તેના હક્ક઼ોને અદા કરીશ. પરંતુ એ ચાહે છે કે હું પાર્ટીના હક્ક઼ોથી મુક્ત થઈ જાઉં તો દુનિયામાં ક્યાંય પણ રહે ત્યાંથી ફ઼ોન કરીને પાર્ટીના હક્ક઼ોથી પોતે પોતાને મુક્ત જાહેર કરી શકે છે.

દરેક સંસ્થાનો આ નિયમ છે, દેશનો આ દસ્તૂર છે, પાર્લામેન્ટનો આ દસ્તૂર છે, એસેમ્બલીનો આ દસ્તૂર છે. કેમ કે એ ફ઼િતરતનો એક તકાઝો (પ્રાકૃતિક ડિમાન્ડ) છે. તો પછી પતિ પત્ની વચ્ચે પણ નિકાહ એક ખાસ પ્રકારનો ક઼રાર છે જેના સબબે પતિના માથે એક નહીં, પાંચ પાંચ જાતના ઘણા મહત્વના તથા પાયાના હક્કો લાગુ થઈ જાય છે. તો કડવાશ તથા નાઈત્તેફ઼ાક઼ી (અનબન)ની સ્થિતિમાં શરીઅત પતિને પણ એ હક્ક઼ અતા કરે છે કે તે દુનિયામાં ક્યાંય પણ હોય ફ઼ોન કરીને, એસ.એમ.એસ. કરીને, પત્ર લખીને પત્નીના એ હક્કોથી પોતે પોતાને આઝાદ કરી લે, અને આ જ આઝાદીનું નામ તલાક઼ છે. જેથી આ તલાક઼ ફ઼િતરતના ક઼ાનૂન પ્રમાણે છે. જો કોઈ ડ્રામાનું રૂપ રચીને તેની મજાક ઉડેડે છે તો તેણે પોતાના બુદ્ધિ તથા ચતુરાઈની જાંચ કરાવવી (દિમાગની દવા કરાવવી) જોઈએ.

તલાક઼ સારી પણ હોય છે અને તલાક઼ બુરી પણ હોય છે. જો પતિ પોતાની પત્નીને એક સાથે ત્રણ તલાકો આપી દે તો એ બુરુ છે, એને આપણે "તલાક઼ે બિદઅત" (બુરી) કહીએ છીએ. સારી તલાક઼ શું છે ? સારી તલાક઼ એ છે કે જ્યારે નાપસંદીદા સંજોગો ઉપસ્થિત થઈ જાય, અનબન (નાઈત્તેફ઼ાક઼ી) પેદા થઈ જાય, અને નિભાવવાની કોઈ સ્થિતિ બાકી ન રહે તો પત્ની જે સમયમાં માસિકથી પાક હોય એ સમયગાળામાં પત્ની સાથે સંભોગથી પહેલાં પતિ તેણીને એક તલાક઼ આપે. આને "તલાક઼ે અહસન" કહે છે, જેને અમે સારી તલાક઼ કહ્યું છે.

જો આ તલાક઼ પછી પતિ તથા પત્નીના ગુસ્સાનો પારો નીચે ઉતરી આવે, અને તેમનાં દિલોમાં નરમી

તથા પ્રેમભાવ ફરીથી જાગી ઉઠે તો બંનેવ સાથે રહી શકે છે, શરીઅત તેમને એ હક્ક અતા કરે છે. પતિ એવું કરે કે પોતાની આપેલી તલાક઼ પાછી લઈ લે અને એવું કહી આપે કે મેં મારી આપેલી તલાક઼ પરત લઈ લીધી અને તને મારા પત્નીપણામાં પરત લઈ લીધી. પછી બંનેવ જિંદગીભર સાથે રહે.

આ ઘણો જ હિકમતપૂર્ણ (બુદ્ધિગમ્ય) તરીકો ઈસ્લામે આપ્યો છે કે એકબીજાના માથા પર સવાર પણ ન રહે, અને જો ગુસ્સો ઠંડો થઈ જાય તો પછી તલાક઼ને પરત લઈને બંનેવ સાથે જિંદગી પણ ગુજારે. પરંતુ જો ગુસ્સો ઠંડો ન પડે, દિલોમાં નરમી તથા પ્રેમભાવ ન જાગે, ત્યાં સુધી કે પત્નીને બીજીવાર માસિક આવી જાય અને પાક થઈ જાય તો પતિને અધિકાર છે કે પાકીના સમયમાં સોહબતથી પહેલાં બીજી તલાક઼ પણ આપી શકે છે.

તલાક઼ કુલ ત્રણવાર છે. જો પતિ પત્નીને માલૂમ હોય કે એમને ત્રણ જ તલાક઼નો અધિકાર છે, એક તલાક઼નો અધિકાર જઈ ચૂક્યો, બીજીનો પણ અધિકાર જઈ ચૂક્યો. ત્રીજી તલાક઼ આપ્યા બાદ પરત લેવાનો કે પરત થવાનો કોઈ હક્ક બાકી રહી જશે નહીં. તો આવા સંજોગોમાં જો એમનુ ઝમીર કાંઈ પણ જાગૃત છે તો બંનેવ આપસમાં સમાધાન કરી લે અને ઝઘડાને ખત્મ કરીને એક બનીને જિંદગી ગુજારવાનો વાયદો કરશે તો એ મોડ પર પણ શરીઅત એ ઈજાઝત આપે છે કે તમારે ન હલાલાની જરૂરત છે ન નવા નિકાહની જરૂરત છે. બંનેવ તલાક઼ો પરત લઈ લેવામાં આવશે. એવું કહી દો કે તલાક઼ પરત લઈ લીધી, તને પત્નીપણામાં પાછી લઈ લીધી. તો હવે સાથે રહો ! ન મહેરની જરૂરત ન નિકાહની જરૂરત ન હલાલાની જરૂરત ! કેવો હિકમતપૂર્ણ ઉસૂલ છે કે ફિતરત (પ્રકૃતિ)ના તક઼ાઝાઓને શરીઅતે કચડયા પણ નહીં, અને ઘણી જ નરમીની સાથે તેમની ઈસ્લાહ કરીને ફરી મહોબ્બત સાથે દાંમ્પત્ય જીવનના માર્ગો પર ચાલતાં કરી આપ્યાં.

હા ! જો બિલકુલ નાદાન છે ! અને આ નાદાની તે જ કરે છે જેને શરીઅતના હુકમો અને ''ત્રણ તલાક઼''ની ભયાનક્તાનો ઈલ્મ (જ્ઞાન) નથી, અને એવા પતિએ ત્રણ તલાક઼ આપી દીધી તો એ બુરુ છે. ઈસ્લામ એ તલાક઼ને બુરી સમજે છે, આપણે એ તલાક઼ને બુરી સમજીએ છીએ. એક સાથે પોતાની પત્નીને ત્રણ તલાક઼ો આપવી એ નાજાઈઝ તથા ગુનોહ છે.

જેમ કે હદીષે પાકમાં છે. હઝરત મહમૂદ બિન લબીબ સહાબીએ રસૂલનું વર્ણન છે કે :–

اُخبِرَ رسولُ اللہ ﷺ عن رَجُلٍ طَلَّقَ مَرْأَتَهُ ثَلٰثًا

''રસૂલુલ્લાહ ﷺને બતાવવામાં આવ્યું કે ફલાણાએ પોતાની પત્નીને ત્રણ તલાક઼ો આપી દીધી.'' તો હદીષે પાકના શબ્દોમાં હઝરત મહમૂદ બિન લબીબનું વર્ણન છે કે :–

فَقَامَ رسولُ اللہ ﷺ غضبانا ''તો ગુસ્સાના આવેશમાં રસૂલુલ્લાહ ﷺ ઊભા થઈ ગયા અને નારાઝગીના લહેજામાં ઈર્શાદ ફર્માવ્યો, اَيُلْعَبُ بِكِتَابِ اللهِ وأنا بين اَظْهُرِكم અલ્લાહની કિતાબની સાથે રમત કરવામાં આવી રહી છે ! જ્યારે કે હું હજી તમારા વચ્ચે મૌજૂદ છું !''

એક સાથે ત્રણ તલાક઼ોની ખબર પર રસૂલે રહ્‌મત ﷺનું નારાજ થઈને ઉભા થઈ જવું અને ગુસ્સાના આવેશમાં એ વાત ઈર્શાદ ફર્માવવું, એ વાતની દલીલ છે કે એક સાથે ત્રણ તલાક઼ો આપવી યોગ્ય નથી, જાઈઝ નથી. આ જ તે મુક઼ામ છે જે મક઼ામ પર પહોંચીને આપણા કેટલાક કહેવાતા બુદ્ધિજીવીઓ અથવા આપણી ગવર્નમેન્ટ એ વિચારવા લાગે છે કે એક સાથે ત્રણ તલાક઼ો આપવી એ પત્ની સાથે નાઈન્સાફી છે, અને તેણી સાથે જુલ્મ તથા જબરદસ્તી છે. એટલા માટે કેટલાક લોકો એવું

web: www.barkatekhwaja.net

વિચારવા લાગે છે, તથા આજે આપણી ગવર્નમેન્ટ પણ એવું વિચારવા લાગી છે કે જો કોઈ ત્રણ તલાક઼ો એક સાથે આપી દે તો હુકમ આપી દેવામાં આવે, ફૈંસલો કરી દેવામાં આવે કે એક તલાક઼ પણ પડશે નહીં !

પણ હું મારા આ સંબોધન થકી મારી વાત આપણી ગવર્નમેન્ટ સુધી પણ પહોંચાડવા ચાહુ છું અને આપણા બુદ્ધિજીવીઓ સુધી પણ પહોંચાડવા ચાહુ છું અને સર્વ મુસલમાનો સુધી પહોંચાડવા ચાહું છું કે કોઈ ચીજનું નાજાઈઝ તથા ગુનોહ (જુર્મ) હોવું અલગ ચીજ છે અને એના કારણે તેની અસરનું લાગુ થવું અલગ ચીજ છે. રોઝાની હાલતમાં ખાવુ પીવું નાજાઈઝ તથા ગુનોહ છે, પણ આખી દુનિયા સ્વીકાર કરે છે કે જો દિવસમાં કોઈ રોઝાદાર ખાશે પીશે તો એનો રોઝો તૂટી જશે. મસ્જિદમાં હવા ખારિજ કરવું (વા સારવું) નાજાઈઝ તથા ગુનોહ છે, પરંતુ દરેક મુસલમાન જાણે છે કે વા સરવાથી તેનું વુઝૂ તૂટી જશે. કોઈનું ખાવા કે પાણી જબરદસ્તી છીનવી લેવું અને છીનવીને ખાય લેવું, પી જવું આખુ જગત જાણે છે કે નાજાઈઝ છે તથા જુલ્મ છે, પરંતુ જો કોઈએ બીજાનુ ખાણુ જબરદસ્તી છીનવીને ખાય લીધું તો પેટ ભરાય જશે, પાણી પી લીધું તો તેની તરસ બુઝાય જશે. કોઈએ કોઈને પથ્થર ઉઠાવીને માથા પર મારી આપ્યો અને માથુ ફોડી નાખયું તો એ પથ્થર મારવું નાહક્ક઼ તથા ગુનોહ છે જુમ છે, પરંતુ મારશે તો માથુ જરૂરથી ફૂટશે. નાહક્ક઼ કોઈને બંદૂકની ગોળી વડે મારવું ખૂબ જ મોટો ગુનો છે, પરંતું જો મારશે તો તેની જાન જરૂર ચાલ્યી જશે. એવું નહીં કહેવામાં આવશે કે આ જુર્મ છે એટલા માટે જાન નથી ગઈ ! આગના સળગતા અંગારાઓમાં હાથ નાખી દેવો બુદ્ધિ તથા સમજની વિરુદ્ધ છે, અને શરીઅતની રૂએ પણ નાજાઈઝ તથા ગુનોહ છે, પરંતુ કોઈ નાખીને તો જુએ ! તેનો હાથ સળગે છે કે નહીં ?! આગના અંગારામાં હાથ નાખવો નાજાઈઝ તથા ગુનોહ છે, બુદ્ધિના વિરુદ્ધ છે, પણ હાથ સળગી જાય છે. કોઈને ગોળી મારવી ગુનોહ છે, જુર્મ છે, પણ જાન ચાલી જાય છે.

કોઈને પથ્થર મારવો નાહક્ક઼ ગુનોહ છે, જુર્મ છે, પણ પથ્થર મારે છે તો માથુ ફૂટી જાય છે અને ઘા પડે છે. રોઝાની હાલતમાં દિવસમાં ખાવુ પીવુ ગુનોહ છે, પણ ખાય પીએ છે તો રોઝો તૂટી જાય છે. મસ્જિદમાં વાનું સારવું નાજાઈઝ છે, પણ વા સરવા દે તો વુઝૂ તૂટી જાય છે. એ જ રીતે એક સાથે ત્રણ તલાક઼ો આપવી ગુનોહ છે, નાજાઈઝ છે, જુર્મ છે, પરંતુ જો કોઈ પોતાની પત્નીને નાદાની કરીને, મૂર્ખાઈ કરીને એક સાથે ત્રણ તલાક઼ો આપી દે તો તલાક઼ો પડી જશે અને પત્ની ત્રણ તલાક઼ોથી તલાક઼ પામેલ થઈ જશે. અને આ હું નથી કહેતો ! કુર્આને પાકની આયતોમાં તેની સ્પષ્ટતા મૌજૂદ છે અને નબવી હદીષોમાં એનો ખુલાસો મૌજૂદ છે. ......*(ક્રમશઃ)*

web.www.barkatekhwaja.net

**શાદી મુબારક !**

**હિંમતનગર** :મુહમ્મદ સલમાન (M.Pharm) S/o. અ.ગની રાજેભાઈની શાદી રિઝવાનાબાનુ D/o. ગુલામ મુહયુદ્દીન વસીવાળાની સાથે રવિવાર તા. ૧૩–૧૧–૨૦૧૬, ચાંદ ૨૧ સફર હિ.સ. ૧૪૩૮ના રોજ થઈ. જેની ખુશીમાં રૂા. ૨૦૦/– ''બરકાતે ખ્વાજા (માસિક)માં આપ્યા છે. મુબારકબાદ ! જઝાકલ્લાહ ! રબ્બે કરીમ દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને સદા ખુશ રાખે, દીનો ઈમાનની દૌલતથી નવાઝે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સૂરત** : બરકાતે ખ્વાજા (માસિક) તથા ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરાના નિઃસ્વાર્થ સફીર જનાબ હાજી અનીસ અ. ગની વાલોરીયાના નેક ફરઝંદ ''નવાઝ''ની શાદી મર્હૂમ હાજી અ. જબ્બાર હાજી અ. સત્તાર ભુરાની નેક દુખ્તર ''શિફા'' સાથે સૂરત મુકામે તા. ૧૩–૧૧–૨૦૧૬ રવિવાર, ૧૮ સફર હિ.સ. ૧૪૩૮ના રોજ થયા. દુલ્હા દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

ઉર્સ શરીફ : ૧૮ સફરુલ મુઝફ્ફર

# હઝરત દાતા ગંજબખ્શ રحمۃ اللہ علیہ ફયઝે આલમ

**હપ્તો : ૧**



હઝરત શયખ અલી હિજવૈરી رحمۃ اللہ علیہ સુલ્તાનુત્તરીક઼ત છે, ગંજે હક઼ીક઼ત છે, બુરહાને શરીઅત છે. આપ رحمۃ اللہ علیہ હસની સાદાતથી છે. આપનો વંશવેલો અમુક વાસ્તાઓથી હઝરત સૈયદના ઝયદ શહીદ બિન અમીરુલ મો'મિનીન હઝરત સૈયદના ઈમામ હસન رضی اللہ عنہને જઈને મળે છે. આપના બાપદાદા ગઝનીના રહેવાસી હતા. આપના વાલિદનું નામ ઉષ્માન અને દાદાનું નામ હઝરત અલી رحمۃ اللہ علیہ છે. ગઝની (અફઘાનિસ્તાન)માં આપનો જન્મ થયો. હિજવૈર શહેરનું નામ નથી બલ્કે ગઝનીના એક મહોલ્લાનું નામ છે એટલા માટે આપ ''અલી હિજવૈરી'' કહેવાયા. આપની કુન્નિયત ''અબુલ હસન'' છે અને ''ગંજ બખ્શ''ના લક઼બથી મશહૂર છે.

**ગંજબખ્શ લક઼બ પડવાનું કારણ :** ખ્વાજએ ખ્વાજગાન હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી સંજરી رحمۃ اللہ علیہ જ્યારે લાહોરમાં હાજર થયા તો આપના મઝાર મુબારક પર એ'તેકાફ કર્યો. ચાલતી વખતે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ નીચે પ્રમાણે શેઅર પઢયા :–

**ગંજ બખ્શ ફયઝે આલમ મઝહરે નૂરે ખુદા**
**નાક઼િસાંરા પીરે કામિલ કામિલાંરા રહનુમા**

એ દિવસથી આપનો લક઼બ ''દાતા ગંજબખ્શ'' (ખજાના આપનાર) મશ્હૂર થયો.

**તા'લીમ તથા તર્બિયત :** આપ જાહેરી ઈલ્મોની પ્રાપ્તિથી ફારિગ થઈને બાતિની ઈલ્મોની તરફ ધ્યાનિત થયા. આપના ઉસ્તાઝ શયખ અબુલ ક઼ાસિમ આપને ફર્માવતા હતા કે, ''ફક઼ીરના માટે મુર્શિદની હાજરીથી બેહતર અન્ય કોઈ ચીજ નથી, ફક઼ીરે જોઈએ કે હાજરી મુર્શિદની રાખે.''

આપ શયખ અબુલ ફઝ્લ બિન હસન ખતલીના મુરીદ છે, તે ખિઝરીના મુરીદ અને તે હઝરત શયખ શિબ્લીના મુરીદ છે.

**સૈર તથા સફરો :** આપે ખુરાસાન, માવરાઉન્નહર, આઝર બાઈજાનની સૈર તથા સફરો કરી. ઘણા દુરવેશોને મળ્યા અને ઘણી બરગુઝીદા હસ્તીઓથી ફયઝયાબ થયા. હઝરત શયખ ક઼ાસિમ ગિર્ગાની, હઝરત શયખ અબૂ સઈદ, અબુલ ખૈર તથા હઝરત શયખ અબુલ ક઼ાસિમ કુશૈરીના રૂહાની ફયઝથી ફૈઝયાબ થયા. આપ આપના પીરો મુર્શિદના હુકમથી હિંદુસ્તાન તશરીફ લાવ્યા

**વિસાલે બાકમાલ :** આપે હિ.સ. ૪૬૫માં આ નાશવંત જગતથી આખેરતના ઘરની સફર કરી. અમુકે વિસાલની સન હિ.સ. ૪૫૬ લખ્યું છે. મઝારે પુર અન્વાર લાહોરમાં ફયઝ તથા બરકતોનો શ્રોત વહાવી રહેલ છે.

**સીરતે અલી હિજવૈરી** رحمۃ اللہ علیہ **:** આપ કુત્બે ઝમાના હતા. ઝિક્ર તથા ફિક્ર, મુરાક઼બા તથા મુહાસિબા, ઈબાદત તથા રિયાઝતમાં મશગૂલ રહેતા. દુનિયવી ગંદકીઓથી પાક તથા સાફ હતા. આપની ખૂબીઓવાળી જાતથી ઘણા ખુદાના બંદાઓને ફયઝ પહોંચાડયો. આપના અગણિત તસર્રુફાત છે. *(તઝકેરએ અવલિયાએ પાકો હિંદ જદીદ–લાહોર)*

Web: www.barkatekhwaja.net

**દાતા તેરા દરબાર હૈ રહ્મતકા ખઝાના !** : શાહઝાદાએ દારુશિકવા કાદરી લખે છે, ''દર જુમેરાતે આપના રોઝએ અત્હર પર હજારો માણસો હાજર થાય છે, અને મશહૂર છે કે જે શખ્સ ૪૦ જુમેરાત અથવા પૂરા ચાલીસ દિવસ રોઝા મુબારક પર હાજરી આપે, તેની દરેક હાજત પૂરી થાય છે.'' *(સફીનતુલ ઔલિય, પેજ : ૨૧૦)*

મશહૂર ઈતિહાસકાર તથા સંશોધક મૌલાના નૂર અહમદ ચિશ્તી સાહબે પણ એવું જ લખ્યું છે. *(તહકીકાતે ચિશ્તી, પેજ : ૧૬૯)*

વળી દેવબંદી પેશવા મોલ્વી અશરફ અલી થાનવીના ખલીફા મોલ્વી અબ્દુલ માજિદ દર્યાબાદીએ પણ એ જ આ શબ્દોમાં લખ્યું છે : ''હાજતવાળાઓ આમ પણ સતત આવજા કરતા રહે છે. જુમેરાત તથા જુમ્આના દિવસે મજમો વધી જાય છે. અકીદતમંદોનો ખયાલ છે કે જો ૪૦ દિવસ સતત હાજરી આપવામાં આવે અથવા ચાલીસ જુમ્આની રાતો સતત હાજરી આપવામાં આવે, તો દરેક મુશ્કેલી આસાન તથા દરેક હાજત પૂરી થઈ જાય છે. *(તસવ્વુફે ઈસ્લામ, પેજ : ૩૬, લાહોર)*

**ગંજબખ્શ કી કહાની દર્યાબાદી દેવબંદી કી ઝબાની !** : હઝરત અલી હિજવૈરી رحمۃ اللہ علیہ (વફાત હિ.સ. ૪૬૫ અથવા ૪૫૬)નો લકબ ''ગંજ બખ્શ'' પડવાનું કારણ દર્શાવતાં મોલ્વી અબ્દુલ માજિદ દર્યાબાદી દેવબંદી લખે છે :– ''આમ લકબ જે ''ગંજ બખ્શ'' બોલવામાં આવે છે એના બારામાં રિવાયત એ છે કે હઝરત ખ્વાજા મુઈદ્દીન ચિશ્તી સંજરી અજમેરી (رحمۃ اللہ علیہ) એ આપના મઝાર પર આવીને સૂફીઓના દસ્તૂર પ્રમાણે ચિલ્લાકશી કરી અને ફયઝ તથા બરકતથી માલામાલ થઈને જ્યારે વિદાય થવા લાગ્યા તો મઝારના સામે ચહેરો કરીને આ શેઅર પઢયો :–

**ગંજ બખ્શ ફયઝે આલમ મઝહરે નૂરે ખુદા**
**કામિલાંરા પીરે કામિલ નાકિસાંરા રહ્નુમા**

*(હવાલો : ઉપર મુજબ)*

હવે જે લોકો આજકાલ ''દાતા'' તથા ''ગંજ બખ્શ''નો લકબ જેના મોઢેથી સાંભળે છે, તરત જ તેને **કાફિર** તથા **મુશ્રિક** બનાવી દે છે, તેમને અમે કહીએ છીએ કે જરા ડાબે જમણે જુઓ તો ખરા !

**જો ''ગંજ બખ્શ'' કહેનારો મુશ્રિક છે તો હઝરત ખ્વાજા અજમેરી رحمۃ اللہ علیہના બારામાં તમારા મુફતીઓનો શો ફત્વો છે ?!** અને ફત્વો લગાડતાં પહેલાં જરા દેવબંદીઓના શૈખુલ હિંદ હુસૈન અહમદ (મદની) ટાંડવીને પૂછી લો કે તે શું કહે છે ?! સાંભળો ! મોલ્વી હુસૈન અહમદ ટાંડવી કહે છે :

''હઝરત શયખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ, હઝરત ખ્વાજા બહાઉદ્દીન નકશબંદી رحمۃ اللہ علیہ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ, તથા તેમનાથી પહેલાં જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ, શયખ શહાબુદ્દીન સુહરવર્દી رحمۃ اللہ علیہ, આ બુઝુર્ગોએ જેમના અંદર રજમાત્ર પર શરીઅત વિરૂધ્ધ કોઈ વાત ન હતી.'' *(ખુત્બાત અપને અકાબિરકે, પેજ–૬૦, લાહોર)*

પેશવાઓ (દેવબંદીઓના) કહે છે કે તેમનામાં રજમાત્ર શરીઅત વિરૂધ્ધ વાત ન હતી, અને દેવબંદીઓના નાના મોલ્વીઓ કહે છે કે જે ''ગંજ બખ્શ'' કે ''દાતા'' અલ્લાહ સિવાય કોઈને કહે તો તે મુશ્રિક થઈ જશે ! એ ક્યાંનો ધર્મ છે ?!

હવે જ્યારે દારૂલ ઉલૂમ દેવબંદના માજી મોહતમિમ કારી તૈયબ કે જે તેમની જમાતના હકીમુલ ઈસ્લામ કહેવાય છે, તેમનું પણ સાંભળો કે તે પણ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ વિશે શું કહે છે ?! કારી તૈયબ દેવબંદી કહે છે :

''નવ્વાણુ લાખ લોકોએ એકલા હઝરત ખ્વાજા અજમેરી رحمۃ اللہ علیہના હાથ પર ઈસ્લામ સ્વીકાર્યો અને જેઓ એમના ખલીફાના હાથ પર ઈસ્લામ લાવ્યા એની ગણત્રી અલગ છે. *(ખુત્બાતે હકીમુલ ઉમ્મત, ૫/૫૩, કરાચી)*

**હવે ગૈર મુકલ્લિદો (અહલે હદીષ)નું પણ સાંભળો !** : કહેવાતા અહલે હદીષના પેશવા

www.barkatekhwaja.net

મોલ્વી ષનાઉલ્લાહ અમૃત્સરી સાહબ લખે છે કે, ''સૂફિયાએ કિરામના કારણે ઈસ્લામને ઘણી જ પ્રગતિ હાંસલ થઈ, જેમ કે રાજપૂતોમાં ઈસ્લામનો પ્રચાર હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃاللہعلیہના થકી થયો. કાશ્મિરમાં હઝરત અલી હમ્દાની رحمۃاللہعلیہના થકી ઈસ્લામ ફેલાયો, દિલ્હીની આસપાસ હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃاللہعلیہની ખાસ અસર હતી, હઝરત મુજદ્દિદ સાહબ સરહિંદી رحمۃاللہعلیہની ખિદમતો ઈસ્લામ પર ખાસ કરીને કદરને પાત્ર છે. એટલે કે બુઝુર્ગોને દીનની ઈસ્લામની ખિદમતમાં કોઈ ઈન્કાર નથી કરી શક્તુ.'' *(ફતાવા ષનાઈય્યહ, ૧/૧૫૧, સરગોધા)*

ઉપરોક્ત હવાલાઓથી જાણવા મળ્યું કે હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી સંજરી رحمۃاللہعلیہએ અખંડ ભારતમાં ઈસ્લામ ફેલાવ્યો, શિર્ક નહીં ! લાખો લોકોને (દેવબંદીઓની ઝબાની પણ) મુસલમાન કર્યા, મુશ્રિક નથી બનાવ્યા. અને લકબ ''ગંજ બખ્શ'' દુનિયામાં મશહૂર કરવાવાળા અને એવું કહેનારા પણ ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી رحمۃاللہعلیہ જ છે. **જો ''ગંજ બખ્શ'' કહેવું શિર્ક છે તો અમે પૂછીએ છીએ કે જે ખૂદ (નઊઝુ બિલ્લાહિ મિઝ્ઝાલિક) મુશ્રિક હતા (વિરોધીઓના કહ્યાનુસાર) તો અન્ય લોકોને કેવી રીતે મુસલમાન કરતા રહ્યા અને ઈસ્લામ ફેલાવતા રહ્યા ?!**

સાથોસાથ એક અધિક હવાલો પણ જોતા ચાલો. દેવબંદી અઠવાડિક ''અસ્સીરત''માં એક લેખ પ્રસિધ્ધ થયો જેનુ હેડિંગ છે ''દાતા ગંજ બખ્શનું લોહોરમાં આગમન'' *(મુહમ્મદ અસ્લમ અસ્સીરત, નવે. ૧૯૫૯, જ.આખર હિ.સ. ૧૩૭૯)*

**હવે જો ''દાતા'' તથા ''ગંજ બખ્શ'' કહેવું શિર્ક તથા કહેનાર મુશ્રિક છે અને અલ્લાહ તઆલા સિવાય કોઈ દાતા તથા ગંજ બખ્શ નથી, તો ઉપરોક્ત હવાલાઓની રોશનીમાં તેમને એવું કહેનારા તથા લખનારા આ દેવબંદી ગુરૂઓ વિશે શું ફત્વો આપો છો ?! શું એઓ મુશ્રિક છે ?!**

**વધુ એક દેવબંદી ફિર્કાના ઈમામની ગવાહી ! :** દેવબંદીઓના ઈમામ મોલ્વી સરફરાઝ ગખોળવી કહે છે : ''હઝરત અલી હિજવૈરી رحمۃاللہعلیہ ઘણા જ મહાન અવલિયામાંથી થઈ ગયા છે, જેમને લોકો ''દાતા ગંજ બખ્શ'' કહે છે. એ બુલંદ પાયાના બુઝુર્ગ હતા. એમના કારણે આપણા બાપદાદાઓને દીન તથા ઈમાન નસીબ થયું, નહીં તો આપણા મોટેરાઓ તો ખત્રી (મુશ્રિક) તથા સિખ હોત..... *(મલ્ફૂઝાતે ઈમામે અહલે સુન્નત, પેજ–૨૩૧, કરાચી)*

**કશ્ફુલ મહજૂબ શરીફ :** ઈમામુલ અવલિયા હઝરત દાતા ગંજ બખ્શ અલી હિજવૈરી رحمۃاللہعلیہ ની કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' જાહેરી તથા બાતિની ઈલ્મોનો ખજાનો છે. તસવ્વુફના વિષયે આપની આ ઉમદા કિતાબ અજોડ તથા લાજવાબ છે. ઉલમાએ કિરામ તથા અવલિયાએ એઝામ તેની પ્રશંસા તથા ફાયદા તથા લાભો વર્ણવવામાં લાગેલા જોવા મળે છે શહઝાદા દારુશિકવા કાદરી ''કશ્ફુલ મહજૂફ શરીફ''ના વિશે લખે છે : '' આ કિતાબ હકીકતમાં સંપૂર્ણ માર્ગદર્શક છે. તસવ્વુફની કિતાબોમાં મુર્શિદ કામિલ છે. ફારસી ભાષામાં આવી કામિલ કિતાબ નથી જોયી.'' *(સફીનતુલ અવલિયા, પેજ–૨૧૦, કરાચી)*

**મુહમ્મદ દીન કલીમ લખે છે :** ''શાહ ફારૂક અહમદનું ઈસાઈ નામ લેનોર્ડ હતું. ઈસ્લામ સ્વીકાર્યા બાદ તેમની તબીઅતમાં મઝહબની તરફ ખૂબ જ વધુ લગાવ થઈ ગયો. આપને હઝરત દાતા સાહબથી ખૂબ જ મહોબ્બત હતી જેના કારણે કશ્ફુલ મહજૂબનો અભ્યાસ કર્યા કરતા હતા. અને એ કશ્ફુલ મહજૂબનો અભ્યાસ કરીને જ આ મુસલમાન થયા હતા.'' *(મદીનતુલ અવલિયા, પેજ–૫૫૧, લાહોર)*

**દેવબંદી મોલ્વી અબ્દુલમાજિદ દર્યાબાદી લખે છે :** ''સૌથી વધીને સનદી તથા મહાન કૌલ સુલ્તાનુલ મશાઈખ, નિઝામુલ મિલ્લત નિઝામુદ્દીન અવલિયા رحمۃاللہعلیہનો છે. આપનો ઈર્શાદ હતો કે

જેનો મુર્શિદ ન હોય તેને ''કશ્ફુલ મહજૂબ''ના અભ્યાસની બરકતથી મળી જશે. *(તસવ્વુફે ઈસ્લામ, પેજ–૩૮, લાહોર)*

**ગૈર મુક઼લ્લિદોના મુખપત્રએ જણાવ્યું :** ''આ કિતાબ તસવ્વુફના ઈલ્મમાં પંજાબના ખ્યાતનામ બુઝુર્ગ શૈખ અલી હિજવૈરી સાહબ લાહોરી رحمۃ اللہ علیہની અઝીમુશ્શાન યાદગાર છે. એની પ્રશંસામાં હઝરતનું નામ જ જામિન માટે પૂરતુ છે.'' *(અઠવાડિક અહલે હદીષ, અમૃત્સર, ૩૦ જ. અવ્વલ, ૧૩૫૭, પેજ–૨૦)*

## હઝરત દાતા ગંજ બખ્શ رحمۃ اللہ علیہની કરામતો

આપ رحمۃ اللہ علیہની કરામતોનું વર્તુળ પણ ઘણુ વિશાળ છે. બરકત પ્રાપ્તિ ખાતર કેવળ એક બે કરામતો રજૂ કરીએ છીએ.

**લાહોરમાં રહી કા'બાનો દીદાર કરાવી આપ્યો :** એક મસ્જિદ પણ આપે જાતે બંધાવી હતી, જેનો મેહરાબ અન્ય મસ્જિદોની સરખામણીમાં દક્ષિણ બાજુ નમતો હતો. એ સમયના ઉલમાએ મેહરાબ ત્રાંસો હોવા પર વાંધો ઉઠાવ્યો. એક દિવસે આપે સૌને ભેગા કર્યા, પછી ઈમામત કરી અને નમાઝ બાદ સૌને સંબોધન કર્યું કે જુઓ ! કા'બા કઈ બાજુ છે ?! સર્વ પર્દાઓ વચમાંથી હટેલા હતા અને કા'બા શરીફ સામે હતો !'' આ કરામતનો ઉલ્લેખ દેવબંદી મોલ્વી અબ્દુલ માજિદ દર્યાબાદીએ વિગતવાર કર્યો છે, અને જોવા માટે વાંચો કિતાબ તસવ્વુફે ઈસ્લામ *(પેજ નં.–૩૮, લાહોર)*

**જોગી સાથે મુક઼ાબલો :** મશહૂર ગૈર મુક઼લ્લિદ મોલ્વી ગુલામ રસૂલ મુા. કિ઼લ્આ, મિયાં સંઘવાળાનો પુત્ર મોલ્વી અબ્દુલ ક઼ાદિર અહલે હદીષ લખે છે : ''અલી હિજવૈરી સાહબ رحمۃ اللہ علیہ મઅરૂફ ગંજ બખ્શ સાહબ, જેમનો મઝાર લાહોરમાં છે. અલ્લાહ તઆલાના તરફથી તેમને લાહોરમાં સ્થાયી થવાનો હુકમ મળ્યો. આપ લાહોર તશરીફ લઈ આવ્યા અને જ્યાં આપનો મઝાર છે ત્યાં સ્થાયી થઈ ગયા, કેમ કે આપને એ જ જગા કશ્ફ થકી દેખાડવામાં આવી હતી. આપની આસપાસમાં એક જોગી રહેતો હતો જે ઈસ્તેદરાજ (ચમત્કારો)ના કારણે ખૂબ જ પ્રખ્યાત હતો અને ઘણા લોકો એને ગુરૂ માનતા હતા. જુમેરાતના દિવસે તેની પાસે શહેર તથા દૂર દૂરથી દૂધ આવ્યા કરતુ હતું. જે શખ્સ એ દિવસે જોગીની પાસે દૂધ લાવતો ન હતો અથવા એની નિય્યત દૂધ ન લાવવાની થઈ જતી હતી તેની ગાય કે ભેંસના બાવલામાં દૂધને બદલે લોહી આવી જતુ હતું. ઘણા બધા લોકો એ જોગીના કારણે શિર્કમાં સપડાયેલા હતા. અલ્લાહ તઆલાએ અલી હિજવૈરી સાહબને એ ફિત્ના તથા ફસાદને દૂર કરવાના માટે મોકલ્યા. તેમણે પણ તેના માર્ગમાં ઝુપડી ઉભી કરી દીધી.

એક દિવસે એક વૃદ્ધા દૂધ લઈને જોગીની પાસે જઈ રહી હતી. રસ્તામાં શ્વાસ ખાવા માટે અલી હિજવૈરી સાહબની પાસે રોકાયી. આપે પૂછયું, માઈજી ! કયાંથી આવ્યાં છો અને ક્યાં જવું છે ? વૃદ્ધાએ પોતાની વિગત રજૂ કરી. આપે ફર્માવ્યું, હજી કાંઈક રસ્તો બાકી છે, આપને ત્યાં પહોંચવામાં તકલીફ થશે જેથી આ દૂધ મને આપી દો. વૃદ્ધા બોલી, મારે તો આપવાનું જ છે, તમને આપી તો દઉં પણ ખતરો એ છે કે દૂધ આપવાવાળી મરી ન જાય ! કેમ કે એવા ઘણા બનાવો કેટલાય લોકો સાથે બન્યા છે. આપે ફર્માવ્યું, ખુદા પર ભરોસો કરો અને દૂધ મને આપતાં જાવ ! અલ્લાહ તઆલા દૂધ આપનારીનું દૂધ ડબલ કરી આપશે. આપનું ફર્માન વૃદ્ધાના દિલ પર અસર કરી ગયું અને આપને દૂધ આપીને પરત થઈ ગયા. ખુદાના ફ઼ઝ્લથી તેની ગાયે અલી હિજવૈરી સાહબના ફર્માનના પ્રમાણે બીજા દિવસે દૂધ તથા ઘી બમણુ આપ્યું અને વૃદ્ધાએ પોતાના

www.barkatekhwaja.net

ગામના લોકોને જેઓ જોગીની પાસે જયા કરતા હતા તેમને પોતાનો બનાવ વર્ણવ્યો. એની એ અસર થઈ કે આવનારી જુમેરાતે એ ગામની સર્વ સ્ત્રીઓ બધું જ દૂધ અલી હિજવેરીને ભેટ ધરી ગઈ. ક્રમે ક્રમે આસપાસના વિસ્તારમાં આ ખબર મશહૂર થઈ ગઈ. થોડાક જ અરસામાં જોગીની તરફ લોકોની આવજા ઓછી થઈ ગઈ અને આપના તરફ આવન જાવન વધી ગયું. જોગીએ પોતાના ચેલાઓથી લોકોની કમીનો સબબ પૂછયો. તેમણે અલી હિજવેરી સાહબ મર્હૂમનું નામ લીધુ અને સાથોસાથ કેટલાક શબ્દો પણ કહ્યા. તો જોગી સાંભળતાં જ ગુસ્સામાં લાલચોળ થઈ ગયો. તેમના મેળાનો દિવસ નજીક હતો. જ્યારે મેળાનો દિવસ નજીક આવ્યો તો જોગી અલી હિજવેરી સાહબના મુકાબલા માટે આવ્યો અને કહ્યું કે, ''આપ કાંઈ જુઓ અથવા દેખાડો !'' આપે ફર્માવ્યું, હું મદારી નથી. તેણે કહ્યું, પહેલાં આપ ઉડો અથવા હું ઉડુ છું. આપે ફર્માવ્યું, ઉડવું એ તો માખીઓનું કામ છે. જોગી ગુસ્સામાં આવ્યો અને પોતાના પગો પર ઉભો થઈને ઉડી ગયો. જ્યારે નજરથી ગાયબ થવા આવ્યો તો આપે એક તૂટેલી ચપ્પલ પકડી અને

بسم اللّٰہ الرحمٰن الرحیم بقدرۃ اللّٰہ وانا علیٰ ملۃ رسول اللّٰہ

પઢયું અને કહ્યું, જા ! અને એ શૈતાન મરદૂદને મારી પાસે લઈ આવ ! ચપ્પલ અલ્લાહના ફઝ્લો કરમથી ઉપરની તરફ ઉડી અને જોગીના માથા પર પડવાની શરૂ થઈ ગઈ અને જોગીને પરત જમીન પર લઈ આવી જ્યાં હજારો લોકો જોઈ રહ્યા હતા. આવતાવેંત જોગી પોતાના ચેલાઓ તથા હજારો લોકો સહિત કલ્મો પઢી મુસલમાન થઈ ગયો. *(સવાનેહે હયાત ગુલામ રસૂલ, પેજ : ૧૨, ૧૩, ગુજરાનવાલા, પાક.)*

**બનાવના ફાયદાઓ** : મોલ્વી અબ્દુલક઼ાદિર ગૈર મુક઼લ્લિદે પણ હઝરત અલી હિજવેરીને ''ગંજ બખ્શ'' કહ્યા છે અને આજના તેમના મુફતીઓ ફત્વો આપે છે કે એવું કહેનાર મુશ્રિક છે. તો શું કહો છો તમારા આ મોલ્વી અબ્દુલ ક઼ાદિર માટે ?! એ મુશ્રિક છે કે શું છે ? આ ગૈર મુક઼લ્લિદ મોલ્વીએ એ પણ લખ્યું છે કે :

- દાતા ગંજબખ્શ ''મરહૂમ''.
- ''આપ رحمۃ اللہ علیہ અલ્લાહ તઆલાના હુકમથી લાહોર તશરીફ લાવ્યા હતા.''
- ''આપે ફર્માવ્યું કે દૂધ મને આપી જાવ ! અલ્લાહ તઆલા દૂધ આપનારીનું દૂધ બમણુ કરી આપશે.'' જાણવા મળ્યું કે આપ અલ્લાહ ﷻ ના ફઝ્લો કરમથી જાણતા હતા કે દૂધ ડબલ થઈ જશે.

જાણવા મળ્યું કે અલ્લાહના વલી હુકમ ફર્માવે તો બુટ ચપ્પલ પણ ઉડવાનું શરૂ કરી આપે છે. જે દેવબંદી વહાબીઓ કહે છે કે, ''નબીના ચાહવાથી કાંઈ નથી થતું !'' *(તક઼વિયતુલ ઈમાન)* તેઓ પૂર્વગ્રહના ચશ્મા હટાવે અને જુએ કે જ્યારે અલ્લાહે વલીને આ પાવર નબી ﷺના સદક઼ાથી જ આપ્યો છે તો નબી ﷺની વાત જ શું કરવી ?!

હઝરત સૈયદના દાતા અલી હિજવેરી رحمۃ اللہ علیہ આસ્માને વિલાયતના તે અતિશય ચમકતા સિતારા છે કે સર્વ જમાનો તેમનો પ્રશંસક છે. મઅરેફતની દુનિયાના એવા બેતાજ બાદશાહ છે કે પોતાનાં તથા ગૈર સૌ બારગાહમાં હાજર થાય છે. તસવ્વુફના એવા તાજદાર છે કે દરેક દરબારમાં હાજર છે. પોતાનાં તથા ગૈર મારા ''દાતા''ને દાતા માને છે. સૌ મારા ગંજબખ્શ સરકારને ગંજ બખ્શ માને છે .......*(ક્રમશઃ)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


Web: www.barkatekhwaja.net

ઉર્સ : ૨૯ મુર્હરમ

# હઝરત સૈયદશાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી رحمۃ اللہ علیہ

## ★ જન્મ મુબારક ★

આપનું નામ અહમદ હતુ. વજીહુદ્દીન લક્બથી મશહૂર થયા. ચાંપાનેર મુહમ્મદાબાદમાં હિજરી ૯૧૦ માં ૨૨મી મુહર્રમે આપનો જન્મ થયો. "શૈખ" શબ્દથી આપના જન્મની તારીખ નીકળે છે. હિજરી ૯૧૮માં પિતાજી હઝરત નસ્રૂલ્લાહ رحمۃ اللہ علیہની સાથે ચાંપાનેર છોડી અહમદાબાદના ખાનપુર સ્થળે આવી વસ્યા.

આપ હુસૈની સાદાતમાંથી છે, ૨૬મી પેઢીમાં જઈને આપનો નસબ સૈયદુશ્શોહદા ઈમામે આલી મક઼ામ સૈયદના ઈમામે હુસૈન رضی اللہ عنہથી મળે છે.

## ★ આપનું બાળપણ કમાલથી ભરપૂર ★

આપ કશ્ફો કરામતના ભંડાર હતા. બચપણથી આપનામાં બુઝુર્ગી અને મહાનતાનાં ચિન્હો જણાતાં હતાં. **બાળપણમાં કદીયે વગર વુઝૂએ આપે આપની વાલિદાથી દૂધ પીધુ નથી. આપના વાલિદા આપને પોતાના મુબારક હાથો વડે વુઝૂ કરાવી પછી જ દૂધ પીવડાવતાં.** દિવસે મદ્રસામાં વિદ્યાર્થીઓને દર્સ સબક઼ આપતા અને રાત્રે મુરીદો સમક્ષ બોધવચનો અને રૂહાનિયતના ધોધ વહાવતા.

## ★ બાતિની જાહેરી ઈલ્મની પ્રાપ્તિ ★

હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہ તીવ્ર સ્મરણશક્તિ, બુદ્ધિશાળી અપ્રતિમ સૂઝ બૂઝના માલિક હતા. ફક્ત બે જ વર્ષના ગાળામાં એટલે કે ૭ વર્ષની વયે આપે સંપૂર્ણ કુર્આને પાક હિફ્ઝ કર્યું.

હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہએ પોતાના સમયના નામાંકિત આલિમો પાસેથી ઈલ્મ પ્રાપ્ત કર્યો હતો. હઝરત સૈયદ શાહ કાઝી નસ્રૂલ્લાહ અલવીય્યુલ હુસૈની સત્તારી ક઼ાદરી, ચિશ્તી (જે આપના વાલિદ માજિદ છે) પાસેથી પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું તે ઉપરાંત હઝરત શાહ કાઝન ચિશ્તી رحمۃ اللہ علیہ ના મામા હઝરત બડા અબુલ્ક઼ાસિમ رحمۃ اللہ علیہ, કાકા સૈયદ શમ્સુદ્દીન رحمۃ اللہ علیہ, મૌલાના ઈમામુદ્દીન તારમી رحمۃ اللہ علیہ, ખતીબ અબુલ્ફઝલ ગાઝરૂની رحمۃ اللہ علیہ વગેરે પાસેથી ઈલ્મ પ્રાપ્ત કર્યો. પ્રારંભમાં હઝરત શૈખ કાઝન શત્તારીથી રૂહાની વિદ્યા પ્રાપ્ત કરી પછી સુલૂકની તાલીમ હઝરત મુહમ્મદ ગૌષ ગ્વાલિયરી رحمۃ اللہ علیہથી મેળવી. લગભગ ૨૪ વર્ષ સુધી અને એક કથન મુજબ ૩૫ વર્ષ સુધી આપ ઈલ્મ વિદ્યામાં પારંગત થતા રહ્યા.

## ★ દર્સો તદરીસ તથા હુઝૂરની નવાઝિશ ★

ઈલ્મ પ્રાપ્તિ પછી વફાત સુધી સઘળી જિંદગી દીની શિક્ષણ આપવાનું કાર્ય અંજામ આપ્યું, અને સળંગ ૬૪ વર્ષ સુધી એક સફળ દીની અધ્યાપક તરીકેની જિંદગી જીવીને ઈતિહાસ રચી દીધો. હિજરી ૯૩૪ (ઈ.સ. ૧૫૨૮) એટલે કે આજથી ૪૮૮ વર્ષ પહેલા આપે ખાનપુરમાં "મદ્રસ–એ–આલિયા અલવિય્યહ"ની સ્થાપના કરી. આ મદ્રસાએ ક્રમે ક્રમે વિકાસ પામી એક વિદ્યાપીઠનું સ્થાન મેળવ્યું હતું. તે સમયમાં સમગ્ર ગુજરાતમાં આપનું દારૂલ ઉલૂમ સૌથી મોટુ ગણાતું. હજારો વિદ્યાર્થીઓ આપના દારૂલ ઉલૂમથી દર્સ લઈ દુન્યાના ખૂણેખૂણામાં ઈસ્લામની તબ્લીગ અર્થે પ્રસરી ગયા. આ મદ્રસો ગુજરાત, કાઠિયાવાડ, ખાનદેશ અને દખ્ખણની યુનિવર્સિટી ગણાતો.

આપની વફાતનો સમય જ્યારે નજીક આવ્યો તો આપે દર્સ આપવાનું બંધ કરી દીધુ પણ હુઝૂર સરવરે કાઈનાત ﷺએ ખ્વાબમાં ઈર્શાદ ફર્માવ્યું કે કેટલાયે વખત તમારા દર્સની મેહફિલમાં અમો પણ

✽ અઝ : મુહમ્મદ મુનવ્વર રઝા (ખાદિમુત્તલબા દારૂલ ઉલૂમ મિસ્કીનિયહ, ધોરાજી)

Web: www.barkatekhwaja.net

આવીએ છીએ. જેથી આપે ફરી દર્સ દીધુ અને ૬૪ વર્ષ સુધી ઈલ્મની જ્યોત પ્રજવલ્લિત રાખી અને આ જ હાલતમાં દનિયાને વિદાય આપી મુહર્રમની ૨૯મી તારીખ હિ.સ. ૯૯૮માં આપની વફાત થઈ.

## ★ આપની ઈલ્મી ખિદમતો ★

આપ رحمۃ اللہ علیہના મદ્રસાનો પુસ્તકાલય ખૂબ જ વિશાળ હતો તેમાં અસંખ્ય પુસ્તકો હતાં. કેટલાક લહિયા (કાતિબો) રાત દિવસ આ લાયબ્રેરીમાં જ કિતાબોની નકલ કરવામાં પ્રવૃત રહેતા. આપના બે સાહબઝાદા હઝરત શાહ અબ્દુલ વાહિદ અને હઝરત શાહ હામિદ પણ આ જ કાર્ય અંજામ આપતા હતા.

આપ હઝરત ઈલ્મના ભંડાર સમા હતા આપે અસંખ્ય કિતાબો લખી છે. એક કથન મુજબ આપના પુસ્તકોની સંખ્યા ૧૯૭ અને એક નોંધ મુજબ આપના પુસ્તકોની સંખ્યાની સંખ્યા આથી પણ વિશેષ છે.

આપ رحمۃ اللہ علیہ ગુજરાતના એ ઉચ્ચ કોટીના આલિમોમાંથી છે કે જેમના ઉપકાર તથા એહસાનને કદાપિ હિંદુસ્તાનનો ઈલ્મપ્રેમી વર્તુળ વિસરી શકે તેમ નથી. આપ ઈમામુદ્દીન તારમી رحمۃ اللہ علیہના શિષ્ય હતા. શર્હે જામીથી લઈ તફસીરે બૈઝાવી સુધી ૨૩ કિતાબોના હાશિયા તથા શરહો આપે લખેલ છે. અમદાવાદથી લઈ લાહોર સુધી આપના શાગિર્દો ફેલાયેલા હતા. આપને ઉસ્તાઝુલ્અસાતિઝાની મહાન પદવી મળી હતી.

## ★ આપના શાગિર્દો ★

કુદવતુલ્વાસિલીન હઝરત સૈયદ શાહ વજીહુદ્દીન અલવી ગુજરાતી عَلَیۡهِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُના વિદ્યાર્થીઓ અને ઉતરાધિકારીઓની સંખ્યા અગણિત છે, જેમાંથી અમુકનાં નામ અહીં દર્શાવેલ છે :–

(૧) હઝરત સૈયદ અહમદ દક્કન (૨) હઝરત મૌલાના અબ્દુલ્હાદી (૩) હઝરત બાયઝીદ થાની સરહિન્દી (૪) હઝરત મૌલાના હુસૈન શીબાની (૫) હઝરત સૈયદ અશરફ બિલ્ગામી (૬) હઝરત શૈખ અહમદ બિન રહમતુલ્લાહ (૭) હઝરત શૈખ શરીફ બિન અઝીઝુલ્લાહ સિદ્દીકી અહમદાબાદી (૮) હઝરત શૈખ ફરીદ મુહદ્દિષ (૯) હઝરત મુલ્લા રહમાન ગુજરાતી (૧૦) હઝરત મૌલાના બુરહાનુદ્દીન ગુજરાતી (૧૧) હઝરત મુફતી અબ્દુર્રહમાન અબ્બાસી (૧૨) હઝરત શૈખ જલાલ બિન ઉષ્માન (૧૩) હઝરત મુહમ્મદ ઉષ્માન (૧૪) હઝરત મૌલાના મુહમ્મદ શફી નૂરાની (૧૫) હઝરત મુહમ્મદ તાહિર બિન યૂસુફ બુર્હાનપૂરી (૧૬) હઝરત સૈયદ ઈલ્મુદ્દીન બુખારી (૧૭) હઝરત શૈખ મૌલાના મુહમ્મદ બુર્હાનપૂરી (૧૮) હઝરત શૈખ મૌલાના મુહમ્મદ દકની (૧૯) હઝરત મૌલાના મુહમ્મદ યાકૂબ પટની (૨૦) હઝરત મૌલાના અબ્દુલ્લતીફ ધોકળવી (૨૧) હઝરત મૌલાના અબ્દુલકય્યૂમ (૨૨) હઝરત મૌલાના બહાઉદ્દીન મુલ્લા અબ્દુન્નબી અહમદ નગરી શાહ (૨૩) હઝરત અબ્દુલ્ફતહ મૌલાના નિઝામુદ્દીન (૨૪) હઝરત મૌલાના ઈબ્રાહીમ દકની (૨૫) હઝરત શૈખ અબૂ સઈદ શત્તારી સરગપૂરી (૨૬) હઝરત સૂફી શરીફ જાનજહાની દુરવેશી (૨૭) હઝરત શાહ કુંજન દુરવેશી (૨૮) હઝરત શાહ શૈખજી દુરવેશી (૨૯) હઝરત શૈખ અબ્દુલઅઝીઝ બિન અબ્દુલકરીમ (૩૦) હઝરત શૈખ હબીબ સૂફી (૩૧) હઝરત શૈખ મટ્ટન (૩૨) હઝરત શાહ ઉવૈસી.

## ★ આપના મહાન પૂર્વજો ★

આપના પૂર્વજ હઝરત સૈયદ કબીરૂદ્દીન યમનના હઝરમૌત શહેરથી હિજરત કરી મક્કા શરીફમાં આવીને વસ્યા જેથી આપ મક્કી કહેવાયા. તેમના ફરઝંદ હઝરત સૈયદ બહાઉદ્દીન મક્કી رحمۃ اللہ علیہ એક દિવસ બૈતુલ્લાહ શરીફમાં મુરાકિબો ફર્માવી રહ્યા હતા. એવામાં આપને હુઝૂર પુરનૂર صلی اللہ علیہ وسلمના દીદાર થયા. આ સમયે હુઝૂર صلی اللہ علیہ وسلمએ હઝરત બહાઉદ્દીન عَلَیۡهِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُને હિંદ આવવા ઈર્શાદ કરતાં કહ્યું કે, "હે ફરઝંદ ! હિંદ દેશ જાવ !" આકા صلی اللہ علیہ وسلمના ઈર્શાદ આગળ સર ઝુકાવી ફર્માન પર અમલ કરવા કમર કસી અને તરત જ

પોતાના ફરઝંદ સાથે મક્કા શરીફની બહાર નીકળ્યા. આપની સાથે આપના અમુક મુરીદો તથા સેવકો પણ હતા. સફર ખેડતા ખેડતા હઝરત બહાઉદ્દીન મક્કી رحمۃ اللہ علیہ ગુજરાતના ઝાલાવાડ વિભાગના "પાટડી" કસ્બામાં તશરીફ લાવ્યા. પાટડીના કાફિર રાજાએ આપના બે ખાદિમોને શહીદ કર્યા. તેમની દફનવિધિ પછી આપ પટ્ટન તશરીફ લાવ્યા. પટ્ટનમાં સુલ્તાન મુઝફ્ફરને પાટડીના રાજાની સઘળી કહાણી રજૂ કરી. તેણે એક લશ્કર આપને સોંપીને પાટડી જીતવા રવાના ફર્માવ્યા અમુક સમય પછી આપે વિજય મેળવ્યો. આપ શરીઅતના પાબંદ હતા. આપની વફાત પછી આપના ફરઝંદ સૈયદ મોઈનુદ્દીન હિદાયતના આસન પર બિરાજ્યા. ગુજરાતના સુલ્તાન મુઝફ્ફર પહેલાએ આપને પાટડીના કાઝી નિમ્યા. તેમના પછી તેમના ફરઝંદ કાઝી સૈયદ અતાઉદ્દીનને બાદશાહ તરફથી વિરમગામ અને પાટડીના ન્યાયધીશના હોદ્દા પર નિયુક્ત કરવામાં આવ્યા. ટૂંકમાં હુઝૂર સૈયદ શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُના પૂર્વજો ગુજરાતમાં તશરીફ લાવતાં જ શરીઅત તથા તરીકતનો માર્ગ મોકળો થવા લાગ્યો.

કુદવતુલ્વાસિલીન વજીહુલ્હક્કે વલમિલ્લતિ વદ્દીન હુઝૂર સૈયદ વજીહુદ્દીન અલવી ગુજરાતી رحمۃ اللہ علیہ મશાહિર મશાઈખે ઈઝામ અને અકાબિરે ફુક્હાએ ઈઝામમાંથી હતા.

### ★ શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વીની ઝબાની ★

અશિઅતુલ્ લમ્આત શર્હે મિશ્કાત (ઉર્દૂ)માં હઝરત અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہના જીવનવૃતાંતમાં લખ્યુ છે કે, "અહમદાબાદમાં હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી, હઝરત શૈખ વજીહુદ્દીન અલવીની ખિદમતમાં હાજર થયા આપનો સહવાસ કેળવી આપથી ફૈઝ પ્રાપ્ત કર્યો. તેઓ પોતાના પ્રખ્યાત પુસ્તક અખ્બારૂલ્ અખ્યારમાં લખે છે, "આપ ઉચ્ચ કોટીના મશાઈખમાંથી છે. બુધ્ધિશાળી અને સદગુણોના ભંડાર સમા છે. દર્સ આપવામાં અને લેખન પ્રવૃત્તિમાં તેમજ લોકોની તર્બિયતમાં જ સમય વ્યતિત કરે છે. આપે કેટલીયે કિતાબો શરહો અને હાશિયા લખ્યા છે તેમનાથી મેં મુલાકાત કરી અને તેમનાથી સિલસિલ એ આલિયા કાદરિયહના કેટલાક અઝકારો અશ્ગાલથી પાવન થયો." *(અશિઅતુલ લમ્આત, પેજ નં ૭૯-૯૦)*

## :: આપની અમુક કરામતો ::

### ★ ગમગુસાર આકા ﷺએ સૈયદ યાસીનને બારગાહે વજીહીમાં મોકલ્યા ★

હઝરત સૈયદ યાસીન قدس سرہ હજજ અને ઝિયારતે નબવીના શૌકમાં ઘરેથી નીકળી અમદાવાદ આવી સરકાર વજીહુદ્દીન رحمۃ اللہ علیہના દીદારનો ફયઝ મેળવી હિજાઝ તરફ રવાના થયા. હજજથી ફારેગ થઈ બારગાહે નબવીમાં હાજરી માટે આવી પહોંચી ઘણી જ નમ્રતા તથા વિનય વિવેકથી આકાની ચૌખટને ઝાડુ આપતા રહ્યા. એક દિવસ આ કામ કરી રહ્યા હતા, એવામાં ખ્યાલ આવ્યો કે, મુલ્કે શામના ફલાણા બુઝુર્ગ પાસે જઈ હકાઈકે ઈલાહી હાસિલ કરું. આ ખયાલ સૈયદ યાસીન સાહબને પેદા થાય છે, ત્યાં જ ગુંબદે ખિદરામાંથી નિદા થઈ :–

હે ફરઝંદ ! તમે વજીહુદ્દીનથી જાહેરી મુલાકાત કરી છે. તમને તેમના બાતિની ભેદોની જાણ નથી, જાવ ! જે મકસદ હશે તે ત્યાંથી જ બર આવશે. અબદકરાર આકા ﷺના ઈર્શાદ પ્રમાણે સૈયદ સાહબ અરબથી હિંદ આવવા રવાના થયા અને જહાઝ પર સવાર થયા. એકાએક જહાઝ ખરાબામાં આવી પડયું. રસ્તો ભૂલાયો.

### ★ ડૂબતું જહાઝ બચાવ્યું ★

નાવિક દરિયાની આંટીઘૂંટીથી સંપૂર્ણ પરિચિત હતો. તેણે કહ્યું, આ દરિયામાં એક પહાડ આવી રહ્યો છે, જેનાથી બચવું મુશ્કેલ છે તો પણ બારગાહે ઈલાહીમાં દુઆ કરવી રહી કે, તે કોઈ ગૈબી મદદથી આપણને આ આફતમાંથી બચાવી લે. આ

પરિસ્થિતિમાં સૈયદ યાસીન સાહબે મુરાકિબો ફર્માવ્યો અને એમાં કશ્ફ થતાં હઝરત શાહ સાહબ વજીહુલ હક્ક્ વ મિલ્લત رحمۃ اللہ علیہ હાજર થઈ ફર્માવી રહ્યા છે : હે યાસીન ! તું સંપૂર્ણ સંતોષ રાખ, અમારી હિમ્મત (ધ્યાન) તારા અને બધા મુસાફરોની સાથે છે. ઈન્શા અલ્લાહ ! જહાઝ સલામતી સાથે પસાર થઈ જશે અને તમે બધા હલાકતથી બચો જશો. સૈયદ સાહબે જહાઝવાસીઓને સંતોષથી રહેવા અને બધાને સલામતી સાથે પાર ઉતારવાની ખુશખબરી આપી, અને જયારે જહાઝ પહાડ નજીક આવ્યું તો બધા જહાઝવાસીઓને એમ લાગ્યું કે, કોઈએ તેને પહાડ તરફથી બીજી બાજુ હટાવી લીધું. જહાઝવાસીઓએ આ હાલત જોતાં સૈયદ સાહબ પાસે વિગત માગી. સૈયદ સાહબે બધી હકીક્ત જણાવી. આ જાણી જહાઝવાસીઓ હઝરતના મુઅતકીદ બન્યા અને આપથી ખુલૂસ રાખ્યો. સૈયદ યાસીન સાહબ જયારે અહમદાબાદ પહોંચ્યા ત્યારે હઝરતની બારગાહમાં હાજર થયા અને બૈઅતની નેઅમતથી મુશર્રફ થઈ થોડીક જ મુદ્દતમાં ખિલાફતની નેઅમતનો પણ શર્ફ હાંસલ કર્યો.

## ★ પગરખાની કરામત ★

એક વખત ફયૂઝે ગંજુર અલ્લામ વજીહુદ્દીન رحمۃ اللہ علیہ પોતાના થોડાક શાગિર્દો સાથે બળદગાડામાં હઝરત ગંજે અહમદ મગરેબી (قدس سرہٗ)ના મઝાર મુબારકની ઝિયારત માટે તશરીફ લઈ જતા હતા. એકાએક એક મસ્ત હાથી, જે મહાવતના કબજામાંથી સરકી જઈ ગાંડોતુર અને તોફાને ચઢયો હતો, ગાડા સામે આવી પહોંચ્યો. રસ્તો સાંકડો હોવાથી ગાડુ આઘુ પાછુ કરવું મુશ્કેલ હતું અને હાથી પણ તોફાને ચઢેલો હતો, આવી હાલતમાં બધાને ગભરામણ છૂટી. આપે એક શાગિર્દ પાસે આપનું પગરખું મંગાવ્યું અને તેને હાથી તરફ ફેક્યું. થોડાક જ કદમ આગળ વધ્યા પછી હાથીનું તોફાન ઓસરી ગયું અને તે પાછળ ભાગી ગયો. આપની આ કરામતે શાગિર્દોના ઈખ્લાસ એઅ્તકાદમાં ઉમેરો કર્યો.

## ★ બાજીગર બાદશાહ બન્યો ! ★

એક વખત સરકારે વજીહુદ્દીન رحمۃ اللہ علیہ પોતાના શાગિર્દોને સબક પઢાવી રહ્યા હતા. ત્યાં એક શોઅબ્દાગર આવ્યો, જે પોતાના વિષયમાં અજોડ હોઈ, કમાલ તમાશા દેખાડવા લાગ્યો. આકાએ નેઅમતે તેને કહ્યું, તું મોટો કમાલ ધરાવે છે અને તેં વિસ્મયયુક્ત તમાશા દેખાડયા ! એમ કહી હુજરા તરફ ઈશારો કરી કહ્યું, જા ગોખલામાંથી કિતાબ લઈ આવ. શોઅબદાબાઝ ઝટ ઉઠી હુજરા તરફ ધસ્યો અને કિતાબ ઉઠાવવા વિચાર્યું, ત્યાં તો એકાએક ન હુજરો છે, ન ગોખલો, ન કિતાબ ! અને પોતે એક વિશાળ મેદાનમાં છે. આ જોતાં બાજીગર ભયભીત બની ગયો, તેને ન સમજાયું કે, આ શું થઈ ગયું ! તે એક જંગલ તરફ ચાલી નીકળ્યો, જયારે થોડે દૂર ગયો ત્યારે તેણે એક મોટું લશ્કર તેના તરફ આવતું જોયું, જેમાં હાથી, ઘોડા, નગારાં, નિશાન બધું જ મૌજૂદ છે. આ જોતાં પેલા બાજીગરને કાંઈક શાંતિ વળી, અને પેલા લશ્કરીઓને મળવા આગળ વધ્યો. ફૌજ પણ નજીક આવતી રહી, આ બધાની આગળ એક હાથી હતો, જેની સૂંઢમાં જવાહરનો એક હાર લટકી રહ્યો હતો. પેલા હાથીએ એ હાર બાજીગરના ગળામાં નાખ્યો. હાર જેવો બાજીગરના ડોકમાં પડે છે, તેવા જ પેલા કાફલાવાળા બાજીગર પાસે દોડી આવ્યા. અને ભેટ સોગાત તેની આગળ ધરવા માંડી, અને તેને બાદશાહીની મુબારકબાદો આપવા લાગ્યા. પેલો બાજીગર તો આ બધું જોઈ છક થઈ ગયો. કોઈને આ અંગે પૂછતાછ કરવાની તેની હિમ્મત ન થઈ.

પેલા કાફલાવાળા તેને શાહી ઠાઠમાઠથી શહેરમાં લાવ્યા અને શાહી પોશાક પરીધાન કરાવી શાહી તખ્ત પર બેસાડી નવેસરથી મુબારકબાદીની રસમો અદા કરી. દરેક માણસ બાજીગર સાથે ખડા થઈ આજ્ઞાપાલનની ઈન્તેઝારી કરવા લાગ્યો. બાજીગરને તો એબી–ગેબી બાદશાહી મળતાં તે તો મોજશોખમાં પડી ગયો અને પોતાની મૂળ હકીક્તથી વિમુખ થઈ ગયો.

કેટલાક દિવસ એશ આરામથી રાજય કરતો

Web: www.barkatekhwaja.net

રહ્યો. ફિક્ર ગમને પોતાની પાસે ફરકવા પણ ન દીધા.

એક દિવસની વાત કે બાજીગર પોતાના સિપાઈઓ સાથે જંગલમાં શિકારે ગયો અને જંગલમાં એક શિકાર પાછળ ઘોડો દોડાવ્યો. શિકાર જંગલ તરફ દોડયો અને બાદશાહ સિપાઈઓથી વિખૂટો થઈ એકલો પડી ગયો. અહીં તેણે જોયું કે, શિકાર કેવો અને જંગલ કેવું ? અહીં તો પેલો હુજરો અને ગોખલો જ છે, જયાંથી થોડા વર્ષો પહેલાં આ દુનિયાથી બીજી દુનિયામાં ગયો હતો. હવે તેને યાદ આવ્યું કે, હઝરતના હુકમથી કિતાબ લેવા આ હુજરામાં આવ્યો હતો. આવી ભાંજગડ અને હેરાનીમાં કિતાબ ઉઠાવી હુજરા બહાર આવ્યો અને હઝરતની રૂબરૂ આવી ધરતી પર ઢળી પડયો. ઐશ ઈશરત ગુમાઈ જતાં હઝરત આગળ ગમ કરવા લાગ્યો. હઝરતે આ જોઈ હળવું સ્મિત કર્યું અને કહ્યું કે, આ બધાનો વિચાર કરી અલ્લાહનો શુક્ર બજાવ અને સમજ કે ટકી રહેનાર કુદરત દરેક ચીજ પર કાબૂ ધરાવે છે.

### ★ પાણી શુદ્ધ કાચ જેવું થઈ ગયું ! ★

આકાએ નેઅમતની વફાતના વર્ષે હૌઝ મુબારકનો પાણીનો રંગ બદલાઈ જતાં, લોકોએ હૌઝ ખાલી કરવા વિચાર કર્યો પરંતુ પાણી બહાર જવાના બાકોરામાં લાકડી ભરાએલી હોવાથી અને તે કોઈ રીતે નીકળવી અશક્ય હોવાના કારણે મુશ્કેલી ઊભી થઈ. એવામાં હઝરત વજીહુલ મિલ્લત رحمۃ اللہ علیہ હૌઝ તરફ તશરીફ લાવ્યા અને જે જગા પર બેસી વુઝૂ ફર્માવતા રહેતા, ત્યાં તશરીફ રાખી પોતાના હાથ મુબારકથી હૌઝમાંથી પાણી લઈ મસ્ત નજરે જોઈ એક વખત હૌઝના પાણી પર છાલક મારી. આ રીતે ત્રણવાર કરતાં હૌઝનું પાણી શુદ્ધ કાચ જેવું થઈ ગયું. આજે પણ આ અમૃત જળ સમા પાણીનો લોકો રોગો પર ઉપયોગ કરી રહ્યા છે. ખાસ કરી કુંદ ઝહન (કમજોર દિમાગ) લોકો, જેમની જીભ પકડાતી હોય, તેવાઓ માટે આ પાણીનો ઉપયોગ શિફારૂપ છે. આ સિવાય પણ બીજા રોગો અને હાજતો માટે પણ ઘણા લોકો આ પાણી લઈ જાય છે, અને ખુશ અકીદગીથી તેનો ફયૂઝ મેળવે છે. આ રીતે આપનો ફયૂઝ જાહેરી જિંદગી જેવો જ આપના વિસાલ પછી પણ હાલતમાં જારી જ છે.

### ★ હૌઝની માટી ★

અબ્દુલ લતીફ ધોલકવી કે જે આપના શાગિર્દ અને મુરીદ હતા. શરૂઆતમાં તેમને ઈલ્મ પ્રાપ્તિમાં ઉણપ રહેતી હતી. એક દિવસ સવારના સમયે ઠંડીના દિવસોમાં મૌલાના હસન ફરાગી હૌઝના કિનારે આવી બેઠા હતા અને અબ્દુલ લતીફ મસ્જિદમાં સબકનો અભ્યાસ કરી રહ્યા હતા. હઝરત ફરાગીએ અબ્દુલ લતીફને સબકની હકીકત પૂછતાં તેમણે કહ્યું, જો હૌઝના તળિયાની માટી ચાટો તો, તમારા પર અભ્યાસનો પ્રકાશ પડી જશે. આ સાંભળતાં જ ધોલકવી હૌઝમાં પડયા, પણ ઠંડીના કારણે મરેલા જેવા બહાર કાઢયા. હઝરતને લોકોએ આ બનાવથી વાકેફ કરતાં ફર્માવ્યું, મૌલાના હસને તો મજાક કરી, પરંતુ અબ્દુલ લતીફના એઅ્તેકાદે તેનો મકસદ બર આણ્યો. તે દિવસથી અલ્લાહ તઆલાએ તેમના પર ઈલ્મ, ઈદારત અને બુદ્ધિની નહેર જારી ફર્માવી દીધી. થોડીક મુદતમાં ઈલ્મનું કામ પૂરું કરી હઝરતની વિદાય લઈ, જયાં આપે ફર્માવ્યું, ત્યાં જઈ પઢાવવાના કામમાં લાગી ગયા. *['ગુલઝારે વજીહ' (સંપાદક : મર્હૂમ ઈસ્માઈલ મુહમ્મદ હાફેઝ નબીપુરી)માંથી સાભાર]*

### ★ વિસાલ મુબારક ★

૮૮ વર્ષની ઉંમરે હિજરી ૯૯૮ મુહર્રમ માસની ૨૯ તારીખે સુબ્હ સાદિકના સમયે આપની વફાત થઈ. શૈખ 'વજીહુદ્દીન'' શબ્દથી આપની વફાતની તારીખ નીકળે છે. આપના અકીદતમંદ એવા અમીર સાદિકખાને આપના મઝાર ઉપર ગુંબદ બનાવેલ છે. આપના વંશજ શૈખ હૈદરે કૂવો અને મસ્જિદ તામીર કરાવી છે. આપનો મઝાર મુબારક ખાનપુરમાં હજારો અકીદતમંદોને ફયઝાને કરમથી માલામાલ કરે છે.

Web. www.barkatekhwaja.net

# મદ્રસાના ફારિગોમાં દઅવતી વિચારધારા તથા કિરદારની જરૂરત અને તેના તકાઝાઓ

હપ્તો : બીજો

અઝ : મૌલાના સાજિદઅલી મિસ્બાહી *(ઉસ્તાઝે જામિઆ અશરફિયા—મુબારકપુર)*

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**દુનિયવી એજ્યુકેશન પામેલ તબક઼ા સુધી દીનની દા'વત પહોંચાડવા માટે મદ્રસાના ફારિગોને કેવી તૈયારીઓની જરૂરત છે ?**

દીનની તબ્લીગના માટે પોતાના વિરોધીઓના મિઝાજ તથા ચિંતનને અનુરૂપ વર્તમાનકાળના બેહતરીન માધ્યમોનો ઉપયોગ અત્યંત જરૂરી છે, કેમ કે દીનની દા'વતના તે તરીક઼ા જે પાછલા દૌરોમાં રિવાજ પામેલ હતા તે એ જમાનાઓના લેહાઝથી ખૂબ જ ઉચ્ચ તથા પ્રગતિ પામેલ હતા, પરંતુ હવે વર્તમાનકાળમાં એનો ઉપયોગ એવો જ છે જેમ કે જંગના મેદાનમાં એટમ બોમ્બ તથા મીસાઈલોના બદલે તલ્વાર તથા ભાલાનો ઉપયોગ કરવો.

આજે દા'વત તથા તબ્લીગના એવાં માધ્યમો શોધાઈ ચૂક્યાં છે જેની મદદ વડે વરસોનું કામ મહિનાઓમાં અને મહિનાઓનું કામ દિવસોમાં પહેલાં કરતાં ખૂબ જ ઉમદા રીતે થઈ શકે છે. એમાં પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા વગેરે ખૂબ પ્રગતિવાળાં સમજવામાં આવે છે. આ સારા મક઼સદના માટે અંગત વેબ સાઈટ, ઈમેઈલ તઅને ઈન્ટરનેટ વગેરેનો ઉપયોગ પણ ઘણો જ ફાયદાકારક છે.

અને એ પણ એક નકારી ન શકાય તેવી હક઼ીક઼ત છે કે આ જમાનામાં દુનિયવી તા'લીમ પામેલ વર્ગની પાસે એટલો સમય નથી કે તે દીની જલસાઓમાં શરીક થાય. અથવા દીની મા'લૂમાત ખાતર મોટી એવી રકમ ખર્ચીને મોટી મોટી ઈસ્લામી કિતાબો ખરીદે અને તેનો અભ્યાસ કરે. આજે તે પોતાના ઘરના ખૂણામાં બેસીને ઈન્ટરનેટ થકી પૂરી દુનિયાની ખબરો હાંસલ કરી રહ્યો છે અને એના થકી દીની મા'લૂમાત પણ હાંસલ કરવી એનો મિઝાજ બની ચૂક્યો છે.

એટલા માટે આજે દીની મદ્રસાઓ માટે જરૂરી થઈ ગયું છે કે તેઓ પોતાના તલબાને જરૂરત મુજબ આ અર્વાચીન માધ્યમોની તા'લીમ તથા કેળવણી આપે અને તેના વપરાશની જે ચીજોની જરૂરત છે એના પર પણ ખૂબ ધ્યાન કરે, જેથી જ્યારે એઓ ફારિગ થઈને અમલના મેદાનમાં ક઼દમ રાખે તો એ અર્વાચીન સાધનો થકી દુનિયવી તા'લીમ પામેલ વર્ગ સાથે એમની બોલીમાં તેમના જ પસંદીદા મેદાનમાં ઉભા થઈને સંબોધન કરી શકે અને તક઼રીર તથા લેખનના સ્વરૂપમાં એમના સુધી ઈસ્લામી તા'લીમાત પહોંચાડી શકે.

મુફક્કિરે ઈસ્લામ અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہએ પોતાના દૌરમાં ક઼લમની મજબૂતી અને પ્રેસની કરિશ્માસાઝી (પ્રિન્ટ મીડિયાની આશ્ચર્યજનક શક્તિ)ની તરફ ધ્યાન દોરતાં ફર્માવ્યું હતું :—

"એક અરસાથી બૂમો પાડી રહ્યો છું કે જીવતા રહેવું હોય તો વિચારવાનો તથા વર્તવાનો અંદાઝ બદલવો પડશે. લોખંડની તલ્વારનો જમાનો ખત્મ થઈ ગયો, હવે ક઼લમની તલ્વારથી, જંગો જીતવામાં આવી રહ્યા છે. પહેલાં કોઈ સીમિત વિસ્તારમાં કુફ્ર તથા ગુમરાહીના માટે વરસો વરસની મુદ્દતની જરૂરત રહેતી હતી અને હવે પ્રેસના થકી કેવળ અમુક કલાકોમાં જ બદ્માશીનું એક વિશ્વવ્યાપી પુર ઉમટી શકે છે. જરા આંખ ઉઠાવીને જુઓ ! આજે

હિંદુસ્તાનનો દરેક ફિર્કો કલમની શક્તિ તથા પ્રેસના માધ્યમ વડે કેટલો સજ્જ થઈ ચૂક્યો છે, એટલો સજ્જ કે તેના હુમ્લાથી આપણા દીનની સલામતી ખતરાની સાથે ટકરાતી જઈ રહી છે. બલ્કે હું અમુક એવી પણ જમાઅતોનો નિર્દેશ કરી શકું છું જેમના વજૂદનો કોઈ આધાર ભૂતકાળમાં નથી મળતો, પરંતુ આટલી અજનબિયતના હોવા છતાં કેવળ કલમના માધ્યના જોરે તે પૃથ્વીના પટ પર તોફાનની જેમ ફેલાતી જઈ રહી છે ! અને તેમનું અજનબી સાહિત્ય સેંકડો વરસની વિશ્વસનીય કિતાબોને અત્યંત ઝડપભેર પાછળ ધકેલતુ જઈ રહ્યું છે.

વૈચારિક મિઝાજના ઘડતરમાં કલમને જે મહત્વ પ્રાપ્ય છે એનાથી ઈન્કાર નથી કરી શકાતો, અને એ હકીકતથી પણ ઈન્કાર શક્ય નથી કે વૈચારિક મજબૂતી વિના કોઈ જમાઅત પણ તોફાનનો સામનો નથી કરી શકતી. પ્રેસનો જ એ કરિશ્મો છે કે ફિત્નો સવારે જન્મ લે છે, બપોર સુધી જવાન થઈ જાય છે અને સાંજ થતાં થતાં આબાદીઓના માટે એક દર્દનાક બીમારી બની જાય છે." *(કારવાને રઈસુલ કલમ, પેજ : ૬)*

આ પરથી જાણવા મળે છે કે હક્ક પ્રતિ દા'વત આપનારાઓએ (દાઈયાને હક્કે) જોઈએ કે તેઓ દરેક જમાનામાં દા'વત તથા તબ્લીગ અને તા'લીમ તથા તર્બિયતના તે તરીકા અપનાવે જે એમના જમાનામાં કામયાબથી અધિક કામયાબ હોય અને જેને અપનાવીને તેઓ પોતાની કોશિશો તથા કાબેલિયતોને વધુથી વધુ લાભદાયી તથા પરિણાત્મક બનાવી શક્તા હોય.

આજે ઈન્ટરનેટે વિશાળ તથા વિસ્તરેલી દુનિયાને એક ગામડુ બલ્કે એક ઘરના સ્વરૂપમાં બદલી નાખેલ છે, હવે માનવીનું કાર્યક્ષેત્ર એક બે શહેર નહીં બલ્કે પૂરી દુનિયા થઈ ચૂક્યું છે, એટલા માટે ઉલમાએ કિરામે જોઈએ કે દીનની દા'વત તથા તબ્લીગના માટે આઈ.ટી. (ઈન્ફોરમેશન એન્ડ ટેક્નોલોજી)ના ઉપયોગની પદ્ધતિ જરૂરથી શીખે.

## અભણ તથા ગામડાની અહલે સુન્નત પબ્લિકમાં દીની જાગૃત્તિના માટે કેવા વ્યુહ તથા કાર્યપદ્ધતિની જરૂરત છે ?

★ અહલે સુન્નતની અભણ તથા ગામડાની પબ્લિકમાં દીની જાગૃતિ લાવવા માટે જરૂરી છે કે વ્યક્તિગત રીતે કે પ્રતિનિધિમંડળના રૂપમાં અમુક અમુક સમયાંતરે તેઓની સાથે તબ્લીગી મુલાકાતો કરવામાં આવે, આ ખાસ સંપર્કની અસર ઘણી લાભદાયી તથા પરિણાત્મક થશે. એના સબબે આપોઆપ તન્ઝીમી વર્તુળો પણ બનતાં જશે અને એનાથી એમનામાં દીની જાગૃત્તિ પેદા કરવામાં ઘણી સરળતા થશે.

★ પરંતુ આ કામ માટે એક પાયાની શર્ત એ પણ છે કે એમના દરમ્યાન દા'વત તથા તબ્લીગના માટે જનારા હઝરાત ઈસ્લામી અખ્લાક તથા કિરદારથી ખૂબ સજ્જ હોય, અને એમનામાં પબ્લિકની સખત કડવી (કટુ) વાણી સહન કરવાની શક્તિ પણ હોય, એટલા માટે કે તે ભોળાભાળા, ખુદાના બંદાઓ મુબલ્લિગોનાં કથનો તથા વર્તાવને પોતાના માટે નમૂનો તથા દષ્ટાંત બનાવે છે, અને ઘણીવાર નાદાનીના કારણે કાંઈક આડુ અવળુ પણ સંભળાવે છે.

★ કદી કદી એમને ભેગા કરીને વઅઝ તથા નસીહત કરવામાં આવે અને એમની અમલી તર્બિયતના માટે વુઝૂ કરીને દેખાડવામાં આવે. જરૂરત જણાય તો એમની પાસે પોતાની સામે વુઝૂ કરાવવામાં આવે, એ જ પ્રમાણે નમાઝ પઢવાનો તરીકો શીખવાડવામાં આવે અને સમજાવવામાં આવે.

★ શરીઅતના હુકમો પર અમલના આખેરતના ફાયદાની સાથોસાથ તેમને દુનિયવી ફાયદાઓ પણ બતાવવામાં આવે અને બુઝુર્ગોની હાલતો તથા બનાવો વડે એનાં દષ્ટાંતો પણ રજૂ કરવામાં આવે, કેમ કે આજે માણસ તાત્કાલિક લાભ પામી લેવાની ફિકરમાં અધિક રહે છે. જ્યારે એને માલૂમ થશે કે શરીઅતના હુકમો પર અમલ કરવાથી તેની કેવળ આખેરત જ બેહતર ન થશે, બલ્કે તેની દુનિયા પણ રોશન તથા ઉજ્જવળ થઈ જશે, તો જરૂર એના દિલમાં આકર્ષણ વધશે.

**ઈસ્લામ તથા સુન્નિયતના ઉપરાંત અન્ય ધર્મો તથા ફિર્કાના લોકોને આપણા દીન તથા મઝહબની તરફ આકર્ષિત કરવા માટે મદ્રસાના ફારિગોને કયા શસ્ત્રો વડે સજ્જ થવાની જરૂરત છે ?**

આ સમયે દા'વત તથા તબ્લીગના વિવિધ ઝરીયાઓ ખૂબ જ કામયાબ છે, પરંતુ એમનામાંથી કયા ઝરીયાને ક્યાં ઉપયોગમાં લેવો એનું નિશ્ચિત થવું મુબલ્લિગના દા'વતી હેતુઓ, તેના સબબો તથા માધ્યમો, શ્રોતાઓની સંખ્યા તથા દા'વતી પયગામના પ્રકાર પર હોય છે.

પણ એ હકીકતથી ઈન્કાર નથી કરી શકાતો કે ઈમાન તથા યકીન, અખ્લાક તથા કિરદાર, મજબૂત ઈરાદો તથા હોસલો, ઈખ્લાસ તથા લિલ્લાહિયત, અને પુખ્તા ઈલ્મની રોશની દરેક મેદાનમાં અનિવાર્ય છે, એના વિના દા'વત તથા તબ્લીગનો કોઈપણ ઝરીયો આપણા માટે અધિક ફાયદાકારક તથા લાભદાયી નથી શક્તો.

★ આજે દુનિયાના અસંખ્ય બુદ્ધિજીવીઓ તથા ચિંતકો દુનિયાના દેશોની સરખામણી કરીને સમીક્ષા કરવામાં સક્રિય છે, એવામાં જો મદ્રસાના ફારિગો ઈસ્લામી માન્યતાઓને આધુનિક એજ્યુકેશનની રોશનીમાં રજૂ કરવાની કલા શીખી લે તો એની મદદ વડે તે એવા લોકોને ઈસ્લામની નજીક કરશે, બલ્કે તેના પર ચાલનાર બનાવી શકે છે.

★ ઈસ્લામ ધર્મ સંબંધે જે ગલતફહમીઓ ફેલાય રહી છે તેની સમીક્ષા કરીને અકલી તથા નકલી દલીલો વડે તેનો યોગ્ય જવાબ આપવામાં આવે અને ઈસ્લામની સહીહ છબી પૂરા જગત સામે રજૂ કરવામાં આવે. એના માટે જરૂરી છે કે મદ્રસાના ફારિગો પોતાની અંદર વર્તમાનકાળની પ્રગતિ પામેલ ભાષાઓમાં લખવા તથા બોલવાની કાબેલિયત પેદા કરે. ઈસ્લામ વિરોધી સાહિત્યોનો બારીક દૃષ્ટિથી અભ્યાસ કરે, ઠોસ તથા મજબૂત દલીલોના આધાર પર વિવિધ ભાષાઓમાં લખાણ તથા તકરીર વડે એ ગલતફહમીઓનું નિવારણ કરે. આ અમલથી એ હઝરાત જરૂરત પ્રભાવિત થશે જેઓ ખરેખર ઈસ્લામને સમજવા ચાહે છે.

★ દરેક દૌરમાં દા'વત તથા તબ્લીગનું કામ કરનારાઓ માટે જરૂરી છે કે તેઓ પોતાના સમયની ચેલેંજ એ તરીકા પર સ્વીકારે જે એમના સમયનો તકાઝો હોય. એટલા માટે આજે મુબલ્લિગો પર લાઝિમ છે કે એવા ઈલ્મો પણ હાંસલ કરે જેનાથી સામનો કરી તેને દફેઅ કરવું શક્ય બને તથા મજબૂત રદિયો આપી શકાય. હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ખુદ એવી તદબીરોને અપનાવી અને દુશ્મનની ચાલોને નિષ્ફળ બનાવી. રિવાયતોથી જાણવા મળે છે કે હુઝૂર રહમતે આલમ ﷺ એ સૈયદના હઝરત ઝૈદ બિન ષાબિત رضی اللہ عنہ ને હુકમ ફર્માવ્યો કે આપ યહૂદીની કિતાબત તથા ખત (લખાણ પદ્ધતિ) શીખે અને તેમની ભાષા તથા શબ્દકોશની જાણકારી હાંસલ કરે. જાણે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ એના થકી યહૂદીઓના પ્રપંચો તથા ધોકાઓથી નજાત પામવાની તદબીર ફર્માવી અને તેમના દગા તથા ફરેબથી છૂટકારાનો માર્ગ સૂચવ્યો.

★ એમની સ્થિતિને અનુરૂપ તેમને હિંદી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં એવી પુસ્તિકાઓ તથા પેમ્ફલેટ પૂરા પાડવામાં આવે જેમાં સહીહ ઈસ્લામી માન્યતાઓ અસરકારક લબો લહેજામાં કલમબંદ કરવામાં આવેલ હોય. તે પુસ્તિકાઓ તથા પેમ્ફલેટ સામાન્ય માણસ સમજી શકે તેવા હોવાની સાથોસાથ દેખાવમાં આકર્ષક પણ હોય કે જેથી તે શોખથી એને પઢે એને એમના દિલની દુનિયામાં રૂહ પરવર ઈન્કિલાબ આવે.

★ અન્ય ધર્મો તથા મઝહબના લોકોમાં દા'વત તથા તબ્લીગના માટે જરૂરી છે કે આપણને તેમના અકીદાઓ તથા માન્યતાઓનો પણ સારી રીતે ઈલ્મ હોય, જેથી મદ્રસાના જે ફારિગો આ ક્ષેત્રમાં ડગ ભરવા ચાહતા હોય તો તેમણે પ્રથમ પોતાના વિરોધીઓના અકીદા તથા માન્યતાઓનો ઈલ્મ હાંસલ કરી લેવો જોઈએ, કેમ કે એ રીતે એમના દિલોમાં ઘર કરવાનો માર્ગ દુરુસ્ત થાય છે.

Web: www.barkatekhwaja.net

કામયાબ મુસલમાનોનું કામ પોતે જ બીમારીની ઓળખ કરવી અને પછી એના માટે યોગ્ય દવા તથા ઈલાજ પૂરો પાડવાનું છે. એમણે એ રાહ ન જોવી જોઈએ કે બીજા લોકો ચાલીને પોતાના ઈલાજ માટે એમની પાસે આવે, બલ્કે તેમણે પોતે જ રૂહાની બીમારોની પાસે જવું જોઈએ, અને તેમના માટે યોગ્ય ઈલાજનો બંદોબસ્ત કરવો જોઈએ. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે : **(અર્થ)** : "અને તમારામાં એક ગિરોહ એવો હોવો જોઈએ કે ભલાઈની તરફ બોલાવે અને સારી વાતનો હુકમ આપે અને બુરી વાતથી મના કરે અને એ જ લોકો મુરાદે પહોંચ્યા." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૦૪)*

**(અર્થ)** : "પોતાના રબની રાહની તરફ બોલાવો (એટલે લોકોને દીને ઈસ્લામની દા'વત આપો) પાકી તદબીર અને સારી નસીહતથી, અને તેમની સાથે એ તરીક઼ા પર ચર્ચા કરો જે સૌથી બેહતર હોય." *(સૂરએ નહ્લ, આ. ૧૨૫)*

**મદ્રસાઓનું બંધારણ તથા કોર્સ (નિસાબ) સર્વ તલબાના માટે એક સરખો હોવો લાભદાયી છે ? કે પછી તેમના મિઝાજ તથા મેઅયાર (કક્ષા)ના પ્રમાણે હોવો જોઈએ ? દા'વતી લક્ષ્ય (દા'વતનો હેતુ) પામવા માટે નિસાબ તથા બંધારણમાં શું ગોઠવણી હોવી જોઈએ ?**

આ એક નકારી ન શકાય તેવી હક઼ીક઼ત છે કે કોઈ મદ્રસાનો કોર્સ તથા બંધારણ ભલે ગમે તેટલું બેહતર કેમ ન હોય તે તમામ તલબાના માટે એક સરખુ લાભદાયી તથા ઉપયોગી નથી થઈ શક્તું, કેમ કે તલબાના મિઝાજ તથા કક્ષા, સમજની દૃષ્ટિ તથા બુદ્ધિમત્તા, ઈરાદા તથા હોસલા, અને સમજ તથા દૃષ્ટિમાં ઘણો તફાવત હોય છે, એ જ પ્રમાણે ભાવિમાં તેમના મક઼સદો તથા લક્ષ્યો પણ અલગ અલગ હોય છે, એટલા માટે અમારા ખયાલમાં મદ્રસાના નિસાબ તથા નિઝામ (કોર્સ તથા બંધારણ)માં તલબાના મિઝાજ તથા કક્ષાનો લેહાઝ થવો જોઈએ.

એની રીત એ થઈ શકે છે કે દરજએ રાબિઆ (મોલ્વિયતના બીજા વર્ષ) સુધી તમામ તલબાના માટે નિઝામ તથા નિસાબ એક સરખો હોય અને આ દરમ્યાન ઉસ્તાદો તલબામાં છુપાયેલ કાબેલિયતોનું નિરીક્ષણ કરતા રહે અને એના પર ગહરી નજર રાખે કે કયા તાલિબે ઈલ્મને ક્યા ફનથી દિલચસ્પી છે, ક્યો તાલિબે ક્યા ક્ષેત્રમાં બેહતર તરીક઼ાથી દીને ઈસ્લામની ખિદમત અંજામ આપી શકે છે, પછી એના લેહાઝથી આગળની તા'લીમનો બંદોબસ્ત કરવામાં આવે.

★ જે તલબાના બારામાં માલૂમ થઈ ગયું કે તે સમજ શક્તિ તથા દીર્ઘ દૃષ્ટિમાં કમીના કારણે ઘણો કામયાબ આલિમે દીન નથી થઈ શક્તો તો તેવાને એક વરસમાં કુર્આને કરીમની કિ઼રાઅત અને બહારે શરીઅત વગેરે ફિક઼્હી કિતાબોથી મસાઈલની ખૂબ જ તા'લીમ તથા તર્બિયત આપવામાં આવે અને પછી અઝાન તથા ઈમામતના માટે તેમને અમલી ક્ષેત્રમાં ઉતારી દેવામાં આવે.

★ જે તલબા સંબંધે એ મહેસૂસ કરવામાં આવે કે તે બેહતરીન મુદર્રિસ બની શકે છે તેવાને એ લેહાઝથી આગળની તા'લીમ આપવામાં આવે, એટલે તેઓ ફઝીલતનો નિશ્ચિત કોર્સ પૂરો કરે, કે તે એમના માટે ઘણો ફાયદાકારક તથા લાભદાયી પુરવાર થશે.

★ જે તલબાનું લક્ષ્ય એ હોય કે તે ફારિગ થયા બાદ પ્રિન્ટ મીડિયા કે ઈલેક્ટ્રોનિક મીડિયાથી જોડાઈને દીને ઈસ્લામની ખિદમત કરશે, તેમને દીની ઈલ્મો તથા વિદ્યા કલાઓની સાથે ઉર્દૂ, અરબી, હિંદી તથા અંગ્રેજી ભાષા તથા સાહિત્યની પણ તા'લીમ તથા તર્બિયત આપવામાં આવે, અને લેખન તથા બયાનમાં પોતાના દિલો દિમાગના વિચારોને પ્રદર્શિત કરવાના માટે સારામાં સારા તરીક઼ાથી તેનું માર્ગદર્શન કરવામાં આવે, જેથી કરીને જ્યારે તે મદ્રસાથી નીકળીને એ ક્ષેત્રમાં ડગ ભરે તો કોઈનો મોહતાજ ન રહે અને પોતાની વાત યોગ્ય તથા અસરકારક અંદાઝમાં દુનિયા સમક્ષ પેશ કરી શકે.

★ એ પ્રમાણે જે તલબાનો હેતુ એ હોય કે તેઓ મદ્રસાથી નીકળ્યા પછી અર્વાચીન મીડિયા થકી ઈસ્લામ ધર્મ પર થનારા હુમ્લાઓનો દિફઅ કરશે અને તેમના વાંધાઓનો લાજવાબ કરી દે તેવા જડબાતોડ જવાબ આપશે, તેમણે દર્સે નિઝામીની પૂર્ણતા પછી એક કે બે વરસ અર્વાચીન પ્રચાર માધ્યમોના સંબંધે તા'લીમ તથા તર્બિયત આપવામાં આવે અને ઈસ્લામ વિરોધી તત્વોની બકવાસોની રોકથામના માટે યોગ્ય હિદાયત તથા માર્ગદર્શન કરવામાં આવે. તેમના બાતિલ ખયાલો તથા માન્યતાઓ પર છાપો મારવાની કળા શીખવવામાં આવે, જેથી જ્યારે અમલના મેદાનમાં ઉતરે તો કેવળ સામનો કરવાની પોઝિશનમાં ન રહે બલ્કે બે કદમ આગળ વધીને કૌમના કહેવાતા શુભેચ્છકો પર એટેક પણ કરી શકે.

આ પ્રમાણે જે તલબામાં જે પ્રમાણેનો ઝૌક તથા શોખ હોય અને જે મેદાનમાં કામ કરવાની બેહતર કાબેલિયત તથા ક્ષમતા જોવા મળે, એમને એ જ કામના માટે તૈયાર કરવામાં આવે, એ માર્ગમાં ઉપસ્થિત થનારી મુશ્કેલીઓનો હલ શોધવામાં આવે, અને મદ્રસાઓમાં એમની બેહતર તા'લીમ તથા તર્બિયતની વ્યવસ્થા કરવામાં આવે.

પણ એના માટે જરૂરી છે કે પ્રથમ જ્ઞાની પુરૂષો, ઈસ્લામી મદ્રસાના સંચાલકો, ઉસ્તાદો તથા સહાયકો આપસમાં બેસીને યોગ્ય દસ્તૂરે અમલ તૈયાર કરે, વિવિધ મદ્રસાઓને વિવિધ ક્ષેત્રમાં કામ કરવાના જિમ્મેદાર બનાવે, કેમ કે દરેક મદ્રસો આ સર્વ કામો અંજામ આપી શકતો નથી, અને ન દરેકની પાસે એટલાં માધ્યમો છે. જેથી જો ભેગા મળીને આ વિવિધ બાબતો પર વિચારણા કરવામાં આવે તો ઈન્શાઅલ્લાહ ! આપણા ફારિગો દરેક ક્ષેત્રે કામયાબ તથા સફળ જોવા મળશે અને આપણા થકી દીને ઈસ્લામની સારામાં સારી ખિદમત અંજામ પામી શક્શે.

આજના હરીફાઈના દૌર તથા હોશ ઉડાડી દેનારા માહોલમાં દુનિયાનું કોઈ ક્ષેત્ર એવું નહીં મળે જેમાં કામ કરવા માટે ટ્રેઈન્ડ હોવું શર્ત ન હોય, અથવા કમસે કમ કામ કરનારાઓને વારંવાર એની ટ્રેનિંગ ન આપવામાં આવતી હોય. પણ અફસોસ ! આપણે ત્યાં સામાન્યતઃ કોઈ કામના માટે ટ્રેનિંગ આપવાની કે ટ્રેનિંગ લેવાની કોઈ જરૂરત મહેસૂસ જ કરવામાં નથી આવતી !

તાલિબે ઈલ્મે જેવો મદ્રસાનો કોર્સ પૂરો કર્યો, અથવા અધૂરો જ છોડીને મેદાનમાં બહાર આવ્યો તો ઈમામત માટે મુસલ્લા પર ઉભો કરી દેવામાં આવ્યો અથવા તકરીર માટે સ્ટેજ પર પહોંચાડી દેવામાં આવ્યો, પઢાવવા માટે કોઈ દર્સગાહમાં બેસાડી દેવામાં આવ્યો, અથવા ફતવા લખવા માટે કોઈ દારુલ ઈફતાની જિમ્મેદારી સોંપી દેવામાં આવી, દા'વત તથા તબ્લીગના માટે તેને નિયુક્ત કરી દેવામાં આવ્યો, અથવા ઈજાઝત કે ખિલાફત આપીને મુરીદોના વર્તુળમાં મોકલી દેવામાં આવ્યો. આ આપણી જમાઅતનો સામાન્ય હાલ છે જેને સૌ કોઈ સારી રીતે જાણે છે.

હવે તમો જ બતાવો કે તર્બિયત (કેળવણી) ટ્રેનિંગ વિના આ સર્વ મહત્વનાં કામો કેટલા ઉમદા તરીકાથી અંજામ પામી શકે છે ? એવું લાગે છે કે આજે આપણા આ જ બેધ્યાનપણાનું પરિણામ છે કે દરેક મેદાનમાં આપણે નિષ્ફળ જઈ રહ્યા છીએ અને પછી આપણી નિષ્ફળતા છુપાવવામાં આપસમાં ટકરાવના શિકાર થઈ રહ્યા છીએ અને આપણો દુશ્મન સામે ઉભો ઉભો હસી રહ્યો છે.

એટલા માટે મુનાસિબ છે કે બને તેટલા જલ્દી આ બાબતોની તરફ પણ ધ્યાન કરવામાં આવે અને મદ્રસાના ફારિગોને અમલના મેદાનમાં ઉતારતાં પહેલાં તેમની ટ્રેનિંગ તથા અમલી તર્બિયતનો પણ યોગ્ય બંદોબસ્ત કરવામાં આવે, જેથી કરીને તે જે ક્ષેત્રમાં પણ કામ કરે તેમાં બેહતર અંદાઝથી પોતાના ફર્ઝો અદા કરી શકે.

**તાખીર કા મોક઼ા ન તઝબ્ઝુબ્ કા મહલ હૈ**
**યહ વક઼્તે અમલ, વક઼્તે અમલ, વક઼્તે અમલ હૈ**



# બાલ મુબારક પર વાંધો દર્શાવનારને જવાબ

**કાર્યાલય**

હુઝૂર ﷺના મૂએ (બાલ) મુબારક જે તે સમયે ખુદ નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ સહાબાએ કિરામને અર્પણ કર્યા હતા તથા સહાબાએ કિરામ તેની અતિશય તા'ઝીમ કરતા હતા જેના બનાવો હદીષની તથા ઈતિહાસની વિશ્વસનીય કિતાબોમાં મહેફૂઝ છે.

## સહાબાએ કિરામની બાલ મુબારકથી અક઼ીદત

મુસ્લિમ શરીફમાં છે કે, ''નબીએ પાક علیہ الصلوٰۃ والسلامએ નાઈને બોલાવી માથુ મૂડાવ્યું. તો એ સમયે સહાબાએ કિરામ ટોળુ વળી ઉભા રહ્યા. ત્યાં સુધી કે આપનો જે બાલ મુબારક અલગ થતો એ કોઈ ન કોઈ સહાબીના હાથમાં જતો.''

આ હદીષથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામ આપના બાલ મુબારકને પામવા પડાપડી કરતા હતા, એટલા માટે કે તેઓ આપના બાલ મુબારકને બાબરકત સમજતા હતા, અને એનાથી બરકત હાંસલ કરવાનો ઈરાદો ધરાવતા હતા, અને એટલા માટે જ એને હિફાઝતથી પોતાની પાસે રાખતા હતા. વળી આપ ﷺએ પણ એની મનાઈ નથી કરી. અને એમાંના જેઓ તથા તેમના વારસો દીનના પ્રચારમાં દુનિયાભરમાં ફેલાયા તો સાથે બાલ મુબારકનો તોહફો પણ લઈને આવ્યા. આ રીતે વિશ્વભરમાં હુઝૂર ﷺના બાલ મુબારક ફેલાય ગયા. **આપણે જો સહાબાના મઝહબ પર ચાલતા હોઈએ તો બાલ મુબારકની તા'ઝીમ કરવી અને તેને બરકતનો સબબ સમજવો, એ યક઼ીન આપણને પણ હોવું જોઈએ.**

હવે જે લોકો બાલ મુબારકને તબર્રુક નથી સમજતા, તેની તા'ઝીમને તથા તેના વસીલાને શિર્ક દર્શાવે છે તે વહાબી દેવબંદી વગેરે આ સહાબાએ કિરામ પર શું ફત્વો લગાડશે ? શું સહાબા પણ શિર્ક શું છે તે ન જાણતા હતા ? (મઆઝલ્લાહ !)

## બાલ મુબારકની ફઝીલત સહાબાની નજરમાં !

હાફિઝુલ હદીષ હઝરત મુહમ્મદ ઈબ્ને સીરીં તાબઈ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને કહ્યું કે મારી પાસે નબી علیہ الصلوٰۃ والسلامનો બાલ મુબારક છે જે મને હઝરત અનસ અથવા એમના ઘરવાળાં તરફથી મળ્યો છે. તો હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ પોતાની અક઼ીદતનો ઈઝહાર આ શબ્દોમાં કર્યો કે :–

**لان تقول عندی شعرۃ منه احب اِلّی من الدنیا ومافیها**

**''મારી પાસે આપ ﷺનો એક મુબારક વાળ હોય તો હું એને દુનિયા તથા દુનિયામાં જે કાંઈ નેઅમતો છે તો સૌ કરતાં અધિક મહેબૂબ જાણુ.''**

અને આ સહાબી બાલ મુબારકને કેમ મહેબૂબ ન જાણે જ્યારે કે શિફા શરીફના લેખક મહાન બુઝુર્ગ ક઼ાઝી અયાઝ رضی اللہ عنہ ફર્માવે છે કે, **''નબી પાક ﷺના શરીર મુબારક સાથે સ્પર્શી રહેલી જમીન એ જન્નત તથા અર્શે ઈલાહી કરતાં પણ અફઝલ છે.''** જ્યારે નબી علیہ الصلوٰۃ والسلامના શરીરના સ્પર્શ થવાથી એ માટીનો આટલો મહાન મર્તબો છે, તો બાલ મુબારક તો નબી કરીમ علیہ السلامના

Web: www.barkatekhwaja.net

સરમુબારકનો હિસ્સો છે ! તેની ફઝીલતનો આલમ શું હશે ?! સુબ્હાનલ્લાહ !

## સહાબા બાલ મુબારકની બરકતથી શિફા પામતા !

બુખારી શરીફની હદીષ છે કે : ''હઝરત ઉષ્માન બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે કે મારી પત્નીનો દસ્તૂર હતો કે ઘરમાં કોઈ બીમાર થાય અથવા નજર લાગે તો પાણીનું પ્યાલુ ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاની પાસે મોકલતાં. એમની પાસે નબીએ પાક ﷺનો બાલ મુબારક હતો જેને એ ચાંદીની ડબ્બીમાં રાખતાં હતાં અને કોઈ બીમારી માટે પાણી લેવા આવતુ તો એમાં ડૂબાડીને આપતાં અને પીનારને તરત જ શિફા મળી જતી.'' (સુબ્હાનલ્લાહ !)

આ રિવાયતથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામ નબી કરીમ ﷺના બાલ મુબારકને તબર્રુક સમજીને રાખતા હતા અને પોતાની બીમારીઓનો ઈલાજ એ જ બાલ મુબારકથી કરતા હતા. હવે જે બદ્અક઼ીદા એ તબર્રુકાતથી ઈલાજ કરવાને શિર્ક કહેતા હોય તેઓનો ફત્વો કોના કોના પર લાગી રહ્યો છે તે વિચારો ?! અને જે ધર્મમાં સહાબા તથા ઉમ્મુલ મો'મિનીન પણ શિર્કના ફત્વાથી ન બચી શકે તે ધર્મ સાચો છે કે જૂઠો ? એ ખુદ નક્કી કરી લો ! અને એ તમને જન્નતમાં લઈ જશે કે જહન્નમમાં એ પણ વિચારી લો !

## તબર્રુકનો વસીલો કુર્આનથી સાબિત

કુર્આનમાં ખુદ રબ તઆલા ફર્માવે છે :–

وَقَالَ لَهُمْ نَبِيُّهُمْ إِنَّ آيَةَ مُلْكِهِ أَنْ يَأْتِيَكُمُ التَّابُوتُ فِيهِ سَكِينَةٌ مِّنْ رَّبِّكُمْ وَبَقِيَّةٌ مِّمَّا تَرَكَ اٰلُ مُوسٰى وَاٰلُ هٰرُوْنَ تَحْمِلُهُ الْمَلٰئِكَةُ ۔ إِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً لَّكُمْ إِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ۔

''બની ઈસ્રાઈલને એમના નબીએ ફર્માવ્યું કે તાબૂતની બાદશાહીની નિશાની એ છે કે તમારી પાસે એક પેટી આવશે જેમાં તમારા રબ તરફથી સુકૂનનો સામાન છે, અને મૂસા અને હારૂન (علیہم السلام)નાં છોડેલ તબર્રુક છે એને ફરિશ્તા તમારી પાસે ઉઠાવીને લાવશે. જો તમે ઈમાનવાળા છો તો એમાં તમારા માટે મહાન નિશાની છે.'' *(સૂરએ બક઼રહ, આ. ૨૪૮)*

આ એક પેટી હતી જે અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત આદમ علیہ السلامને અતા ફર્માવી હતી જેમાં નબીઓની તસ્વીરો હતી. (જે ત્યારની શરીઅતમાં જાઈઝ હતું) એ પેટી એક પછી એક નબીને મળતી રહી. તે ક્રમે ક્રમે હઝરત મૂસા (علیہ السلام) પાસે આવી. બની ઈસ્રાઈલ આ પેટીને સામે મૂકી એનો વસીલો લઈ દુઆ માગતા હતા. અને એ પેટીની બરકતથી એમને કામયાબી મળતી હતી. પરંતુ જ્યારે એમના અમલ બગડવા લાગ્યા તો અલ્લાહ તઆલાએ એમના પર ક઼ૌમે અમાલકાને મૂકી આપી, તેમણે બની ઈસ્રાઈલને હરાવ્યા અને તેઓ એમની પાસેથી એ પેટી લઈ ગયા અને પેટીને નાપાક જગાએ બેઈજ્જતીથી ફેંકી દીધી. અલ્લાહ તઆલાએ આ પેટીની બેઈજ્જતી કરવાની સજામાં એમને જાત જાતની મુસીબતો તથા બીમારીઓમાં નાખી દીધા. એમની પાંચ વસ્તીઓનો વિનાશ થઈ ગયો. બની ઈસ્રાઈલની એક સ્ત્રી એમની સાથે હતી, તેણીએ કહ્યું કે, ''તમારી ઉપર મુસીબત આવવાનો સબબ આ પેટીની બેઈજ્જતી છે.'' ગમે તેમ કરીને આ પેટીને અહીંથી રવાના કરી આપો. એમણે બળદગાડીમાં મૂકીને બળદને હાંકી દીધા તો ફરિશ્તાઓએ બળદને બની ઈસ્રાઈલ સુધી પહોંચાડી આપ્યા. અને એનાથી વસીલો લઈ દુઆ કરી તો અલ્લાહ તઆલાએ તાલૂમતને જાલૂત પર કામયાબી અતા કરી.

એ પેટીમાં હઝરત મૂસા علیہ السلامનો અસા

Web: www.barkatekhwaja.net

(લાકડી) મુબારક, જોડા તથા કપડાં, હારૂન علیہ السلامનો અમામો, લાકડી તથા તૌરાત શરીફની તકતીઓ હતી. જેનો વસીલો લઈ દુઆ કરવાથી કામયાબી મળતી અને આમ કરવાનો સબક્ નબીએ આપ્યો અને એનું બયાન કુર્આનમાં આવ્યું ! હવે વહાબી દેવબંદી વગેરે તબર્રુકને શિર્ક તથા તેને વસીલો બનાવનાર તથા તેની તા'ઝીમ કરનારને મુશ્રિક કહે છે, તો એનો હુકમ આપનાર નબી علیہ السلام તેમજ કુર્આનમાં એનું વર્ણન ભલાઈ સાથે રજૂ કરનાર અલ્લાહ તઆલા વિશે શું કહે છે ? તે રબ જેણે નબીઓને શિર્કને મિટાવવા મોકલ્યા હતા તે નબીઓ તે તબર્રુકને વસીલો બનાવવા, તેની તા'ઝીમ કરવા કહે છે ? તેમના પર શું ફત્વો આપો છો ?! હે કલ્મા ગો ભાઈઓ ! જો કોઈ ભૂલાવામાં આવીને આવા ફિર્કાથી કનેક્ટ થયા હોય તો તેમની અસલિયત સમજો અને એ જહન્નમમાં લઈ જનાર ફિર્કાઓથી અલગ થઈ જાવ ! આવો ! સહાબા કામયાબી માટે શું કરતા હતા તે પણ સમજો !

## સહાબા મૂએ મુબારકને કામયાબીનો વસીલો સમજતા

હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہને કોણ નથી જાણતું ?! આ મહાન સહાબી જેમને સૈફુલ્લાહ (અલ્લાહની તલ્વાર) કહેવામાં આવે છે. આપ ફર્માવતા કે, હું જંગોમાં કામયાબ એ કારણે જ થાઉં છું કે મારી પાસે નબીએ પાક ﷺની પેશાની મુબારકના બાલ મુબારક છે, અલ્લાહ તઆલા એની બરકતથી મારી મદદ ફર્માવે છે. એક વખતનો પ્રસંગ છે કે લડાઈ દરમ્યાન આપની ટોપી જમીન પર પડી ગઈ. આપ લડાઈ છોડીને ઘમસાણની લડાઈમાં ટોપી શોધવા લાગ્યા કે જ્યાં પોતાના તથા સાથીઓના જાનનો પર ખતરો હતો છતાં ટોપી મેળવીને જ રહ્યા અને ટોપી મળતાં જ દુશ્મનો પર હુમ્લો કર્યો અને જીત મેળવી. સાથીઓના પૂછવા પર જવાબ આપ્યો કે, આટલા ખતરામાં ટોપીની ફિકર મને એટલા માટે હતી કે એમાં નબી કરીમ علیہ الصلوۃ والسلامના બાલ મુબારક છે જેની બરકતથી મને દુશ્મનો પર કામયાબી મળે છે, જેને હું મારી જાન કરતાં અધિક મહોબ્બત કરું છું. તેમજ મને ડર હતો કે એ ટોપી દુશ્મનના હાથમાં જાય અને ક્યાંક તેઓ એની બેઈજ્જતી ન કરી બેસે ! તો સર્વ સહાબાએ એ વાત સ્વીકારી. કોઈએ એને શિર્ક નથી કહ્યું !

શું ફર્માવે છે વહાબી દેવબંદી મોલ્વીઓ ! જેઓ તબર્રુકને રાખવા, બરકતી સમજવા તથા તેનો વસીલો બનાવવાને તથા તેની તા'ઝીમને શિર્ક કહે છે તેઓ સૈફુલ્લાહ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہના બારામાં તથા સર્વ સહાબાના બારામાં શું કહે છે ? કે તેમને પણ શિર્કનું જ્ઞાન ન હતું ?! (મઆઝલ્લાહ !)

## બાલ મુબારકની અધિક્તા પર વાંધાનો જવાબ

જ્યારે આ બદ્અક્રીદા વહાબી, દેવબંદી, મૌદૂદી વગેરે પાસે કોઈ જવાબ નથી રહેતો ત્યારે કહે છે કે ચાલો ! તમારી વાત માની લીધી ! પણ શું ખબર કે આ બાલ મુબારક જે શહેરે શહેર દેખાડવામાં આવે છે તે હુઝૂર ﷺના જ બાલ મુબારક છે એની શું ગેરંટી ?! આ રીતે શૈતાની વસવસા આ શૈતાનના ચેલાઓ ફેલાવે છે. તો એના સંબંધે અત્રે અહમદાબાદનો જ બનાવ રજૂ કરીએ છીએ જે ''દારુલ ઉલૂમ શાહે આલમ–જમાલપુર'' ખાતે ઉસ્તાઝુલ ઉલમા, સુલ્તાનુલ વાઈઝીન હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ તદરીસી ખિદમત આપતા હતા ત્યારનો છે તે એમની ઝબાની દિલના કાનો વડે સાંભળો !

''અહમદાબાદનો એક બનાવ મારી જિંદગીની એક ભૂલી ન શકાય એવી દાસ્તાન છે. બારવીં

શરીફના મહિનામાં સામાન્યતઃ અહમદાબાદમાં ઘણી જગાઓ પર મૂએ મુબારકની ઝિયારત કરાવવામાં આવે છે. એકવાર લગભગ દિલ્લી ચકલા કે અન્ય કોઈ જગાએ મૂએ મુબારકની ઝિયારતનો જલ્સો હતો. લોકો ઝિયારત કરી રહ્યા હતા એવામાં અચાનક એક વહાબી અક઼ીદાવાળો નવયુવાન અકળાઈ ઉઠયો અને મહોલ્લાવાળાઓથી માગણી કરી કે આ બાલનું નબી ﷺના મૂએ મુબારક હોવાની શું સાબિતી છે ? હું કેવી રીતે માની લઉં કે આ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જ મુક઼દસ બાલ મુબારક છે ?! થોડી ચર્ચા બાદ લોકો એને મારી પાસે લઈને "દારુલ ઉલૂમ શાહે આલમ"માં આવ્યા. એ નવયુવાને ઘણી બેબાકી તથા ઉધ્ધતાઈની સાથે મારી સાથે વાતચીત કરી અને મને પણ એ જ સવાલ કર્યો કે તમો સાબિત કરો કે અહમદાબાદ શહેરમાં જેટલી જગાએ બાલ મુબારક છે તે ખરેખર હુઝૂર ﷺના જ છે !

એ વખતે કુદરતી તૌર પર મને એ જવાબ સમજમાં આવ્યો કે મેં તેનાથી અતિશય નરમી તથા મહોબ્બતના લહેજામાં પૂછયું કે તમારુ નામ શું છે ? તેણે કહ્યું કે, "અબ્દુલક઼ાદિર." પછી મેં પૂછયું કે તમારા પિતાનું નામ શું છે ? તેણે કહ્યું કે, "અબ્દુલ્લાહભાઈ". હું એક મિનિટ ખામોશ રહ્યો. પછી મેં તેને પૂછયું કે શું તમે અબ્દુલ્લાહભાઈના પુત્ર છો ? તેણે કહ્યું, જી હા ! ફરી એક મિનિટ ચૂપ રહ્યો પછી મેં ફરી તેને પૂછયું કે, "શું તમે અબ્દુલ્લાહ ભાઈના જ પુત્ર છો ?" મારા આ સવાલ પર તે ભડકી ઉઠયો અને ચિલ્લાઈને બોલ્યો કે શું તમે વારંવાર એ જ સવાલ કરો છો કે, "તમે અબ્દુલ્લાહભાઈના જ પુત્ર છો ?!" હું ચૂપ રહ્યો. જ્યારે એનો ગુસ્સો ખૂબ જ તીવ્ર થઈ ગયો તો મેં કહ્યું કે, "હું નથી માનતો કે તમે અબ્દુલ્લાહ ભાઈના પુત્ર હોવ ! તમારી પાસે કયો એવો સબૂત છો કે તમે અબ્દુલ્લાહ ભાઈના જ પુત્ર છો ? જ્યાં સુધી તમે એની સાબિતી નહીં રજૂ કરો ત્યાં સુધી હરગિઝ ! હરગિઝ ! તમને અબ્દુલ્લાહભાઈનો પુત્ર નથી માની શક્તો !" આ સાંભળીને તે ચૂપ થઈ ગયો. હવે મેં ધમકાવતાં તડપીને કહ્યું કે, બોલતા કેમ નથી ?! શું સાબિતી છે કે તમે અબ્દુલ્લાહભાઈના પુત્ર છો ?! છતાં તે ચૂપ રહ્યો, પણ તેનો ચહેરો ઝાંખો પડી ગયો. મેં જ્યારે મહેસૂસ કર્યું કે હવે તે લાજવાબ થઈ ગયો છે, તો મેં જાતે જ તેને કહ્યું કે ભાઈ ! એના સિવાય બીજી શી સાબિતી તમારી પાસે હોય શકે છે કે તમારી માએ બતાવ્યું કે તમે અબ્દુલ્લાહના જ પુત્ર છો. તમારી માના સિવાય તમારા અબ્દુલ્લાહભાઈના પુત્ર હોવા પર દુનિયાભરમાં ન કોઈ ગવાહ છે ન કોઈ સાબિતી ! પણ તમો કેવળ પોતાની માના કહેવા પર તમારા બાપ અબ્દુલ્લાહ જ હોવાનું એટલુ પાકુ યક઼ીન ધરાવો છો કે ખાનએ કા'બાની અંદર માથા પર કુર્આન રાખીને પણ એવું જ કહેશો કે હું અબ્દુલ્લાહનો પુત્ર છું !

તો અઝીઝે મન ! કેવળ એક સ્ત્રીના કહેવા પર તમે માની લીધું અને યક઼ીન કરી લીધું કે તમારા પિતા અબ્દુલ્લાહ છે. તો આજે સેંકડો વરસથી હજારો લાખો મુસલમાનો એવું કહેતા ચાલ્યા આવ્યા છે કે અહમદાબાદના સર્વ મૂએ મુબારક હુઝૂર ﷺના મૂએ મુબારક છે, તો જો આપણે લોકો એ વાતનું યક઼ીન કરી લઈએ કે એ હુઝૂર ﷺના જ પવિત્ર બાલ મુબારક છે તો એમાં વાંધાને ક્યાં સ્થાન છે ? એક સ્ત્રી તો જૂઠ઼ુ પણ બોલી શકે છે, પણ સેંકડો વરસથી હજારો લાખો મુસલમાનના બારામાં એ કેવી રીતે માની લેવામાં આવે કે એ સર્વ જૂઠા છે ?!

મારી જઝબાતથી ભરપુર વાતચીત સાંભળીને તે એટલો તો પ્રભાવિત થયો કે રડી પડયો ! ત્યાં સુધી કે તે મારા ગુથણો પર માથુ રાખીને રડવા લાગ્યો, અને કહ્યું કે હુઝૂર ! હું તૌબા કરું છું કે હવે કદી પણ આ પવિત્ર બાલ મુબારકને જૂઠલાવીશ નહીં, ન એની તૌહીન કે ટીકા કરીશ, અને મને યક઼ીન થઈ

ગયું કે ખરેખર ! હજારો લાખો મુસલમાનોની વાત સેંકડો વરસોથી માની લીધેલી જૂઠી તથા ગલત નથી હોઈ શકતી.

ત્યારબાદ નવયુવાન કહેવા લાગ્યો કે, હુઝૂર ! હજી એક શંકા મારા દિલમાં ઔર છે જે કાંટાની જેમ ખટકી રહી છે તેના બારામાં પણ કાંઈક સમજાવો તો હું આપનો ઘણો આભારી થઈશ, શક્ય છે કે મારી એ શંકા પણ દૂર થઈ જાય. મેં કહ્યું, તે શું છે ? તો કહેવા લાગ્યો કે રહ્‌મતે આલમ ﷺને આ દુનિયામાંથી તશરીફ લઈ જવાને સાડા તેરસો ચૌદસો વરસો વહી ગયાં. આ લાંબા સમયમાં વાળ તો વાળ છે કોઈ હાડકુ પણ પોતાની મૂળ હાલત પર યથાવત સલામત નથી રહી શકતું, તો શું કોઈ વાળ ચૌદસો વરસો સુધી સડયા વગર સલામત પોતાની મૂળ હાલતમાં રહી શકે છે ?!

મેં હેતપૂર્વક તેને જવાબ આપ્યો કે બેટા ! તમે બિલ્કુલ સાચુ કહ્યું. મારા તથા તમારા વાળ સાડા તેરસો, ચૌદસો વરસો તો શું વરસ બે વરસ પણ (મર્યા બાદ) એક હાલત પર સલામત નથી રહી શકતા, પરંતુ હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો ઈર્શાદ છે કે :–

ان اللّٰہ حرم علی الارض ان تاکل اجساد الانبیاء

فنبی اللہ حی یرزق

"અલ્લાહ તઆલાએ જમીન પર હરામ કરી આપ્યું છે કે તે નબીઓના શરીરને ખાય. અલ્લાહના સર્વ નબી ઝિંદા છે અને તેમને રોજી આપવામાં આવે છે." *(મિશ્કાત બાબુલ જુમ્આ, પેજ : ૧૨૧)*

આ હદીષથી સાબિત થયું કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઝિંદા છે, જેથી એમના પવિત્ર શરીરનું સડવું કહોવાવું અશક્ય છે. અને હુઝૂર ﷺના બાલ મુબારક પણ આપના શરીરનો જ ભાગ છે જેથી અલ્લાહ તઆલાએ એ બાલોને પણ એ જ ફઝીલત અતા કરી છે કે શરીરની જેમ સડી શકતા નથી.... *(નવાદિરુલ હદીષ, પેજ : ૨૧૯, અશ્રફિયા મંથલી, જાન્યુ.–૨૦૦૧)*

રબ તઆલા તેના પ્યારા હબીબ ﷺના આપણને તબર્રુકાત પર યક઼ીન રાખવાની, તેની તા'ઝીમ કરવાની તૌફીક઼ અતા ફર્માવે, જેમ કે સહાબાએ કિરામનો પણ એ જ અક઼ીદો હતો, અને એના સદક઼ામાં આપણને દુનિયામાં નેક બનાવે, બંને જહાનની મુસીબતોથી બચાવે અને આપણા સૌની મગફેરત ફર્માવે. (આમીન)


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૪૨૫/–** (ટપાલ ખર્ચ રૂા.૫૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા,

તા. જિ. ભરૂચ, ગુજરાત,

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**ગૌષિયા તકવીમ લેમિનેટેડ**

(કેલેન્ડર ટાઈપ)

*નમાઝોનું ક઼ાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો. (ગ્લેઝ પેપર પર તકવીમના ફક્ત રૂા. ૨૫) **લેમિનેટેડના રૂા. ૩૦૦**

ઠે. રઝવી કિતાબ ઘર, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧


Web: www.barkatekhwaja.net

## બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

### મુસ્લિમ પર્સનલ લોમાં ગવર્નમેન્ટની દખલ વિરૂધ્ધ

### નબીપુરમાં તહફ્ફુઝે શરીઅત કોન્ફ્રન્સ

તા. ૩૦–૧૦–૨૦૧૬ રવિવારે ઝહોર બાદ નબીપુર (તા. જિ. ભરૂચ) મુકામે સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામની સદારત તથા કયાદતમાં યોજાયો. જેમાં નિઝામત હઝરત સૈયદ ગુલામ રસૂલબાવા કારંટવી (પેશ ઈમામ–નબીપુર)એ નિભાવી. તિલાવતે કુર્આન પછી નઅતો મન્કબત બાદ હઝરત મુફતી મોહસિન સાહબ થામવાળા સાહબે તલાક઼ વિશે સમજ આપી હતી તથા લોકોની અજ્ઞાનતાને કારણે કેવા કેવા સવાલો પબ્લિકમાંથી તલાક઼ વિશે પૂછાય છે તે જણાવ્યું હતું અને ગવર્નમેન્ટની પર્સનલ લોમાં દખલને વખોડી કાઢી હતી. ત્યારબાદ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ પર્સનલ લોમાં ગવર્નમેન્ટની છેડછાડ સંબંધે કુર્આન હદીષથી સચોટ દલીલો પેશ કરીને સાબિત કર્યું કે મુસ્લિમ પર્સનલ લો એ અલ્લાહનો બનાવેલો કાનૂન છે કોઈ બંદાનો નથી, જેથી એમાં ફેરફારની વાત કદીય સાંખી લેવાશે નહીં. ખલીફા શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ શૌક઼તઅલી બાવા (કરજણ)એ પણ એ જ વાત પોતાના અંદાઝમાં ડંકાની ચોટ પર કહી હતી. છેવટે હઝરત સૈયદ હમ્ઝા અશરફ અશરફી જીલાની સાહબે ઈસ્લામની ખૂબીઓ તથા ઈસ્લામી કાનૂનની ખૂબીઓ રજૂ કરીને ઈસ્લામી કાનૂનમાં ગવર્નમેન્ટને ચંચૂપાતથી દૂર રહે એવી તાકીદ કરી હતી. સલાતો સલામ દુઆ પર કોન્ફ્રન્સ કામયાબી સાથે સમાપ્ત થઈ હતી. હજારો સુન્ની ભાઈઓ તેમજ બહેનોએ ખાસ હાજરી આપી સહી ઝુંબેશમાં ફોર્મો પર સહીઓ કરી હતી. સ્થળ પર જ ૩૨૦૦ બહેનોની સહીઓ એકઠી થઈ ગઈ હતી. મોહદ્દિષે આ'ઝમ મિશન–નબીપુર તથા મિશન ગુજરાત પ્રદેશના સૌજન્યથી થયેલ કોન્ફ્રન્સમાં પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા) હાફિઝ અ.રહીમ બરકાતી, સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો, ભરૂચ–આમોદ–ટંકારીઆ વગેરે દારૂલ ઉલૂમના ઉસ્તાદો તેમજ આસપાસના ગામોના સાદાત, ઈમામો, ઉલમા, હુફ્ફાઝ તથા જિમ્મેદારોએ ગ્રામ્યજનો સાથે આવી હાજરી આપી હતી. નબીપુર મિશનના પ્રમુખ નિઝામુદ્દીન મેમ્બર તેમજ મિશનના સક્રિય કાર્યકર્તા તથા સંદેશના પ્રેસ રિપોર્ટર ગુલામ હાફેઝ તથા અન્ય સાથીઓની મહેનત દાદને પાત્ર હતા.

---

### ઈન્તેકાલ પુરમલાલ !

**માંગરોલ** : (તા. આમોદ) ખાતે ૭–મુહર્રમ શરીફ હિ.સ. ૧૪૩૮, અંગ્રેજી તા. ૯–૧૧–૨૦૧૬ રવિવારના રોજ યાસ્મીન ગુલામ વલીનો ૨૨ વરસની વયે અકસ્માતે દાઝી જતાં દુઃખદ ઈન્તેકાલ થયો છે.

**નબીપુર** : નિવાસી ઈસ્માઈલ અલીભાઈ કોન્ટ્રાક્ટર (બાબુ કાકા)નો ૮૦ વરસની વયે સોમવાર તા. ૧૨–૧૧–૨૦૧૬ના રોજ લુંબાસી (કોંગો) ખાતે ઈન્તેક઼ાલ થયો. ઓપરેશન માટે હોસ્પિટલમાં દાખલ થયા હતા ત્યાં જ ઈન્તેક઼ાલ થયો છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

Web: www.barkatekhwaja.net